Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક-૬૨
અંક ૫-૬
૧૯૬૫

ફાગણ-ચૈત્ર
વિ. સં. ૨૦૨૧
આ. સં. ૬૯

મહાવીર જયંતિ ખાસ અંક



: પ્રકાશક :
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અહિંસા એક શકિતશાળી અને ન્યાયી શસ્ત્ર છે. આ શસ્ત્ર અજોડ છે. તે ઘાયલ કર્યા વિના કાપે છે અને એ શસ્ત્રનો ઉપયોગ કરનારને ઉમદા બનાવે છે. અહિંસા એક એવી તલવાર છે, કે જે ઘા રુઝાવે છે.

—ડૉ. માર્ટિન લ્યુથર કિંગ




ગ્રામ : "Jahangir" ફોન નં. મીલ : ૨૮૦

બંગલે : ૩૨૮

**ધી ન્યુ જહાંગીર વકીલ મીલ્સ કું. લી.**

મેનેજીંગ એજન્ટસ પોસ્ટ બોકસ નં. ૨


મંગળદાસ જેસીંગભાઈ સન્સ પ્રા. લી. ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

3044

આ સભાના નવા માનવંતા પેટ્રન



શ્રી શરદ્દભાઇ જયંતિલાલ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠ શ્રી શરદભાઇ જયંતિલાલ શાહ

સાહસ, ધૈર્ય અને મહેનતથી આપ બળે જ આગળ વધેલા શ્રી શરદભાઇનો જન્મ ઘોઘારી કુટુંબમાં પ્રખ્યાત શેઠશ્રી ભીખાભાઈ માનચંદ નાણાવટીના સુપુત્ર શ્રી જયંતિલાલને ઘરે સને ૧૯૨૫ અને સંવત ૧૯૮૧ના પોષ શુદી ૬ બુધવારના રોજ થયો હતો.

જ્ઞાનોપાસના અને સંસ્કારથી એક વખત ભાવનગર ખૂબ જ રંગાયેલ હતું. તે અરસામાં સ્વ. શેઠ ઝવેરભાઈ ભાઇચંદ આદિ પાસેથી સ્વ. શેઠ શ્રી ભીખાભાઇ સામાયિક વિગેરે નિયમિત કરતા અને ધાર્મિક જ્ઞાન પણ પ્રાપ્ત કરતા. આ સંસ્કાર તેમના પૌત્ર શ્રી શરદભાઇમાં પણ ઉતર્યા. અત્રેની પાઠશાળામાં સ્વ. માસ્તર શામજી હેમચંદ દેસાઈ પાસે તેમણે ધાર્મિક સાહિત્યનો ઉંડો અભ્યાસ કર્યો હતો; અને ફળસ્વરૂપ બે પ્રતિક્રમણની પરીક્ષા સૂત્ર સાથે ૧૯૩૮માં અને પંચ પ્રતિક્રમણની પરીક્ષા ૧૯૩૯માં શ્રી એજ્યુકેશન બોર્ડ–મુંબઈ તરફથી લેવાતી તેમાં પસાર થયા હતા. તદુપરાંત ભાવનગરમાં હિંદી ભાષાનો પ્રચાર શરૂ થતા તેમણે પ્રારંભિક હિન્દી પરીક્ષા નાની વયમાં ઉત્સાહપૂર્વક પસાર કરી અને તે દિશામાં પ્રારંભ કર્યો હતો. અહિંની વ્યાયામ વગેરેની પ્રવૃત્તિમાં તરવરીયા કુમાર તરીકે તથા સીવીક ગાર્ડમાં જોડાઇ જુદા જુદા કેમ્પો કર્યા હતા. શ્રી વૃદ્ધિચંદ્રજી જૈન સંગીત કળા મંડળમાં તેમના મોટાભાઈ નવીનભાઇ સાથે સભ્ય તરીકે સક્રિય સેવા બજાવી હતી.

ઇ. સ. ૧૯૪૩માં ફક્ત ૧૮ અઢાર વર્ષની નાની વયે જરૂરી અભ્યાસ પૂરો કરી તેઓ વ્યાપાર અર્થે પ્રથમવાર મુંબઇ ગયા હતા. બહુ જ સામાન્ય સંયોગોમાંથી આપબળે શ્રદ્ધાપૂવક આગળ વધી તેમાં સફળતા મેળવી આજે તેઓ ટીન પ્લેટના વેપારની પોતાની એક પેઢી કુશળતાપૂર્વક ચલાવે છે.

જેમ જેમ વ્યાપારમાં ધન મેળવતા ગયા તેમ તેમ કોઇપણ પ્રકારની કીર્તિના મોહ સિવાય તેઓ ગુપ્ત દાનથી પોતાની લક્ષ્મીનો સદ્દવ્યય કરતા રહ્યા છે.

શ્રી શરદભાઇ સરળ હૃદયના અને મળતાવડા સ્વભાવના છે. સદ્ભાગ્યે તેમનાં પત્ની અ. સૌ. નિર્મળાબેન તે ઘોઘાના સ્વ. શેઠ શ્રી જીવણલાલ ધરમચંદના સુપુત્રી પણ સારા ધાર્મિક સંસ્કારો ધરાવે છે, અને શરદભાઇના ધાર્મિક કાર્યોમાં સહકાર આપે છે.

આવા એક ઉત્સાહી અને ધર્મપ્રેમી સદ્દગૃહસ્થનો પેટ્રન તરીકે અમોને સાથ મળ્યો છે તે અમારે માટે આનંદનો વિષય છે. અમે તેમને દીર્ઘાયુષ્ય તથા ધાર્મિક અને વ્યાવહારિક પ્રગતિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠશ્રી નાનચંદ જૂઠાભાઈ દોશી

મધ્ય સૌરાષ્ટ્રમાં અમરેલી પાસે આવેલા ચલાળા ગામે શ્રી નાનચંદભાઇનો જન્મ શેઠશ્રી જૂઠાભાઈ દોશીને ત્યાં વિ. સં. ૧૯૬૯ના ફાલ્ગુન વદી પાંચમના રોજ થયો હતો. તે વખતે તેમની આર્થિક સ્થિતિ સામાન્ય હતી. ત્રીસેક વર્ષ પહેલાં ધંધાની શોધ અર્થે શ્રી નાનચંદભાઈ મુંબઇ ગયા અને ત્યાં સામાન્ય નોકરીથી જીવનની શરૂઆત કરી. ત્યારબાદ ધીમેધીમે પોતામાં રહેલી વ્યાપારી શક્તિનો ઉપયોગ કરતા ગયા અને આપબળે વ્યાપારી ક્ષેત્રમાં આગળ વધતા ગયા. આજે તેઓ પાઇપફીટીંગના ધંધામાં સારી પ્રગતિ કરી રહ્યા છે.

શેઠશ્રી નાનચંદભાઇનો સ્વભાવ સેવાભાવી છે અને સમાજમાં એક નિડર કાર્યકર તરીકે તેઓ પોતાની સેવાઓ આપી રહ્યા છે. ખાસ કરીને શિક્ષણક્ષેત્રમાં તેઓ સારો રસ ધરાવે છે. પાલીતાણાના શ્રી સિદ્ધક્ષેત્ર જૈન શ્રાવિકાશ્રમની મેનેજીંગ કમિટીના સભ્ય તરીકે તથા અમરેલીમાં જૈન બોર્ડિંગના ઉપપ્રમુખ તરીકે આજે પોતાની સેવાઓ સારી રીતે આપી રહ્યા છે. ધાર્મિક કેળવણી તરફ તેઓ ખાસ અભિરૂચિ ધરાવે છે.

તેમનાં ધર્મપત્ની શ્રી લાભકુંવરબેન પણ ધાર્મિક વૃતિવાળા છે અને શેઠશ્રી નાનચંદભાઈ તથા શ્રીમતી લાભકુંવરબેને સાથેસાથે અઠ્ઠાઈ, સિદ્ધાચળની નવાણું યાત્રા તથા અન્ય નાની મોટી તપશ્ચર્યાઓ કરેલી છે. તેમજ પોતાને ત્યાં પ. પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિજીનું ચાતુર્માસ પરિવર્તન કરાવી ગુરુભક્તિ પણ દાખવી છે.


તેમને કીર્તિની સ્પૃહા નથી, પરંતુ ધાર્મિક, સામાજિક વગેરે અનેક કાર્યોમાં પુણ્યાનુબંધી પુણ્યથી મળેલી લક્ષ્મીનો સદ્વ્યય ગુપ્તદાનથી કરતા રહે છે.

આવા એક ધર્મનિષ્ઠ અને કર્તવ્યપરાયણ સદ્‌ગૃહસ્થનો આ સભાને પેટ્રન તરીકે સાથ મળ્યો છે તે બદલ સભા આનંદ અનુભવે છે. અમો તેમને દીર્ઘાયુષ્ય સાથે સર્વ પ્રકારે પ્રગતિ મળે તેમ ઈચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના નવા માનવંતા પેટ્રન



શેઠશ્રી નાનચંદ જુઠાભાઇ દોશી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શાપરીઆ

| બનાવનારા | | બનાવનારા |
|---|---|---|
| બારજીસ | | રોલીંગ શટર્સ |
| લાઇફ બોટસ | | ફાયર પ્રૂફ ડોર્સ |
| ટગ્ઝ | શીપ | રોડ રોલર્સ |
| ડ્રેજર્સ | બીલ્ડર્સ | વ્હીલ બેરોઝ |
| પેસેન્જર વેસલ્સ | અને | રેફયુઝ હેન્ડ કાર્ટસ |
| પોન્ટૂન્સ | એન્જીનીઅર્સ | પેલ ફેન્સીંગ |
| મૂરીંગ બોયઝ | | સેઇ-ચુલાઇટ (સેટલ) |
| બોયન્ટ એપરેટસ વિગેરે | | મેગ્નેટીક સેપરેટર્સ વિગેરે |

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું પ્રા. લી.

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેક્ટર્સ : શ્રી મોહનલાલ ભાણજી શાપરીઆ

શ્રી અમૃતલાલ ભાણજી શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફીસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઇ નં. ૧૫ (ડીડી)
ફોન નં. ૬૦૦૭૧/૨
ગ્રામ : "શાપરીઆ" શીવરી, મુંબઇ

એન્જીનીઅરીંગ વર્કસ અને ઓફીસ
પરેલ રોડ, ક્રોસ લેન
મુંબઇ નં. ૧૨ (ડીડી)
ફોન નં. ૪૦૪૦૮
ગ્રામ : "શાપરીઆ" પરેલ, મુંબઇ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# ક્રાઉન છાપ

PURE ALUMINIUM
THE CROWN

## એલ્યુમિનિયમનાં વાસણો

**સામાન્યત :-**

ભારતમાં બનતાં એલ્યુમિનિયમનાં વાસણોમાં તે સર્વશ્રેષ્ઠ છે. દેખાવમાં મનોહર, સફાઈની દૃષ્ટિએ સરળ અને વપરાશમાં ઓછાં ખરચાળ છે. એ ઘણાં જ મજબૂત અને ટકાઉ છે. છેલ્લી અડધી સદીથી લાખો લોકો વાપરી રહ્યાં છે.

**વિશેષત :-**

તે ઉમદા બનાવટના વિશુદ્ધ એલ્યુમિનિયમમાંથી બને છે. અને આરોગ્ય માટે બિનજોખમી છે.

**તદુપરાંત :-**

તે સસ્તાં છે, સુપ્રાપ્ય છે.

* નિશાળે જતા વિદ્યાર્થી માટે દફતર-પેટી અને હવાઈ મુસાફરી માટે એલ્યુમિનિયમની સુટકેસો વ્યાજબી ભાવે મળી શકે છે.

* ઝાંખી ન પડે તેવી સુંદર અને વિવિધ રંગી-એનોડાઇઝ્ડ એલ્યુમિનિયમની અનેક પ્રકારની વસ્તુઓ સર્વત્ર મળી શકે છે.

# જીવણલાલ (૧૯૨૯) લિમિટેડ

(ક્રાઉન છાપના એલ્યુમિનિયમનાં વાસણો બનાવનાર)

ક્રાઉન એલ્યુમિનિયમ હાઉસ, ૩૨ બ્રેબોર્ન રોડ, કલકત્તા ૧.

મુંબઈ * મદ્રાસ * રાજમહેન્દ્રી * દિલ્હી * એડન


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૬૨મું ] તા. ૧૦ એપ્રિલ ૧૯૬૫ [ અંક ૫-૬

## જિ ન વા ણી

**धर्म**

धम्मो मंगलमुक्किट्ठं
  अहिंसा संजमो तवो ।
देवा वि तं नमंसन्ति
  जस्स धम्मे सया मणो ॥

धर्म उत्कृष्ट मंगल छे. अहिंसा, संयम अने तप ए धर्म छे. जेमनुं मन सदा धर्ममां छे तेमने देवो पण नमन करे छे.

અહિંસ સચ્ચ ચ અતેણગં ચ
  तत्तो य बम्भं अपरिग्गहं च ।
पडिवज्जिया पंच महव्वयाणि
  चरिज्ज धम्मं जिणदेसियं विदू ॥

પંડિત મનુષ્યે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહા વ્રતોને સ્વીકારીને જિન ભગવાને જે ધર્મ ઉપદેશ્યો છે, તે ધર્મનું આચરણ કરવું.

**अहिंसा**

जगनिस्सिएहिं भूएहिं
  तसनामेहिं थावरेहिं च ।
नो तेसिमारभे दंडं
  मणसा वयसा कायसा चेव ॥

જગતમાં રહેલા ત્રસ જીવો વડે અથવા સ્થાવર જીવો વડે પીડા પામવા છતાં ય તેમની ઉપર મનથી, વચનથી કે શરીરથી દંડનો પ્રયોગ ન કરવો.

**सत्य**

अप्पणट्ठा परट्ठा वा
  कोहा वा जइ वा भया ।
हिंसगं न मुसा बूया
  नो वि अन्नं वयावए ॥

પોતાના માટે કે પારકાના માટે, ક્રોધના આવેશમાં કે બીકથી કોઇની હિંસા થાય એવું અસત્ય વચન બોલવું નહીં, અને બીજા પાસે બોલાવવું નહીં.

**જિનવાણી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अस्तेय

उड्ढं अहे य तिरियं दिसासु
तसा य जे थावर जे य पाणा ।
हत्थेहिं पाएहिं य संजमित्ता
अदिन्नमन्नेसु य नो गहेज्जा ॥

ઊંચી, નીચી અને તીરછી દિશાઓમાં ચારે બાજુ જે ત્રસ તેમજ સ્થાવર પ્રાણો છે તે તમામ તરફ હાથ અને પગને સંયમમાં રાખીને વર્તનારાએ બીજાઓ પાસેથી તેમણે નહીં આપેલું એવું કાંઈપણ લેવું નહીં.

ब्रह्मचर्य

अदंसण चेव अपत्थणं च
अचिंतणं चेव अकित्तणं च ।
इत्थीजनस्साऽऽरियज्झाणजुग्गं
हियं सया बंभवए रयाणं ॥

સ્ત્રીઓ તરફ નજર ન કરવી, સ્ત્રીઓનો અભિલાષ ન કરવો અને તેમનું કીર્તન ન કરવું–એ બધું બ્રહ્મચર્યના પાલન માટે તત્પર થયેલા મનુષ્યોને સારૂ સદા હિતરૂપ છે અને આર્તધ્યાન સાધવાની યોગ્ય ભૂમિકારૂપ છે.

अपरिग्रह

चित्तमंतमचित्तं वा
परिगिज्झ किसामवि ।
अन्नं वा अणुजाणाइ
एवं दुक्खा ण मुच्चइ ॥

સજીવ કે નિર્જીવ એવી કાઈપણ ચીજનો પોતે પરિગ્રહ કરીને એ વિષે જે કોઈ બીજાને પણ તેમ કરવાની સંમતિ આપે તો તે, એ રીતે કદી પણ દુઃખથી છૂટો થઈ શકતો નથી.

(આગમગ્રંથો)

卐 卐 卐 卐 卐 卐

## બુદ્ધવાણી

न हि वेरेन वेरानि
सम्मन्तीध कुदाचनं ।
अवेरेन च सम्मन्ति
एस धम्मो सनन्तनो ॥

વૈર વૈરથી કદાપિ શમતું નથી; અવૈર (પ્રેમ)થી વૈર શાંત થાય છે. આ સંસારનો સનાતન નિયમ છે.

अक्कोधेन जिने कोधं
असाधुं साधुना जिने ।
जिने कदरियं दानेन
सच्चेनालिकवादिनं ॥

ક્રોધને અક્રોધથી જીતવો, બુરાઇને ભલાઈથી જીતવી, કંજુસપણાને દાનથી જીતવું અને જૂઠને સત્યથી જીતવું.

सब्ब पापस्स अकरणं
कुसलस्स उपसंपदा ।
सचित्तपरियोदपनं
एतं बुद्धान सासनं ॥

સર્વે પાપકર્મોને ન કરવાં, શુભ કર્મોનો સંચય કરવો અને ચિત્તને શુદ્ધ રાખવું એ બુદ્ધોનો ઉપદેશ છે.

(ધમ્મપદ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાવીર સમતાના પ્રતીક

મૂળ લેખક :- **રિષભદાસ રાંકા**

માનવ-સંસ્કૃતિના વિકાસમાં અનેક મહાપુરુષોએ ફાળો આપ્યો છે, સાધના કરીને અનુભવ પ્રાપ્ત કર્યો છે અને માનવતાનો બોધ આપ્યો છે. આવા મહાન ચિંતકો, વિચારકો અને માર્ગ દૃષ્ટાઓમાંના એક ભગવાન મહાવીર હતા. તેમણે માનવતાના વિકાસ માટે કઠિન સાધના દ્વારા અનુભવ પ્રાપ્ત કરીને સમાજમાં પેસી ગયેલી વિકૃતિઓને દૂર કરી તથા એવું માર્ગદર્શન આપ્યું કે જે અઢી હજાર વર્ષો પછી પણ સંસારની સમસ્યાઓને હલ કરવા માટે એટલું જ ઉપયોગી છે કે જેટલું તે એમના પોતાના સમયમાં હતું. માનવમાં સાચી માનવતા જાગૃત થાય, અને તે પોતાનું જ નહીં પણ બીજાનું પણ ભલું કરવાનો પ્રયત્ન કરે-એવો બોધ આપવાનું કાર્ય લાંબા સમયથી અનેક મહાપુરુષો બધા દેશોમાં ઓછા-વધતા પ્રમાણમાં કરતા રહ્યા છે. ભારતમાં એનું પ્રમાણ વિશેષ રહ્યું છે. અહીં અનેક ચિંતકો, વિચારકો, માર્ગદર્શકો અથવા તીર્થંકરો થયા છે.

ગહન ચિંતનવાળા વિચારકો અને મુનિઓએ જેમનામાં ગુણોનો વિશેષ ઉત્કર્ષ થયો હતો એવા લોકોને ત્યાગમય જીવન વિતાવીને બીજાની સેવાનું-જ્ઞાનપ્રસારનું અથવા શિક્ષણનું કામ સોંપ્યું. જેઓ શક્તિસંપન્ન હતા તેમને નિર્બળોના સંરક્ષણની જવાબદારી સોંપી અને પ્રાણની પણ પરવા કર્યા વગર અન્યાય અને અત્યાચારનો વિરોધ કરવાનો આદેશ આપ્યો. યોગ્ય વ્યક્તિઓને સમાજને માટે ઉપયોગી વસ્તુઓના નિર્માણ અને વિતરણનું કામ સોંપ્યું. બાકીના માણસો એમને સહાય કરે, અને એમની સેવા કરે એવી વ્યવસ્થા કરી. સમાજ હિત માટે વિશિષ્ટ શક્તિઓના ઉપયોગની આ યોજના એવી હતી કે જેથી સમાજવ્યવસ્થા બરાબર જળવાય અને સમાજમાં કોઇ દુઃખી ન રહે. પરંતુ જ્યારે પોતાની શક્તિનો ઉપયોગ અહંકારના પોષણ તથા સ્વાર્થ સાધવા માટે થવા લાગ્યો અને દલિતોની સેવાને સ્થાને અન્યાય તથા અત્યાચાર થવા માંડ્યા, ત્યારે માનવતાપ્રેમીઓને આ વર્ણવ્યવસ્થામાં ઘુસી ગયેલી વિકૃતિઓ પરત્વે દુઃખ થાય એ સ્વાભાવિક હતું. આજથી પચીસ સો વર્ષ પહેલાં આ વિકૃતિના દુષ્પરિણામો સમાજને નિર્બળ બનાવી રહ્યાં હતાં. ગુણની શ્રેષ્ઠતાની જગ્યાએ જન્મગત શ્રેષ્ઠતાએ સ્થાન લીધું હતું.

આ જ પ્રમાણે માંસાહારને મર્યાદિત કરવા માટે યજ્ઞ સિવાયના માંસાહારને નિષિદ્ધ માનવાની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ એ હતો કે યજ્ઞ-કાર્ય જોડે માંસાહારનો સંબંધ જોડી દેવાથી માંસાહાર ઓછો થઇ જશે અથવા લોકો તે કરશે જ નહીં કારણ કે યજ્ઞકાર્ય પવિત્ર કાર્ય છે, શુદ્ધિ અને સેવા માટે કરવામાં આવે છે. પરંતુ જીભની લોલુપતાએ યજ્ઞોમાં પ્રાણીહત્યાને સામાન્ય બનાવીને આ ઉદ્દેશને નષ્ટ કરી નાખ્યો.

એ જ પ્રમાણે ઇશ્વર સંબંધી માન્યતામાં પણ વિકૃતિ આવી ગઇ હતી. એ માન્યતાનો ઉપયોગ પરાવલંબન વધારવામાં થવા માંડ્યો હતો. એ માન્યતામાંથી ગુણવિકાસ અને અહંકાર, ત્યાગની ભાવના નીકળી ગઈ હતી. આત્મવિકાસ અથવા સદ્‌ગુણોપાસના સામાજિક ધર્મને બદલે વ્યક્તિગત સાધનાનું અંગ મનાવા લાગેલ, જેથી જેને આત્મવિકાસ કરવો હોય-પોતાના સદ્‌ગુણોનો વિકાસ કરવો હોય-તેઓ જંગલમાં જઇને કઠોર સાધના કરતા. દેહકષ્ટમાં જ આત્મકલ્યાણ મનાવા લાગ્યું. આવી વિકૃતિના સમયે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભારતમાં અનેક વિચારકો અને મહાપુરુષો થયા જેમણે વર્ણાશ્રમ, યજ્ઞ અને તપસ્યા સંબંધી એવી વ્યાખ્યાઓ આપી કે જે એ સમયના પ્રચલિત આચારોથી વિરૂદ્ધ હતી. એ મહાપુરુષોમાં વ્યાસ, શ્રીકૃષ્ણ, જનક, પાર્શ્વનાથ, યાજ્ઞવલ્કય તથા કપિલ હતા, જેમણે કર્મકાંડની તુલનામાં સદ્‌ગુણોના વિકાસ પર વિશેષ ભાર દીધો, અને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આદિ સદ્‌ગુણોને સામાજિક ગુણો બનાવવાના પ્રયત્નો કર્યા.

આવા સમયમાં પચીસસો વર્ષ પહેલાં વૈશાલીના ઉપનગરમાં મહાવીરનો જન્મ થયો. માતાપિતાએ એમનું નામ વર્ધમાન રાખ્યું. બાળપણથી જ તેઓ નિર્ભય, સદ્‌ભાવનાશીલ, સહૃદય, વડીલોનું માન રાખવાવાળા તથા ચિંતનશીલ હતા. તેમણે બચપણમાં રમતમાં સાપને પકડીને દૂર ફેંકી દીધો હતો. આ નિર્ભયતાને લીધે લોકો તેમને મહાવીર કહેવા માંડ્યા. એમની આ નિર્ભયવૃત્તિ ઉંમરની સાથે સાથે વધતી જ ગઈ.

એમની સહૃદયતાએ તેમને સમાજમાં ફેલાયેલી વિષમતા વિશે વિચારવા માટે પ્રવૃત્ત કર્યા અને તેઓ સમતા વિશે ચિંતન કરવા લાગ્યા. બધાને આત્મવત્ માનવાના ચિંતને એમનામાં વૈરાગ્યનું બીજ રોપ્યું અને પરિણામે એમણે સંન્યાસ લઈ લીધો.

ગૃહત્યાગ પછી એમની સાધનામાં મુશ્કેલી ન નડે એટલા માટે એમના સંબંધીઓ અને સ્નેહીઓએ મહાવીર સાથે કોઈકને રાખવાની વ્યવસ્થા કરવાની ઇચ્છા દર્શાવી પણ તેમણે કહ્યું કે હું જે સાધના કરવા માગું છું એમાં બીજાની મદદ ઉપયોગી થાય તેમ નથી. ગૃહત્યાગ વખતે એમના મનમાં આ પ્રકારનું ચિંતન ચાલી રહ્યું હતું.

બધાં પ્રાણીઓ સુખ ઇચ્છે છે, એને માટે તેઓ પ્રયત્ન કરે છે, પણ તોયે તેઓ તે ભાગ્યે જ મેળવી શકે છે. એનું કારણ એ છે કે મનુષ્ય શરીરને પ્રાધાન્ય આપીને, ભૌતિક સુખોની પાછળ પડીને અને બીજાનાં દુઃખનું કારણ બનીને પોતાના સુખની આશા રાખે છે. સાચું સુખ તો બધા પ્રત્યે સમભાવ રાખવાથી જ મળી શકે છે. બધા પ્રત્યે સમભાવ રાખીને જીવન-ચર્યા ચલાવવી એ શું સંભવે છે? જે આપણને કષ્ટ આપે એના પ્રત્યે સમતાનો વ્યવહાર રાખવો શું સંભવે છે? શું શત્રુને પણ આત્મવત્ માનીને સમતાનો વર્તાવ કરવાની ટેવ પાડી શકાય?

મહાવીર આનો ઉકેલ તર્ક અથવા બુદ્ધિથી નહીં, પણ સ્વયં પોતાના અનુભવથી કરવા માગતા હતા. આને માટે શરીરને કસવાની જરૂર હતી, તેથી તેમણે ગૃહત્યાગ કરીને બાર વર્ષ સુધી દીર્ઘ સાધના કરી, અનેક કષ્ટો વેઠ્યાં અને ઉપસર્ગોને શાંતચિત્તે સહન કર્યા. તેમણે તપ દ્વારા મનને એવું કરી લીધું હતું કે એનાપર ઠંડી, ગરમી કે વર્ષાની કોઈ અસર ન થતી. મચ્છર, ડાંસ વગેરેના દંશ એમને વિચલિત ન કરી શકતા. બીજા તરફથી દેવાતાં કષ્ટોનું મનપર કશું પરિણામ ન આવે એવી મનની અવસ્થા થઈ ગઈ હતી. એમની ચર્યા મહાવરાને લીધે એટલી સહજ બની ગઈ હતી કે બાહ્ય સાધનોના અભાવમાં એમને કોઇ પ્રકારના કષ્ટનો અનુભવ ન થતો.

તેઓ પોતાના સાધનાકાળ દરમ્યાન મોટે ભાગે મૌન રહેતા. જે મળતું તે ખાઈ લેતા. એમનો એ વખતે મોટા ભાગનો સમય ઉપવાસમાં જ વીતતો. તેઓ પોતાનો અધિકાંશ સમય ધ્યાન અને ચિંતનમાં જ વિતાવતા. બીજાને લાક્ષ્ય ન થવું અને તેમને કોઈ પ્રકારનું કષ્ટ ન દેવું એ એમની સાધનાની વિશેષતા હતી.

જે શારીરિક દુઃખો અસહ્ય લાગતાં હોય છે એના પર ટેવ દ્વારા વિજય મેળવી શકાય છે. શારીરિક સુખદુઃખો સાચા આનંદમાં બાધક નથી બની શકતાં. શત્રુ ખરેખર બહાર નથી, પરંતુ આપણી પોતાની આંતરિક બુરાઇઓ અને દુર્ગુણો જ આપણા શત્રુઓ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. એવા બુરાઈઓ પર કાબૂ મેળવીને સદ્‌ગુણોનો વિકાસ કરવાથી જ સાચું સુખ મળે છે. જયારે તેમને આ બાબતની સાચી અનુભૂતિ થઈ, એમનું જ્ઞાન નિર્મળ અને શુદ્ધ થઈ ગયું, પ્રજ્ઞાપર કોઈ આવરણ ન રહ્યું, સાધના પૂરી થઈ ત્યારે જ તેમણે ઉપદેશ દેવાનો શરૂ કર્યો. એમનો ઉપદેશ અનુભવ પર આધારિત હતો તેથી લોકોપર તેનો પ્રભાવ તાત્કાલિક થયો. એમના મુખ્ય શિષ્યો બ્રાહ્મણો જ હતા ! અને એ બ્રાહ્મણ શિષ્યોએ જ એમના ઉપદેશોનો પ્રચાર કર્યો.

એમની સાધના સમતા પર આધારિત હતી તેથી પોતાનો ઉપદેશ બધા સમજી શકે એટલા માટે તેમણે પ્રચલિત લોકભાષામાં જ કર્યો. એમનું કહેવું હતું કે એક સાધારણમાં સાધારણ મનુષ્ય પણ જો પ્રયત્ન કરે તો મહાન બની શકે છે. એટલે પોતાના ભાગ્યના વિધાતા તમે પોતે જ છો. જન્મને કારણે કોઈ ઉચ્ચ કે નીચ નથી. મુંડન કરવા માત્રથી કોઈ શ્રમણ નથી બની જતું, કે ફક્ત ઓંકારના જાપ કરવાથી કોઈ બ્રાહ્મણ બની નથી શકતું. સમતા રાખવાથી શ્રમણ થવાય છે અને બ્રહ્મચર્યના પાલનથી બ્રાહ્મણ. બ્રાહ્મણ એ જ કે જે અનાસક્ત, શુદ્ધ, નિષ્પાપ, રાગ અને ભયથી મુકત ઇંદ્રિયનિગ્રહી, પ્રાણીમાત્ર પ્રત્યે દયાભાવ રાખનાર, સત્યવકતા, લોલુપતાવિહીન, અકિંચન અને અલિપ્ત હોય. બધા પ્રકારના ગુણોથી યુકત હોય એ જ દ્વિજોત્તમ ગણાય. મહાવીરનો ધર્મ વિશિષ્ટ વર્ગ અને જાતિ માટે જ નહીં, પણ બધાંને માટે હતો. એમના શિષ્યસમુદાયમાં અછૂતો અને સ્ત્રીઓ પણ હતાં. એમને સાધના કરવાનો બીજાના જેટલો જ અધિકાર હતો.

મહાવીરનો ઉપદેશ બધા માટે અને હંમેશ માટે ઉપયોગી નિવડે એવો વ્યાપક હતો, કારણ કે વીતરાગી, અનુભવી અને શુદ્ધ પ્રજ્ઞાવાળા જ્ઞાનીઓનાં વચન કલ્યાણકારી જ હોય છે. એમના ઉપદેશોને ગહનતાથી જોઈએ તો આજે પણ એવું અનુભવાય છે. પરિગ્રહ અને શોષણ અહિંસામાં મુશ્કેલી ઊભી કરનાર છે, એમને દૂર રાખવા માટે અપરિગ્રહ અને અસ્તેયને વ્રતોમાં સ્થાન આપવા તેમણે કહ્યું. આગ્રહનાં દુષ્પરિણામોને ટાળવા માટે તેમણે અનેકાંતવાદની ભેટ દીધી. પોતાનું સત્ય પોતાની દૃષ્ટિએ ઠીક હોય તો પણ બીજા પર ન લાદવા કહ્યું. એમણે હંમેશાં પોતાનો ઉપદેશ નિરાગ્રહવૃત્તિથી જ આપ્યો.

આજે વિશ્વ વિષમતા અને શોષણ દ્વારા ત્રસ્ત છે. વિજ્ઞાને હિંસાના એવા પ્રબળ સાધનોનું નિર્માણ કર્યું છે કે જેમની દ્વારા સારાય સંસારનો નાશ થઈ શકે. મોટા મોટા શકિતશાળીઓ પણ ભયથી સંત્રસ્ત છે. જો જગતમાં શાંતિ અને સુખ સ્થાપવું હોય તો અહિંસા સિવાય બીજો રસ્તો નથી. નિરાગ્રહીવૃત્તિ વગર દુનિયાનું ભલું ઇચ્છતા લોકો પણ સંગઠિત થઈને, સહકાર કેળવીને કામ નહીં કરી શકે. એટલા માટે અનેકાંતવાદનું અસ્તિત્વ જરૂરી છે, જેના વગર વ્યાપકતા તથા મધ્યસ્થવૃત્તિ આવી ન શકે. આજની સમસ્યાઓનો ઉકેલ કરવાની શકિત અહિંસા તેમજ અનેકાંતમાં છે એવું વિચારકોનું કહેવું છે. સંસારની સ્ફોટક અને અસ્થિર પરિસ્થિતિમાં ભગવાન મહાવીરનું પુણ્ય સ્મરણ આપણને આપણી સમસ્યાઓને હલ કરવામાં મદદકર્તા થઈ શકે તેમ છે.

હિંદીમાંથી અનુવાદક : કુ. **પ્રતિમા ભટ્ટ**
**એમ. એ.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્ષમામૂર્તિ પ્રભુ મહાવીર

લે. ભાનુમતી દલાલ

આ અવની ઉપર તીર્થંકર પરમાત્માઓ, અવતારી પુરુષો, સંતપુરુષો, ધર્માત્માઓ અને મહાન ઋષિમુનિઓ વિશ્વના કલ્યાણ માટે જન્મ્યા અને અનેકોનું ભલું કરી ગયા, અને એથીજ માનવહૃદયમાં તે મહાપુરુષોનું સ્થાન અમર રહ્યું છે. આ ધરતી ઉપર સત્તાધીશો, અધિકારીઓ કે સામ્રાજ્ય સ્થાપકો પણ આવ્યા ને ગયા. ભલે ઇતિહાસના પાને તેમનાં નામ લખાયાં પણ જનતાએ હૃદયને સિંહાસને તો પરમાત્માને, ત્યાગીઓને, સંતોને કે ધર્માત્માને જ બેસાડ્યા છે

આ કાળના છેલ્લા તીર્થંકર કરૂણાસાગર પ્રેમ–પ્રતિમા શ્રમણ ભગવાન મહાવીરે લોકોના કલ્યાણ માટે જન્મ લીધો અને વિશ્વને શાંતિનો અને મુક્તિનો માર્ગ બતાવ્યો.

ચૈત્ર શુદિ તેરશનો દિન એ પ્રભુ મહાવીરનો જન્મદિવસ છે. તેથી એ દિવસ મહામંગલકારી લેખાય છે અને સરકારે પણ તેને જાહેર તહેવાર તરીકે માન્ય રાખ્યો છે. આ પવિત્ર દિવસની ઉજવણી જૈનોના તમામ ફિરકાઓ ઘણે સ્થળે સાથે મળીને કરે છે અને તે દિવસે પ્રભુના ગુણાનુવાદ, ભક્તિ વગેરે કરી સહુ કોઈ પ્રેમ અને ભક્તિભાવથી શ્રદ્ધાંજલી અર્પે છે.

ભગવાન મહાવીરે માનવજાતિના કલ્યાણ માટે સાડાબાર વર્ષ સુધી અખંડ સાધના કરી. એ સાધના દરમ્યાન દેવોએ, મનુષ્યોએ તેમજ હિંસક પશુ–પક્ષીઓએ આપેલી ભયંકર યાતનાઓ સમભાવે સહન કરી. સંગમદેવ, શૂલપાણી યક્ષ અને ગોશાલકના તીવ્ર ઉપસર્ગો ઉપદ્રવો ખરેખર વાંચતા વાંચનારનાં રૂવાં ઊભા થઇ જાય છે એવા ભયંકર ઉપસર્ગો ક્ષમાના અવતાર સમા એ પ્રભુએ મનથી જરાપણ ગુસ્સો કર્યા વિના સહન કર્યા. પછી વચન અને શરીરથી સામનો કરવાની વાત જ ક્યાં રહી ? ચંડકૌશિકે ક્રોધથી પ્રભુને દંશ માર્યો પણ પ્રભુએ તેના પ્રતિ કરુણા વરસાવી અને પ્રેમ ભરપૂર હૈયે ઉદ્ધારનો માર્ગ દેખાડ્યો. આવાં કષ્ટો સહન કરવા માટે ભગવાને પોતાના મનોબળ અને શરીરને કેટલું કેળવ્યું હશે ?

આ બધા પ્રસંગોમાં પ્રભુ મેરૂપર્વતની જેમ મન, વચન અને કાયાથી અચળ રહેતા. અરે ! પ્રભુની દયા અને કરુણા કેવી ટોચે પહોંચી હતી કે જે જે વ્યક્તિ તરફથી પ્રભુને યાતના અપવામાં આવતી તે વ્યક્તિ ઉપર ગુસ્સો કરવાને બદલે એ વ્યક્તિ માટે એમને ઉલટી દયા ઉભરાતી કે રખે મારા નિમિત્તે કોઇપણ જીવને તકલીફ ન થાય કે દુઃખી થઈ અશુભ કર્મ ઉપાર્જન કરી દુર્ગતિનો અધિકારી ન બને ! એ દયાના કારણે કરૂણાના અવતાર સમા પ્રભુની આંખમાં આંસુ આવી જતાં આ એમની કેવી ઉચ્ચ-પ્રકારની કરુણા અને સાચી ભાવદયા ?

આવી કઠોર સાધનાને પરિણામે અનંતાકાળથી લાગેલા ઘાતીકર્મનાં આવરણોને ભેદીને પ્રભુએ પોતાના આત્માને સંપૂર્ણ દર્શન જ્ઞાન–ચારિત્રથી શુદ્ધ નિર્મળ અને પવિત્ર બનાવ્યો અને અખિલ વિશ્વના ત્રણેય-કાળના સૂક્ષ્મ અને સ્થૂલ બનાવો એકી સાથે જોઇ શકે એવું સંપૂર્ણજ્ઞાન–કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું અને ભગવાન સર્વોત્તમ ચારિત્રવાન બન્યા.

પ્રભુએ આપબળે પુરુષાર્થ, તપશ્ચર્યા, ઉપસર્ગો અને કષ્ટો સહન કરી પોતાના આત્માને પરમાત્મા બનાવ્યો. આપણે પણ પ્રભુના સિદ્ધાંતો મળ્યા. એમનાં વચનામૃતો મળ્યાં છતાં શ્રદ્ધાના અભાવે કે સન્માર્ગે ચાલવાના પુરુષાર્થના અભાવે એમના બતાવેલા માર્ગે આગળ વધતા નથી. નહીંતર પ્રભુના આત્મા જેવો જ આપણો આત્મા છે આપણે પણ સંસારમાં આવી પડતાં કષ્ટો કે યાતનાઓ સમભાવે સહન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરીએ, એમના જેવી તપશ્ચર્યા કરી કર્મમળનો નાશ કરીએ, એમના જેવી સહુ જીવો પ્રત્યે કરુણા, દયા અને મૈત્રીભાવ રાખીએ અને એમના જેવા ગુણો મેળવવાનો પુરુષાર્થ કરીએ તો આપણે પણ એમના માર્ગે ચાલીને એમના જેવા કોઈ જનમમાં પણ થઈ શકીએ. એ માટે જરૂર છે, સમ્યક્દર્શન સ. જ્ઞાન અને સ. ચારિત્રના ગુણો ખીલવવાની અને ક્ષમા, કરુણા, તપ, ધ્યાન અને અપ્રમાદ ભાવ વગેરે ગુણોનું આચરણ કરવાની.

વર્તમાન જીવનમાં માનવના હૃદયને ક્યાંયે શાંત નથી. આજની પરિસ્થિતિ ચારે બાજુથી અકળાયેલી છે. માનવીઓના મનની દશા ચિત્ર-વિચિત્ર અને તંગ બનતી જાય છે. છતાં માનવીની તૃષ્ણા વધતી જ જાય છે. ગમે પણ રીતે પરિગ્રહ વધારતા તે અટકતો નથી. એટલું જ નહિ પણ ખોટી રીતે લાખો મેળવી હજાર દાનમાં આપી અંદરના અહંને પોષે છે. અને સમાજમાં મોટો થઈને ફરવામાં ગૌરવ અનુભવે છે. પણ નીતિમત્તા અને સંસ્કારમાં તે પાછળ પડતો જાય છે. જીવનની સમતુલા જાળવવા પ્રભુ મહાવીરનું જીવન ચક્ષુ સમક્ષ રાખીશું તો અવશ્ય પ્રેરક બનશે.

જીવનને ઉર્ધ્વમાર્ગે લઈ જવું હોય તો પ્રભુએ જે શ્રદ્ધાથી, જે શાંતિથી અને જે સમતાથી સન્માર્ગ અપનાવ્યો અને પછી બોધ્યો તે સહુ કોઈ અપનાવે તો જરૂર તે આત્મકલ્યાણનો અધિકારી બનવા સાથે આત્માને મહાન બનાવી શકશે.

ભગવાન સહુને કહે છે કે "તમારા જીવનના વહેવારોને અહિંસામય બનાવો અને તમારી વાણીને અનેકાંતદૃષ્ટિવાળી એટલે યથાર્થ સત્યવાળી બનાવો તો પરસ્પર સંપ, સંગઠન વધશે અને મૈત્રી ભાવના વિકાસ પામશે અને તમે જીવન જીતી જશો."

## મહાવીર

પૃથ્વી છંદ (સોનેટ)

ધરા ફળ ફૂલે લચે લલિત દેહ નીલાંબરે !
કથે કથન લોક કે 'પરમ આત્મ કો જન્મશે !'

ઝુલે કનક પારણે મધુર ગાય મા ત્રિશલા
ઢળે ચરણ ઇન્દ્ર જ્યાં પુનિત ભાગ્ય શા ભોમના !

વહે જીવન લગ્નનું જનક માત આજ્ઞા શિરે,
છતાં સમય ધ્યાનમાં અનુપ ધ્યેય ના વિસ્મરે;

તજી સકળ દાનમાં વસન એક દીક્ષા સમે,
અહો ! પણ ન તે રહ્યું વન ગયા દિવ્યાંબરે;

તપોબળ અમાપ છે સંયમી શૂરની-
ફળી સતત સાધના અગમ પ્રાપ્તિ કૈવલ્યની

ડુબી અગમ ચિંતને મધ જલે મૌક્તિકો
ધરે જગત સમ્મુખે ગણધરો મહા તત્ત્વ કો

"ન કો અધમ ઉચ્ચ છે, નિયમ કર્મનો જીવને,
મળે પરમ સિદ્ધિ, જો મનુજ ઓળખે આત્મને."

[જૈન યુગમાંથી સાભાર] — **શ્રી મગનલાલ દલીચંદ દેશાઈ**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પંચામૃત

## શ્રમણ ભગવાન મહાવીર પ્રભુની ઉપદેશધારાની અમૃત કણિકાઓ

સંગ્રા. ભાનુમતી દલાલ

(૧) **આત્મા અનાદિ છે** :–આત્મા અનાદિ છે, તેમજ અનંત છે. આત્માની ઉત્પત્તિ પણ નથી અને મરણ પણ નથી આત્મા ત્રણેય કાળમાં શાશ્વત છે.

(૨) **આત્માના ગુણો** :–પ્રત્યેક આત્માના મૂલ સ્વરૂપમાં અનંતજ્ઞાન– અનંતદર્શન– અનંત ચારિત્ર અને અનંત વીર્યના ગુણો રહેલા છે.

(૩) **આત્માનો સ્વભાવ** :–કર્મનો બંધ કરવો, બાંધેલાં કર્મોનાં ફળને ભોગવવા અને એ કર્મફળો ભોગવવા માટે ચોરાશી લાખ જીવયોનિમાં વારંવાર પરિભ્રમણ કરવું. તત્ત્વદૃષ્ટિએ આત્માનો આ સ્વભાવ નથી. પરંતુ વિશ્વના સર્વભાવો જાણવા, જોવા અને પોતાના સ્વરૂપમાં રહેવું એજ મૂલ સ્વભાવ છે.

(૪) **આત્માનું સ્વરૂપ** :–પાણીની સપાટી ઉપર રહેવું પણ તળીએ ન જવું એ જેમ તુંબડીનો સ્વભાવ છે. તેમ વિશ્વના અગ્રભાગે સિદ્ધશિલા ઉપરના ભાગમાં રહેવું અને પોતાના અનંત સ્વરૂપનું અનંત સુખ અનંતકાળ પર્યંત ભોગવવું એજ આત્માનું યથાર્થસ્વરૂપ છે.

(૫) **સાચું સુખ** :–સોનાની સાંકળી, મોતીની માળા, અને હીરાના હાર ભલે ન હોય, સાત અથવા સિત્તોર માળની હવેલી અને તેમાં સુવર્ણનો હિંચકો ભલે ન હોય પણ આત્માનો પોતાનો જ્ઞાન, દર્શન અને ચારિત્રનો અક્ષય ખજાનો જ્યાં વિદ્યમાન હોય ત્યાંજ સાચું સુખ છે.

[તાજેતરમાં બહાર પડેલ પૂ. આ. શ્રી વિજયધર્મસૂરિજી લિખિત પુસ્તિકામાંથી સાભાર]

(૬) **પ્રભુ મહાવીરની સમદૃષ્ટિ** :–

पन्नगे च सुरेन्द्रे च कौशिके पादसंस्पृशि ।
निर्विशेष – मनस्काय: श्री वीरस्वामिने नमः ॥

ચંડ કૌશિકે દ્વેષબુદ્ધિથી પગના અંગુઠામાં ડંખ દીધો અને ઈન્દ્રમહારાજાએ ભક્તિ–ભાવથી ચરણમાં નમસ્કાર કર્યો, આમ પરસ્પર વિરોધી બંને પ્રસંગો છતાં જેમના મન અને કાયા જરાએ અસ્વસ્થ ન બન્યા અર્થાત ચંડકૌશિક નાગ ઉપર નતો રોષ કર્યો અને ઈન્દ્ર ઉપર નતો પ્રસન્ન થયા. બન્ને પ્રસંગોમાં જેઓ સમાન ભાવે રહ્યા એવા વીતરાગ શ્રી વીરપ્રભુને નમસ્કાર હોજો. [યોગશાસ્ત્રમાંથી]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# निःशल्यो व्रती

લે: મનસુખલાલ તારાચંદ મહેતા

જૈન દર્શનમાં વ્રતીના બે વિભાગ દર્શાવ્યા છેઃ (૧) અગારી (૨) અનગાર. અગાર અર્થાત્ ઘર—એટલે કે જેનો ઘર સાથે સંબંધ હોય તે અગારી. અગારી એટલે ગૃહસ્થ. અનગાર અર્થાત્ જેનો ઘર સાથે સંબંધ ન હોય તે–એટલે કે ત્યાગી–મુનિ. જેનામાં વિષય તૃષ્ણા છે તે અગારી, અને જે વિષય તૃષ્ણાથી મુક્ત થયો હોય તે અનગાર. એટલે વ્રતીના આ બે ભેદોમાં જે સાધક વિષયતૃષ્ણાથી મુક્ત થયો હોય તે અનગાર, અને જે વિષયતૃષ્ણાથી મુક્ત ન થયો હોય તે અગારી. અગારી-અનગારી પણાની સાચી કસોટી મૂંડેલા મસ્તક કે વેષના આધારે નથી. પણ વિષયતૃષ્ણાના આધારે છે.

તત્ત્વાર્થ સૂત્રમાં શ્રી. ઉમાસ્વાતિ મહારાજે સાચા અર્થમાં વ્રતી બનવાની ભૂમિકા સમજાવતાં કહ્યું છે કે નિઃશલ્યો વ્રતી અર્થાત્ જે શલ્ય વિનાનો હોય તે વ્રતી સંભવે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહના વ્રતો લેવા માત્રથી વ્રતી બની શકાતું નથી, પણ આવા વ્રતોની સાથોસાથ શલ્યોનો પણ ત્યાગ થવો જોઈએ. શલ્યના મુખ્ય ત્રણ પ્રકારો છેઃ (૧) દંભ, ડોળ કે ઠગવાની વૃત્તિ (૨) ભોગોની લાલસા (૩) સત્ય ઉપર શ્રદ્ધા ન ચોટવી અથવા અસત્યનો આગ્રહ.

શલ્યવાળો આત્મા કોઈ કારણસર વ્રત લે તો પણ તેનામાં શલ્ય બેઠેલું હોવાથી વ્રતપાલનમાં તે એકાગ્ર બની શકતો નથી. પગમાં કાંટો વાગ્યો હોય ત્યારે આપણું મન જેમ કાંટામાં પરોવાયેલું રહે છે, તેમ શલ્યયુક્ત વ્રતધારીનું મન પણ અસ્થિર અને અસ્વસ્થ રહે છે.

પ્રકૃતિની કોઈ પણ ગતિમાં જેને મોહ થતો નથી તેને વિરાગી કહેવામાં આવે છે. આવો માણસ વ્રતી બનવાની લાયકાત ધરાવે છે, કારણ કે તેને જૂની ગતિ, જુના સંસ્કારો પ્રત્યે અણગમો–અભાવ ઉત્પન્ન થાય છે. જુની રીતરસમો અને વૈભવ વિલાસના સાધનોમાંથી તેનો રસ ઊડી જાય છે. પરન્તુ આવો વિરાગી પણ જો શલ્ય રહીત ન થયો હોય તો પ્રાચીન સંસ્કારો અને જુનાં સ્મરણો વખતોવખત તેની પર પ્રબળપણે હુમલો કરે છે, અને ઉર્ધ્વગામી જીવન માર્ગમાં કંટકનું કાર્ય કરે છે. આ સંબંધમાં લક્ષ્મણા સાધ્વીજીની કથા જાણીતી છે. આવા પ્રત્યાઘાતો અને સંઘર્ષો જીવનમાં દરેક સાધકે અનુભવવા પડે છે, અને ધર્મશાસ્ત્રોમાં તેને ઉપસર્ગો તરીકે ઓળખાવ્યા છે. ઉપસર્ગોથી ભય પામવાનું કોઈ કારણ નથી, કારણકે આત્માની ઉર્ધ્વગતિમાં ઉપસર્ગો પણ રસાયણનું કામ કરે છે. પરન્તુ આવા ઉપસર્ગો શા માટે થાય છે, અને ઉપસર્ગો આત્માને ઉર્ધ્વગતિમાં લઈ જવાને બદલે અધોગતિમાં કઈ રીતે ઘસડી જાય છે તેનું રહસ્ય સમજી લેવું જોઈએ. આ રહસ્ય સમજવામાં આવે તો જ ઉપસર્ગોનો વિવેકપૂર્વક સામનો કરી શકાય છે. આ સંબંધમાં ભગવાન મહાવીરના સોળમાં ભવની વાત બહુ સમજવા જેવી છે.

મરિચીના ભવ પછીના કેટલાક ભવો પછી સોળમા ભવે મરિચીના જીવે રાજગૃહ નગરમાં વિશ્વનંદી રાજાના ભાઈ વિશાખાભૂતિની પત્ની ધારિણીને પેટે પુત્ર તરીકે જન્મ લીધો, અને ત્યાં તેનું નામ વિશ્વભૂતિ પાડવામાં આવ્યું. યુવાન અવસ્થા પ્રાપ્ત થતાં બત્રીસ રાજકન્યાઓ સાથે તેનાં લગ્ન કરવામાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવ્યાં, અને તે વૈભવ-વિલાસપૂર્વક રહેવા લાગ્યો.

વિશ્વભૂતિના પિતા વિસાખભૂતિ વિશ્વનંદી રાજાના ભાઇ હતા, અને રાજાને પોતાના ભાઇ પર અથાગ રાગ અને પ્રીતિ હતાં. વિશ્વભૂતિ આ કારણે રાજ્યની બધી ભોગ લક્ષ્મી વિના સંકોચે ભોગવતો, અને રાજાના અત્યુત્તમ ઉદ્યાન પુષ્પકરંડકનો ઉપભોગ પણ કાયમ માટે વિશ્વભૂતિ જ કરતો. રાજકુટુમ્બની કોઇ અન્ય વ્યક્તિને તે ઉદ્યાનમાં પ્રવેશ કરવાની તક પણ ભાગ્યે જ સાંપડતી.

વિશ્વનંદી રાજાની માનિતી રાણી મદનલેખાને નંદી નામે પુત્ર હતો. તે બિચારો અવારનવાર પુષ્પકરંડક ઉદ્યાનમાં રહેવા જવા વિચાર કરતો હતો, પણ તે ઉદ્યાનમાં વિશ્વભૂતિ પડ્યો પાથર્યો જ રહેતો એટલે તેનો ઇરાદો બર ન આવતો.

એક વખત મદનલેખા રાણીની દાસીઓ ઉદ્યાનમાં પુષ્પ લેવા ગઇ, અને તે વખતે નંદી પણ પોતાના રસાલા સાથે ઉદ્યાનના માર્ગે જઇ રહ્યો હતો. પરન્તુ વિશ્વભૂતિ ત્યાં હતો એટલે દાસીઓ પુષ્પ લીધા વિના પાછી ફરી અને નંદીને પણ વીલાં મોઢે પાછું ફરવું પડયું. દાસીઓથી રાજકુમારની આ પરિસ્થિતિ સહન ન થઇ અને તેઓએ મદનલેખાને કાન ભંભેરી ઉશ્કેરી. કૈકયી જેમ દશરથને પ્રિય હતી, તેમ વિશ્વનંદીને પણ મદનલેખા અતિ પ્રિય હતી. મદનલેખાએ રૂસણું લીધું, એટલે રાજાએ વિશ્વભૂતિને ઉદ્યાનમાંથી ખસેડવાનું વચન આપી તેના મનનું સમાધાન કર્યું, અને બળથી નહિ પણ કળથી આ કાર્ય કરવાનો નિશ્ચય કર્યો.

રાજાએ આ બાબતમાં મંત્રીઓ સાથે ચર્ચા કરી અને લશ્કરને સજ્જ કરવા ભેરી વગાડાવી. પ્રયાણ ભેરીનો અવાજ સાંભળી વિશ્વભૂતિ ઉદ્યાનમાંથી તરત રાજદરબારમાં દોડયો અને રાજ્ય ઉપર કોનો હલ્લો આવી પડયો છે તે સંબંધમાં રાજાને પૂછ્યું. રાજાએ તેને કહ્યું કે સીમાડા પરનો પુરૂષસિંહ નામનો માંડલિક ઉદ્ધત થઇ ગયો છે અને પ્રજાને સતાવતો હોવાથી તેને શિક્ષા કરવા તે લશ્કર સાથે કૂચ કરે છે.

આવી ક્ષુલ્લક બાબતમાં રાજાએ પોતે જવું ન ઘટે, અને તે કાર્ય પોતે પતાવી દેશે એમ કહી વિશ્વભૂતિએ સૈન્ય સાથે પ્રયાણ કરવાની આજ્ઞા માગી. રાજાએ રજા આપી એટલે વિશ્વભૂતિ લશ્કર લઇ પુરૂષસિંહના મથક પર જવા નીકળી પડયો. પરન્તુ ત્યાં જઇ તપાસ કરતાં માલૂમ પડયું કે રાજાએ આપેલી માહિતી ખોટી હતી, કારણ કે પુરૂષસિંહનું વર્તન અતિ નમ્ર અને વિવેકપૂર્વકનું હતું.

આ તરફ વિશ્વભૂતિએ સૈન્ય સાથે જેવી કૂચ કરી કે બીજી તરફથી રાજાએ નંદીકુમારને પુષ્પકરંડક ઉદ્યાનમાં રહેવા જવા મોકલી આપ્યો. વિશ્વભૂતિને પાછા ફર્યા બાદ રાજાની યુક્તિ સમજાઇ ગઇ અને તેને ભારે ગુસ્સો આવ્યો. વિશ્વભૂતિ ઉદ્યાનમાં ગયો ત્યારે રાજાની આજ્ઞાનુસાર દ્વારપાળે તેને જણાવ્યું કે ત્યાં તો રાજકુમાર નંદી અંતઃપુર સાથે વિહાર કરે છે માટે તેને પ્રવેશ મળી શકશે નહીં. દ્વારપાળની આવી વાત સાંભળી વિશ્વભૂતિનો મિજાજ ગયો અને પાસેના એક કોઠાંના ઝાડ પર મુઠ્ઠી મારી અને તૂટી પડતાં કોઠાં બતાવીને નંદીના અનુચરોને કહ્યું: 'હરામખોરો, આ કોઠાંની પેઠે હમણાં તમારા માથાં ટપોટપ જમીન પર ગબડાવી શકું તેમ છું, પણ રાજાની આમન્યા આડી આવે છે.'

આમ છતાં વિશ્વભૂતિને રાજા પ્રત્યે ભારે તિરસ્કાર થયો અને સંસારના તમામ સગાં સંબંધીઓ ઉપર વૈરાગ્ય આવી જતાં વિચારવા લાગ્યો; આ દુનિયામાં બધાં જ મતલબનાં સગાં છે! વસ્તુતાએ પોતાનું કોણ છે? નહીં તો વડિલ થઇને રાજા પોતે આમ વર્તે! સંસારના બધા જ ભોગો આવા છે. તેમને મેળવવા તથા ભોગવવા આ પ્રમાણે નિકટનાં સગાંસંબંધી સાથે પણ ઠગાઇ કરવી પડે છે. એ ભોગો જૂઠ, હિંસા, ચોરી આદિ મહા દોષોનું મૂળ છે. તેવા ભોગો ન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભોગવવા એજ હિતકર છે.' અને પછી તો આમ વિચારતાં વિચારતાં તેણે તરત જ સંભૂતિ નામના મુનિ પાસે જઈ સંસારનો ત્યાગ કરી દીક્ષા લઇ લીધી

વિશ્વભૂતિ આદર્શ સાધુ બન્યાં. ધર્મશાસ્ત્રોનો સારી રીતે અભ્યાસ કર્યો, અને તપ દ્વારા શરીરને હાડપિંજર જેવું બનાવી દીધું. એક મુક્કીથી કોઠી પરના તમામ કોઠાં ખેરવી પાડનાર વિશ્વભૂતિ મુનિ હવે તો પ્રાણીમાત્રને જરાપણ ઇજા ન કરવાના વ્રતવાળા બન્યાં.

પાણીમાં પડેલો કચરો તળીએ જામી જતાં ઉપરથી પાણી સ્વચ્છ અને નિર્મળ દેખાય છે, પણ એજ પાણીને આમતેમ ફેરવતાં નીચે પડેલો કચરો જેમ પાણી સાથે મળી જઈ પાણીને ડહોળું બનાવી દે છે, તેમ માનવીમાં પણ કામ ક્રોધ તાત્કાલિક ગમે તેટલા દબાઇ ગયેલા હોય તો પણ તેના સૂક્ષ્મ સંસ્કારને નિર્મળ કરવા એ કાર્ય ભારે દુષ્કર છે. કઠિન તપશ્ચર્યા દ્વારા શરીર ગમે તેટલું તવાય પણ ચિત્તના સૂક્ષ્મ રસો કેમેય સુકાતા નથી. મધુર સ્વર, સુંદર રૂપ, સુગંધી પુષ્પ, મિષ્ટ પદાર્થ અને સુકોમળ સ્ત્રી–આ પાંચ વિષયો છે, તેઓ ઇંદ્રિયને મળે નહિ, અર્થાત્ કાનને સુસ્વર મળે નહિ, આંખને સુરૂપ મળે નહિ, રસનાને અનુકૂળ પદાર્થ મળે નહિ, ત્યારે તો **વૃદ્ધા નારી પતિવ્રતા** જેવું થાય છે, પણ આનું નામ આત્મસંયમ કહેવાય નહિ. ઇંદ્રિયના સારા વિષયો પર રાગ ન થાય અને ખરાબ વિષયો પર દ્વેષ ન થાય એજ સાચો આત્મ સંયમ છે.

મહાવ્રતધારી વિશ્વભૂતિના જીવનમાં એક પ્રસંગ એવો બન્યો અને તેના તપ સંયમનો ભૂક્કો થઇ ગયો. મુનિરાજ વિશ્વભૂતિ એક વખતે મથુરામાં વિચરતા હતા, અને તે દિવસોમાં તેમનો પૂર્વનો હરિફ નંદીકુમાર (વિશ્વનંદી રાજાનો પુત્ર જેના માટે વિશ્વભૂતિને પુષ્પ-કરંડક ઉદ્યાન મરજીયાત નહિ પણ ફરજીયાત છોડી દેવું પડેલું) મથુરા નરેશની રાજપુત્રી સાથે લગ્ન કરવા જાનૈયાઓ સાથે ત્યાં આવ્યો હતો. માસખમણના પારણા અર્થે ભિક્ષા લેવા મુનિરાજ વિશ્વભૂતિ રાજમાર્ગ પરથી જઇ રહ્યા હતા. નંદીકુમારના અનુચરોએ વિશ્વભૂતિને તરત ઓળખી લીધા અને નંદીકુમારને બોલાવી વિશ્વભૂતિને પાદવિહાર કરતા બતાવ્યા. વિશ્વભૂતિને જોતાં નંદીકુમારને તેની અગાઉની દાદાગીરી યાદ આવી ગઇ. એટલામાં કોઇ ગાયની અડફટમાં વિશ્વભૂતિ આવી જતાં, તે ઉછળીને દૂર ગબડી પડ્યાં. નંદીકુમાર આ દૃશ્ય જોઈ મોટેથી હસી પડ્યા અને ટોણો મારતાં બોલ્યા: "કેમ ભાઇ કોઠાં તોડ! તારી મુઠીનું જોર ક્યાં ગયું, જે આવી નમાલી ગાયની અડફટથી આમ રસ્તા પર ગુલાંટો ખાવી પડે છે!"

નંદીકુમારની આવી કર્કશ અને કટાક્ષભરી વાણી સાંભળતાં વિશ્વભૂતિના તમામ પ્રાચીન સંસ્કારો ઉદ્દીપન થયા. મહા તપસ્વી અને સંયમી હોવા છતાં શલ્ય રહિત ન થયા હોવાના કારણે વિશ્વભૂતિએ પોતાના મગજની સમતુલા ગુમાવી અને ગુસ્સામાં આવી જઇ બધાના દેખતાં પેલી ગાયને શીંગડાં વડે ઉપાડી તેને માથા ઉપર વીંઝીને આકાશમાં ઊંચે ઉછાળી. તીવ્ર ક્રોધના આવેશમાં વશ થઇને એ ક્રિયા કરતી વખતે મનમાં ને મનમાં તેણે દૃઢ સંકલ્પ કર્યો કે: 'મેં આજ સુધી આચરેલા કઠોર તથા મહાન તપનું કાંઈ ફળ હોય, તો આવતા જન્મમાં આ નંદીકુમારનું મારા હાથે મૃત્યુ થાઓ.' મહાન તપસ્વીઓનાં સંકલ્પો સિદ્ધ થયા વિના રહેતા નથી. અને ભગવાન મહાવીરના અઢારમા ભવમાં તેના હાથે જ નંદીકુમારના જીવનું સિંહસ્વરૂપે મૃત્યુ થયું.

આ ઉપરથી સમજી શકાશે કે કામ ક્રોધ તાત્કાલિક ગમે તેટલા દબાઇ જાય, પરન્તુ તેમના સૂક્ષ્મ સંસ્કારનો જડમૂળથી નાશ કરવા એ ભારે મુશ્કેલ છે, મહા તપસ્વી, સંયમી અને ત્યાગી જીવોને પણ કામ, ક્રોધ, મોહ માયારૂપી શલ્યોએ ઉંચેથી નીચે પછાડ્યાં છે. જાતિમદ, લાભમદ, કુળમદ, ઐશ્વર્યમદ, બળમદ, રૂપમદ, તપમદ, અને શ્રુતમદ પણ એક પ્રકારનાં શલ્યો છે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને હરિકેશી મુનિ, સુભૂમ ચક્રવર્તી, મરિચી, દશાર્ણભદ્ર, બાહુબલિ, સનતકુમાર, કુરગડુ અને સ્થૂલીભદ્રજીના દાખલાઓ સુપ્રસિદ્ધ છે.

વ્રતી બનવા માટે શાસ્ત્રમાં શલ્યોનો ત્યાગ કરવાનું જેમ લખ્યું છે, તેમ આવાં શલ્યોથી વિમુક્ત બનવા માટેનો માર્ગ પણ બતાવવામાં આવ્યો છે કે આત્મા અનાદિ છે, કોઈને કોઈ પોતાનું નથી અને કોઇ પારકું નથી. કોઇ શત્રુ નથી અને કોઇ મિત્ર નથી; દેહની આકૃતિ અને (તેમાં રહેલાં) પરમાણુઓ સ્થિર નથી તો પણ તેમાં તું સમતા કેમ રાખતો નથી?[1]

ઉત્તરાધ્યયન સૂત્ર[2]માં કહ્યું કેઃ 'બીજો કોઇ મારા ઉપર કાબૂ રાખે અને તે મારે સહન કરવું પડે તે કરતાં તો હું જ મારી જાત ઉપર પોતે કાબૂ રાખું અને પ્રાપ્ત પરિસ્થિતમાં પણ પુરુષાર્થની અજમાયશ સાથે પ્રસન્નભાવે રહું એ વધારે ઉત્તમ છે.'

ગીતા[3]માં કહ્યું છે કેઃ 'સુખદુઃખને, લાભ-અલાભને તથા જય પરાજય વગેરે પરિસ્થિતિઓને સમાન ગણીને અને પરમેશ્વરની ઇચ્છાને વશ થઇને પ્રવૃત્તિ કરનારો મનુષ્ય પ્રાકૃત દુઃખ કે સુખથી કદી મૂંઝાતો નથી તેમ હરખાતો પણ નથી.'

શ્રી બુદ્ધ શલ્ય કાઢવાનો ઉપાય સમજાવતાં કહ્યું છે કેઃ "જે મનુષ્ય પ્રદિષ્ટ મન રાખીને પ્રવૃત્તિ કરશે અને વારંવાર સામાના દોષો જ જોયા કરશે કે 'આણે મને ગાળ દીધી,' 'મને માર્યો,' 'મને હરાવ્યો,' આમ વારંવાર યાદ કરતો રહેશે તે માણસની પાછળ, જેમ ગાડીએ જોડેલા બળદની પાછળ પૈડું ચાલતું જ રહે છે તેમ દુઃખ ચાલતું જ રહેવાનું છે; અને જે મનુષ્ય પ્રસન્ન મન રાખીને પ્રવૃત્તિ કરશે તથા પોતાના અંતરમાં જ જોયા કરશે અને 'બીજાએ શું કર્યું' તે બાબત વિચાર કરવો છોડી દેશે તે માણસને, જેમ તેનો પડછાયો કદી છોડી જતો નથી તેમ, સુખ કદી છોડતું જ નથી."[4]

શ્રીમદ્ આનંદઘનજી મહારાજે શાંત જીવના લક્ષણો દર્શાવતાં કહ્યું છે કેઃ—

માન અપમાન ચિત્ત સમ ગણે,
સમ ગણે કનક પાષાણ રે;
વંદક નિંદક સમ ગણે,
ઇસ્યો હોય તું જાણ રે ॥

સર્વ જગજંતુને સમ ગણે,
સમ ગણે તૃણ મણિ ભાવ રે;
મુક્તિ સંસાર બેહુ સમ ગણે,
મુણે ભવજલ નિધિ નાવ રે ॥

આપણો આતમ ભાવ જે,
એક ચેતના ધાર રે;
અવર સવિ સાથ સંજોગથી.
એહ નિજ પરિકર સાર રે ॥[5]

---

૧ અધ્યાત્મ કલ્પદ્રુમ ૧-૨૩ ૨ અધ્યયન ૧-૧૬
૩ ભગવદ્ગીતા અ. ૨-૩૮
૪. ધમ્મપદ-યમકવર્ગ ગાથા ૧-૩.
૫. ભગવાન શાંતિનાથનું સ્તવન ગાથા ૯-૧૦ ૧૧.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીર

શ્રી ફતેહચંદ ઝવેરભાઈ

મહાવીર પરમાત્માનું જીવન વિશાલ સાગરરૂપ છે તેમાંથી યત્કિંચિત્ ગુણોના બિંદુઓ આપણે ગ્રહણ કરી પવિત્ર થઈએ. જેમ એક દીપકમાંથી અનેક દીપકો પ્રકટી શકે છે, તેમ પરમાત્મા મહાવીર પાસે કેવલજ્ઞાનરૂપ દીપક હતો તેમાંથી તેમણે ગણધર મહારાજાઓરૂપ દીપકો પ્રકટાવ્યા. કેવલજ્ઞાનના બિંદુરૂપ દ્વાદશાંગીનું જ્ઞાન એમણે જગત સમક્ષ મૂક્યું અને તે જ્યોતિ કાલક્રમે ઓછી થતાં થતાં અગિયાર અંગો અને અન્ય ચોત્રીશ આગમોમાં જળવાઈ. શ્રીમાન્ હરિભદ્રસૂરિ તથા શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય વિગેરે, શ્રીમદ્ યશોવિજય અને આચાર્ય મહારાજ, ઉપાધ્યાયજી અને સાધુજનોરૂપ અનેક દીપકો થયાં છે. તેમણે એ જ્યોત અનેક ગ્રંથદ્વારા જલતી રાખી છે જેનો લાભ વર્તમાન સમાજ લઈ રહ્યો છે અને યથાશક્તિ અલ્પાંશ પણ પોતામાં દીપકની જ્યોતિ પ્રકટાવી રહ્યો છે. શ્રી મહાવીર પ્રભુના દીપકો આચાર્ય મહારાજ મશાલરૂપે આજ સુધી જલાવી રહ્યા છે.

પ્રથમ એ પ્રશ્ન થાય છે કે પરમાત્મા મહાવીર તીર્થંકર કેમ બન્યા? આ અવસર્પિણી કાળમાં તેવીશ તીર્થંકરો જગત્ના જીવોના ઉદ્ધાર અર્થે થયા પછી એમનો જન્મ પણ તીર્થંકરરૂપે કેમ થયો? શ્રી હરિભદ્રસૂરિકૃત યોગબિંદુમાં ખાસ હકીકત છે કે– આ સંસારમાં સર્વ કલેશોથી સર્વ જીવોનો મન વચન કાયાથી યોગાવંચકપણે ઉદ્ધાર ઇચ્છનાર આત્મા તીર્થંકર બને છે, જ્ઞાતિ અને સંઘનો ઉદ્ધાર ઇચ્છનાર ગણધર બની શકે છે અને પોતાનો જ ઉદ્ધાર ઇચ્છનાર સામાન્ય કેવળી બને છે. શ્રીમદ્ ઉમાસ્વાતિ વાચકે પણ તત્ત્વાર્થમાં **भावितभावो भवेष्वेतेषु केषु जज्ञे ज्ञातेक्ष्वाकेषु सिद्धार्थनरेंद्रकुलदीप** :–એ શ્લોકદ્વારા અનેક જન્મોમાં શુભ સંસ્કારના પરિપાકરૂપે વિશ્વદીપક શ્રી મહાવીર પ્રભુના જન્મને વર્ણવ્યો છે. આ તત્ત્વમાંથી આપણે આ દુર્લભ મનુષ્ય જન્મમાં શુભ સંસ્કારો પાડ્યા કરવા એ બોધ લેવાનો છે.

આ આત્મા સંયોગવશાત્ કઈ સ્થિતિએ પહોંચે છે, કેવાં કેવાં દુઃખ અનુભવે છે, જીવનવિકાસના માર્ગમાં આવ્યા છતાં કેવી રીતે અધઃપતનના ઊંડા ખાડામાં પટકાઈ જાય છે અને પછી કેટલો પુરુષાર્થ અને કેવું અપૂર્વ વીર્ય ફોરવી સંપૂર્ણ ઉન્નતિના શિખરે પહોંચે છે, એ દૃષ્ટાંત શ્રી મહાવીર પ્રભુનું મુખ્ય અને અદ્ભુત છે. નયસારના ભવમાંથી તીર્થંકરપણું પ્રાપ્ત કર્યું ત્યાં સુધીના દરેક મુખ્ય ભવો–જન્મો એમના જીવનમાંથી મનનપૂર્વક સમજવાથી આપણા આત્માને આહ્લાદ ઉત્પન્ન થાય છે. સંસારમાં અનેક જીવો જન્મે છે અને મૃત્યુ પામે છે તે તો સામાન્ય ક્રમ છે, તેનો ઉહાપોહ હોતો નથી, પરંતુ વિપત્તિના પહાડ તૂટી પડ્યા હોય, મરણાંત કષ્ટો–ઉપસર્ગો એક પછી એક આવતા હોય અને એક વખત ઉન્નતિના શિખરે ગયા પછી અધઃપતનના ખાડામાં પડવું પડ્યું હોય છતાં હિમ્મતપૂર્વક અને અડગપણે કોઈની પણ દયાની ભિક્ષા માગ્યા વગર, દેવ કે ઇંદ્રની સહાયની અપેક્ષા રાખ્યા વગર, આર્ત્ત ધ્યાન અને રૌદ્રધ્યાન કર્યા વગર ઉપસર્ગ કરનાર પાપી વ્યક્તિઓ ઉપર પણ અનુકંપા ચિંતવીને પોતે પૂર્વે કરેલાં કર્મોના ફળ સમજી, તેને બહાદુરીથી ભોગવી, ઉન્નતિ અને દિવ્ય આધ્યાત્મિક જીવન જીવી સંસારના અનેક પ્રાણીઓનું કલ્યાણ કરી મુક્તિસ્થાનમાં પધાર્યા હોય તેવું મહાન અને પ્રભાવશાળી જીવન વીરપરમાત્માનું છે. આ રીતે પોતાના આત્માનો સંપૂર્ણ વિકાસ સાધી ઉન્નતિના શિખરે ચડનાર આત્માઓ જ મહાપુરુષો અને વિશ્વવંદ્ય બને છે.

શ્રી મહાવીર દેવના જીવનમાં પ્રત્યેક આત્માની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેમ પૂર્વે અનેક જન્મો થઇ ગયા પરંતુ ગણત્રીવાળા સત્તાવીશ ભવોમાં નયસારના ભવમાં સમ્યકત્વપ્રાપ્તિ તેમના આત્માને થાય છે. પછી શ્રી આદિનાથ પ્રભુના વખતમાં એમના પુત્ર ભરત ચક્રવર્તીના પુત્ર મરીચિ તરીકે જન્મે છે, જ્યાં નિકાચિત નીચ ગોત્રનું ઉપાર્જન કરે છે. અહીંથી એમના આત્માનું અધઃપતન થાય છે, તે પતન ત્યાંથી નહિ અટકતાં સમ્યકત્વ નાશ અને ઘણી સંસારવૃદ્ધિ થાય છે. કૌશિક, પુષ્પમિત્ર, અગ્ન્યુદ્યોત, અગ્નિભૂતિ, ભારદ્વાજ આ મુખ્ય પાંચ ભવોમાં ભિક્ષુ કુળમાં જન્મ દારિદ્રપૂર્ણ છે અને મિથ્યાત્વનો ઉદય થાય છે. ઘણા ભવોમાં ફરી અજ્ઞાન કષ્ટો, તપો વિગેરે કરે છે. વચ્ચે વચ્ચે દેવભવો પ્રાપ્ત કરે છે. ઘણા ભવો ભમ્યા પછી પૂર્વ પુણ્ય ઉદયથી રાજગૃહીના યુવરાજ વિશાખભૂતિના પુત્ર વિશ્વભૂતિ તરીકે મરીચિનો જીવ જન્મ લે છે. અહીં રાજપાટ છોડી સંયમ લે છે. ત્યાં ચારિત્રબળે ખૂબ ત્યાગ ને તપશ્ચર્યા આદરે છે અને વિશુદ્ધ ચારિત્રથી આત્માને શુદ્ધ કરી, સમ્યગ્દર્શનથી પોતાના આત્માને સુવાસિત બનાવે છે, પરંતુ ઐહિક સુખની લાલસાએ અહીં નિયાણું બાંધી ચારિત્રને પાણીના મૂલ્યે વેચે છે. નિયાણાવડે ત્રિપૃષ્ઠ વાસુદેવ થાય છે અને શય્યાપાલકના કાનમાં સીસું રેડાવે છે અને નવું અશુભ કર્મ ઉપાર્જન કરે છે જેનો ઉદય શ્રી તીર્થંકરના ભવમાં થતાં કાનમાં ખીલા ભોંકતા અસહ્ય વેદના શાંત રીતે ભોગવી છૂટે છે. તે ભવ પછી મહાવિદેહમાં ચક્રવર્તીપણે જન્મે છે, ત્યાં સંસાર ત્યાગ કરી કર્મોને ખપાવે છે અને તેમના આત્માને સાધક દશામાં લાવી મૂકે છે. દેવભવ સિવાય તીર્થંકરના ભવમાં ચારિત્રનો ઉદય થયા કરે છે. મહાશુક્ર દેવલોકમાં દેવાયુષ પૂરું કરી છત્રા નગરીમાં નંદ નામના રાજપુત્રપણે જન્મે છે, ત્યાં સંયમ લઈ વીશ સ્થાનક તપનું આરાધન કરી તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરે છે. ત્યાંથી દશમા દેવલોકમાં જઇ ચોવીશમા તીર્થંકરપણે છેલ્લો ભવ કરે છે. સંયમ લીધા પછી અનેક ઉપસર્ગો ઉત્પન્ન થાય છે તે સહન કરી છેવટે કેવળજ્ઞાન–કેવળદર્શન પ્રાપ્ત કરી અનેક જીવોનું કલ્યાણ કરી મુક્તિ પામે છે. એમના જીવનમાંથી માતાપિતાની ભક્તિ, બંધુપ્રેમ, ક્ષમા, અહિંસા, વીરતા વગેરે અનેક આદર્શો આપણને મળે છે.

મહાન પુરુષોનો જન્મદિવસ આપણે માટે 'સીગનલ' જેવો છે. આપણને સમયસર ચેતવણી આપે છે. સાચી દિશાનું ભાન કરાવે છે અને આપણા વર્તમાન જીવન વિષે વિચારવાની તક રજૂ કરે છે. આપણે અત્યારે ક્યાં છીએ? ક્યાં જઇ રહ્યા છીએ અને ક્યાં જવું જોઇએ? લગભગ ૨૪૯૦ વર્ષ પહેલાના દિવસો એટલા પ્રાચીન ભૂતકાળના દિવસો છે જ્યાં આપણી નજર ભાગ્યેજ પહોંચી શકે પણ એમણે આપણને આપેલા સિદ્ધાંતો નથી ઓછાં તેજસ્વી. તે દ્વારા આપણને એમના જીવનનું ભાન થઈ શકે છે. મહાપુરુષના સ્મરણીય દિવસો તેજસ્વી હોય છે. એમનાં સિદ્ધાંતો દ્વારા એ તેજ હજારો વર્ષો સુધી લોકોને દેખાય છે એટલું જ નહિ પણ અનેક દશ્યોને પણ દષ્ટિગોચર કરાવે છે.

એમની અહિંસા વિશ્વવ્યાપક હતી, એમની સંઘરચના અને વ્યવસ્થાપકતા મહાન્ રાજનીતિજ્ઞોને પણ મુગ્ધ કરે તેવી છે પરંતુ એનાથી પણ વિશેષ એમના સિદ્ધાંતોમાં સમન્વય શક્તિ છે; અગ્નિ અને પાણી જેવા એ વિરોધી વસ્તુઓનો જ્યારે સમન્વય કરવામાં આવે છે ત્યારે એંજીનમાં એ શક્તિ ઉત્પન્ન થાય છે જેથી વિશાળ રેલ્વે ગાડી વાયુવેગે દોડી શકે છે; મહાવીર ભગવાનનો સમન્વયવાદ એજ અનેકાંતવાદ; ભગવાન મહાવીરના સિદ્ધાંતો એકાંત દુરાગ્રહના વિરોધી છે; ઝગડાઓ તમામ એકાંતવાદના જ હોય છે અને તેથી જ તેને મિથ્યાત્વ કહેવામાં આવે છે.

શ્રી મહાવીર ભગવાનનું મુખ્ય સૂત્ર **જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ** અર્થાત્ જ્ઞાન એકલું જો તે ક્રિયા વગરનું હોય તો ઉપયોગી થઈ શકતું નથી. જેમ નદીમાં તરવાના જ્ઞાનવાળો મનુષ્ય હાથ પગ હલાવ્યા વગર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તરી શકતો નથી પરંતુ ડૂબી જાય છે તેમ ક્રિયા વગરનું જ્ઞાન પંગુતુલ્ય છે અને જ્ઞાન વગરની ક્રિયા અંધતુલ્ય છે. બન્નેનો સમન્વય સધાય ત્યારે જ મોક્ષમાર્ગ સધાય છે.

શ્રીમદ્ ઉમાસ્વાતિવાચકનું **सम्यग्दर्शनज्ञान चारित्राणि मोक्षमार्गः** સૂત્ર પરમાત્મા મહાવીરનું છે. જેમ બીજનો ચંદ્રમાં ઊગે ને તે પછી અવશ્ય પૂર્ણિમા થવાની; તેમ આ માનવજન્મ પામી સમ્યક્ત્વ–શ્રદ્ધાનરૂપ પરિણામ આત્માએ મેળવ્યું તો અવશ્ય મુક્તિરૂપ ફળનું બીજ વવાયું ને સંસ્કારો વધતાં વધતાં ગુણવિકાસ સધાતાં આત્મામાં અવશ્ય કેવલજ્ઞાન–દર્શનરૂપ પૂર્ણિમા થવાની. ક્ષાયોપશમિક સમ્યક્ત્વના અસંખ્ય ભેદો હોવાથી આવે અને જાય તેમ બને પણ છેવટે વધારેમાં વધારે અર્ધપુદ્‌ગલ-પરાવર્તકાળમાં આત્મ–પ્રકાશની પૂર્ણિમા થતાં સંપૂર્ણ પ્રકાશ પ્રકટવાનો; શ્રી વીરપરમાત્માના આત્મામાં નયસારના ભવમાં આ બીજ ઊગી ગયું હતું. સ્યાદ્‌વાદ ને નયનો સિદ્ધાંત પરમાત્માએ અદ્‌ભુતરીતે સમજાવ્યો કે જે અન્ય દર્શનમાં નથી, વસ્તુને જુદા જુદા દૃષ્ટિબિંદુથી જોવું તે સ્યાદ્‌વાદ અને ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુઓ તે નયો. દૃષ્ટાંત તરીકે આપણે પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ કે 'હે પ્રભુ! અમોને તમારા જેવા બનાવો. મુક્તિ આપો.' શું પ્રભુની પોતાની પાસે મુકિત નામની ચીજ છે કે તેઓ આપે? નહિ જ; પરંતુ આ વ્યવહારનયનું વચન છે અને તે નય તરીકે બરાબર છે. વાસ્તવિક રીતે એવંભૂત નયથી આત્માને આત્માવડે આત્મા માટે આત્મામાંથી આત્માની મુકિત પ્રગટ કરી શકે છે. પણ તે પરમાત્માના અવલંબનથી–અર્થાત્ નિમિત્તથી. નિમિત્ત અને ઉપાદાન બન્ને કારણો મળે ત્યારે જ કાર્ય સિદ્ધ થઇ શકે છે. પ્રસંગે કહેવું પડે છે કે–જેઓ હમણાં હમણાં નિમિત્તને ઉપાદાન કારણ ઉપર જ વજન આપી અણસમજુ આત્માઓનો ક્રિયામાર્ગ બંધ કરાવી રહ્યા છે તેઓ એકાંત નયને માનનારા હોવાથી પરમાત્માના સ્યાદ્‌વાદ દૃષ્ટિબિંદુ-વાળા માર્ગનો અપલાપ કરે છે.

પરમાત્મા મહાવીરે જે સિદ્ધાંતો ભવિષ્યની પ્રજા સમક્ષ મૂક્યા છે તે ૨+૨=૪ જેવા ચોક્કસ છે, એમણે નવા મૂક્યા નથી. પૂર્વના તીર્થંકરોના પણ એ જ સિદ્ધાંતો છે. પાંચ કારણોથી પ્રત્યેક કાર્ય વ્યાવહારિક કે આધ્યાત્મિક સિદ્ધ થઇ શકે છે; કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, પુરુષાર્થ અને કર્મ. આમાં કોઇની કોઇ વખતે મુખ્યતા હોય છે અને અન્યની ગૌણતા હોય છે; માનવ જન્મ સુધીના વિકાસની પ્રથમની કોટિઓમાં ભવિવ્યતાની મુખ્યતા હોય છે અને અન્યની ગૌણતા હોય છે; માનવ જન્મ પામ્યા પછી તો પુરુષાર્થની મુખ્યતા હોય છે. જો કર્મ અને કાર્ય વગેરે ઉપર જ મનુષ્ય મુસ્તાક રહે તો પુરુષાર્થ કરી શકે નહિ. અને પુરુષાર્થ કર્યા વગર કર્મનો વિનાશ થઈ શકે તેમ નથી. છેવટે વિજય આત્માના પુરુષાર્થનો છે; કર્મનો વિજય ભવ્યાત્મા ઉપર નથી જ, પરંતુ આપણા આત્માઓમાં કર્મના ભૂતપૂર્વ સામ્રાજ્યને અંગે નિર્બળતા છે ત્યાં સુધી આપણને કાલનો પરિપાક થયો નથી–કર્મનું બળ છે, ભવિતવ્યતા બળવાન છે વગેરે વગેરે નિમિત્તોને આગળ કરી આપણી નિર્બળતા છુપાવવી પડે છે.

પરમાત્મા મહાવીરે કર્મનો **સિદ્ધાંત કેવલજ્ઞાનથી** તપાસી જે રીતે રજૂ કર્યો છે તે અન્ય કોઇ દર્શનમાં નથી. સર્વજ્ઞ વગર કોણ આવા સૂક્ષ્મ સિદ્ધાંતો રજૂ કરી શકે? આત્મા વિભાવ પરિણતિમાં પડે ત્યાર પછી રાગ દ્વેષ, ચાર કષાયો અને પાંચથી ઇંદ્રિયો વિકારો અને શરીર, પુત્ર, પરિવાર, મકાન, હાટ, હવેલીમાં મમત્વો વધતા જાય. અને એ રીતે વિષચક્રમાં આત્મા ગુંચવાઈ રહ્યો છે. આ પ્રકારના કર્મો બાંધી રહ્યો છે, જ્ઞાન ચેતનાની જાગૃતિ વગર કર્મ ચેતના અને કર્મફળ ચેતના અનુભવી રહ્યો છે. આ કર્મનું વિશાળ અને સૂક્ષ્મ સ્વરૂપ જૈન દર્શનમાં જ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી મહાવીર પરમાત્માએ ગણધરવાદમાં ષડ્‌દર્શનના સિદ્ધાંતોનો જૈન દર્શનમાં સમન્વય કર્યો, શ્રી આનંદઘનજી મહારાજે જ કહ્યું છે કે 'ષડ્ દર્શન જિન અંગ ભણીજે, ન્યાસ ષડંગ જે સાધે રે,' અર્થાત્ જિનેશ્વર પ્રભુના સિદ્ધાંતોના ષડ્ દર્શનના સિદ્ધાંતો નિર્ઝરણાં છે–વિભાગ છે. જો અપેક્ષાથી વિચારીએ તો; પરંતુ ષડદર્શનમાં શ્રી જિનેશ્વરના સિદ્ધાંત મિશ્ર હોવા છતાં સ્વતંત્ર રીતે અનેક સ્થળે એકાંત નયની સ્થાપના હોય ત્યાં મિથ્યાત્વ ગણવામાં આવ્યું છે; જ્યારે પરમાત્માનો સ્વતંત્ર સિદ્ધાંત અનેકાંત છે.

પરમાત્માએ વિજ્ઞાનવાદ ( Science ) પણ આપ્યો છે. ભાષાવર્ગણાના પુદ્‌ગલો કે જે રેડીઓ–ગ્રામોફોનમાં સિદ્ધ થયા છે. શરીરની છાયાના પુદ્‌ગલો કેમેરાથી ઝડપાયા છે. મન અને ભાષાવર્ગણાના પુદ્‌ગલોમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરેની હકીકત શ્રી ભગવતીસૂત્રમાં શ્રી ગૌતમસ્વામીજીના પ્રશ્નના ઉત્તરમાં નિવેદન થયેલ છે.

શ્રી મહાવીર પ્રભુનું જીવન ઐતિહાસિક દૃષ્ટિથી, વૈજ્ઞાનિક દૃષ્ટિથી, નિશ્ચય વ્યવહાર દૃષ્ટિથી, ગૃહસ્થાશ્રમી તરીકેનું યોગદૃષ્ટિવાળું અને આધ્યાત્મિ દૃષ્ટિથી પરિપૂર્ણ રીતે તૈયાર કરવાની ખાસ આવશ્યકતા છે અને તે માટે આપણે પ્રયાસ કરવો જોઇએ. જૈન દર્શન જેવું બંધારણ અન્ય દર્શનમાં નથી. તેનું નૈતિક બંધારણ જેમ નિર્દોષ છે તેમ આધ્યાત્મિક બંધારણ પણ પરિપૂર્ણ છે. દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ અને ચરણકરણાનુયોગ, માર્ગાનુસારીના ગુણ, જિનપૂજા, ગુણસ્થાન, ગૃહસ્થનાં બાર વ્રતો, સાધુનાં પંચ મહાવ્રતો વગેરે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ ઉચ્ચ બંધારણપૂર્વક જો મનુષ્ય વર્તતો જાય તો અવશ્ય ઓછામાં ઓછા ભવે પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરી પ્રાંતે નિર્જરા થતાં સર્વ કર્મથી મુક્ત થઈ આત્મા સાચી સ્વતંત્રતા પ્રાપ્ત કરી શકે.

આવા ઉચ્ચ સિદ્ધાંતો પરમાત્મા મહાવીરે આપણી સમક્ષ મૂક્યા છે, તેનો પ્રચાર કરવા માટે આપણા સમાજમાં એકસંપીની જરૂર છે, તિથિચર્ચા વિગેરેના ઝગડાઓ બાજુએ મૂકી વહેલી તકે જૈન સમાજે એક વ્યાસપીઠ ઉપર એકઠા થવાની ખાસ આવશ્યકતા ઊભી થઈ છે.

## સ્વર્ગવાસ નોંધ :

મોટા સુરકા નિવાસી **શેઠ પ્રેમચંદ રાયચંદ** (ઉમર વર્ષ ૭૦) મુંબઈ-ખાતે તા. ૨–૬–૬૫ મંગળવારના રોજ સ્વર્ગવાસી થયેલ છે, તે જાણી અમો ઘણા દિલગીર થયા છીએ. તેઓશ્રી ધર્મપ્રેમી હતા અને સ્વભાવે મીલનસાર હતા આ સભા પ્રત્યે તેઓ ખૂબ લાગણી ધરાવતા હતા અને આ સંસ્થાના તેઓ આજીવન સભ્ય હતા. તેમના આત્માને ચિરઃશાન્તિ મળે એજ પ્રાર્થના.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરના જન્મસમયની પરિસ્થિતિ

મૂળ લેખક : **શ્રી શ્રીરંજન સૂરિદેવ.**

જૈન પરંપરા અનુસાર અવસર્પિણી કાળની ચોથી અવસ્થા એટલે કે 'દુઃષમા-સુષમા' કાળના અંતિમ ચરણમાં ભગવાન મહાવીરનો અવતાર થયો. મહાપુરુષોનો જન્મ એવા સમયે થતો હોય છે કે જ્યારે સંસારમાં અનાચાર સીમા વટાવી જાય છે. આમ તો સંસાર ક્યારેય તદ્દન કલુષહીન તો હોતો જ નથી, પણ પાપોનું આધિક્ય ઓછું કરીને પાપપુણ્યમાં સંતુલન જાળવવા માટે અવતારી પુરુષનું આગમન થતું હોય છે, આ વાતને ધ્યાનમાં લઈને જ ગીતામાં અવતારી પુરુષ શ્રીકૃષ્ણે કહ્યું છે–

"यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥"

કહેવાની જરૂર નથી કે ભગવાન મહાવીરના સમયથી ભારતમાં સુવર્ણકાળ શરૂ થયો. ઈસ્વી. પૂર્વે પાંચમી અને છઠ્ઠી શતાબ્દીઓ માનવજાતિના ઇતિહાસમાં અપૂર્વ માનવામાં આવી છે. ઇતિહાસના જાણકારો જાણે છે કે એ સમય ક્રાન્તિનો હતો. આ જ સમયે પરંપરા અને પૂર્વગ્રહમાં જકડાયેલી સામાજિક પ્રથાઓ અને ધાર્મિક માન્યતાઓના વિરોધમાં માનવજાતે માથું ઊંચક્યું હતું. સદ્‌ભાગ્યે એ જ સમય દરમિયાન ભગવાન મહાવીરનો જન્મ થયો, જેમણે જગતને સત્યનું સાક્ષાત્ દર્શન કરાવ્યું.

ભગવાન મહાવીરના શુભાગમન પહેલાં જ ભારતની દશા નાજુક અને જટિલ બની ગયેલી હતી. મનુષ્ય આર્થિક સંકટોથી એટલો થાકેલો નહોતો જેટલો તે ધાર્મિક વિધિવિધાનોથી પરેશાન હતો. પરિણામે રાજનૈતિક પરિસ્થિતિઓ પણ ક્રાન્તિથી વિમુખ ન રહી શકી. ભારતની તત્કાલીન આર્થિક પરિસ્થિતિ જરૂર સંતોષજનક હતી, જેનું વર્ણન જૈન કથાઓમાં મળે છે. એ સમયે મજૂરી પૈસા મેળવવા માટે નહોતી કરવામાં આવતી, પરંતુ એ સુખી અને સ્વાધીન બનવાનું એક સાધન હતી. શ્રમિક પોતાના સ્વામીના ઘરનું એક અંગ થઈને રહેતો, જેથી શ્રમજીવી અને પૂંજીપતિઓ વચ્ચે કોઈ પ્રકારની મલિનતા ન રહેવા પામતી. ખેતી અને વેપાર તે વખતના લોકોના મુખ્ય ધંધાઓ હતા. કલાનો કોઈ અભાવ નહોતો. ગામડાંઓમાં પણ વિભિન્ન પ્રકારના કલાકારો વસતા હતા. દરેક ગામ પોતાની જરૂરિયાતોની પૂર્તિ પોતે જ કરી લેતું. વેપારીઓ દૂર દેશાવર સાથે વેપાર કરતા. સમૃદ્ધ ગામડાંઓના પ્રમાણમાં નગરોની સંખ્યા ઘણી ઓછી હતી. આલિશાન ઈમારતો અને મહેલો કલા-કારીગરના ઉત્કૃષ્ટ નમૂના હતા.

સામાજિક સ્થિતિની વાત કરીએ તો, શિક્ષણ અને ચારિત્ર્ય પરાકાષ્ઠા પર હતા. ગુરુઓ બ્રહ્મચર્યાશ્રમની વ્યવસ્થામાં શિષ્ય-શિષ્યાઓને શિક્ષણ આપતા. કહેવાય છે કે જમ્બૂકુમાર એક કરોડપતિનો પુત્ર હતો. તો પણ એ ગુરુકુળમાં રહીને અભ્યાસ કરતો હતો. આમ છતાં એ પણ ખરું કે એ સમયે નગરોમાં વિલાસિતા ચરમ સીમા પર પહોંચી ગઈ હતી. સ્ત્રીત્વની હીન દશા અને નૈતિક મર્યાદાની દુર્દશા ત્યારે જોવા મળે છે કે જ્યારે ચાર રસ્તા પર ઊભી કરીને ચંદનબાલાનો વિક્રય કરવાનો પ્રયત્ન કરવામાં આવેલો. એ સમયે રૂપજીવિકાઓનું પ્રમાણ પણ ઘણું હતું. વાસનાની ભૂખ રાક્ષસની જેમ સૌને હડપ કરી રહી હતી. દેશની આવી ઘૃણાજનક દશા ભગવાન મહાવીરના આવિર્ભાવ પહેલાં હતી.

એ સમયે મુખ્યત્વે ચાર જાતિઓ—બ્રાહ્મણ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર–હતી, જેમાં ક્ષત્રિયોનું પ્રાધાન્ય હતું. ક્ષત્રિયો અને બ્રાહ્મણ–ગુરુઓમાં મોટે ભાગે સંઘર્ષ ચાલ્યા કરતો. આ સંઘર્ષથી ધાર્મિકતા અરાજકતામાં પરિણમી હતી. ભિન્નભિન્ન મત–મતાંતરો પ્રચલિત હતા. અજ્ઞાનનો અંધાર ચારે તરફ છવાયેલો હતો અને લોકો જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ઉત્સુક હતા. એ વખતે મુખ્યત્વે બે પરંપરાઓનું પ્રચલન હતું. શ્રમણ પરંપરા અને બ્રાહ્મણ પરંપરા. શ્રમણ પરંપરાને રાજ્યાશ્રય મળેલો હતો. ક્ષત્રિય લોકો આ શ્રમણોને મોટે ભાગે અપનાવી લેતા. આજીવિક, અચેલક, બૌદ્ધ વગેરે સંપ્રદાયો આમાં મુખ્ય હતા.

બુદ્ધે સામાન્યતઃ ઉક્ત સંપ્રદાયોનો ઉલ્લેખ 'તીર્થિક' (તિત્થિય) નામથી કર્યો છે, જેમાં (૧) પૂર્ણ કાશ્યપ, (૨) મંખલિપુત્ર ગોશાલ (૩) સંજય વેલટ્ઠિપુત્ર, (૪) અજિત કેશકમ્બલિ, (૫) પ્રકુધ કત્યાયન આદિ ઉક્ત તીર્થિકતાના મુખ્ય પ્રવર્તકો હતા. સ્પષ્ટ છે કે આ પ્રવર્તકોના સિદ્ધાંતો ઘણા વિચિત્ર હતા, પરંતુ એ સમયે જે કોઈ વ્યકિત બ્રાહ્મણવાદથી વિરુદ્ધ જતી તેને જનતા તરત અપનાવી લેતી.

પૂર્ણ કાશ્યપ અક્રિયાવાદી નગ્ન સાધુ હતો. દેવસેનાચાર્યના મત અનુસાર મંખલિગોશાલ પાર્શ્વનાથની શિષ્યપરંપરાના મુનિ હતા જેઓ ભ્રષ્ટ થઇ ગયા હતા. શ્વેતાંબરીય સિદ્ધાંત અનુસાર ગોશાલ ભગવાન મહાવીરનો છદ્મસ્થ અવસ્થાનો શિષ્ય હતો. ગોશાલની માન્યતા હતી કે જ્ઞાન એ મોક્ષનું કારણ નથી. દેવ અથવા ઇશ્વર નામની વસ્તુઓની અસ્મિતા કેવળ ભ્રમ છે. એથી સ્વેચ્છાથી એક માત્ર શૂન્યનું ધ્યાન ધરવું જોઇએ. ગોશાલના આ પ્રકારના આજીવિક મતની ગણના અજ્ઞાનમતમાં કરવામાં આવી.

સંજય વેલટ્ઠિપુત્ર પ્રસિદ્ધ બૌદ્ધ ગુરુ સારિપુત્ર અને મૌદ્ગલ્યાયનનો ગુરુ હતો. તે સ્યાદ્વાદસિદ્ધાંતને વિકૃત કરી નાખનાર તરીકે ઘણો બદનામ થયો છે. અજિત કેશકમ્બલિ વૈદિક ક્રિયાકાંડનો પ્રખર વિરોધી તો હતો જ, પરંતુ પુનર્જન્મ–સિદ્ધાંતનું પણ ખંડન કરનાર હતો. વળી જીવ અને શરીરને એક માનીને હિંસામાં શ્રદ્ધા રાખનાર હતો. પ્રકુધ કાત્યાયનનો સિદ્ધાંત હતો કે અસત્ સત્ ન હોઈ શકે અને સત્નો નાશ નથી થતો; એટલે કોઇ વ્યક્તિને બીજા કોઇ દ્વારા નુકશાન પહોંચી શકે નહીં. શાક્યપુત્ર ગૌતમ બુદ્ધ વિશ્વવિખ્યાત અહિંસાવાદી હતા. તો પણ તેઓ માંસ–ભક્ષણનો સંપૂર્ણ બહિષ્કાર કરવામાં સમર્થ ન થયા. સૂત્રકૃતાંગ પ્રમાણે એવા માંસભક્ષી તાપસો પણ તે વખતે હતા કે જેઓ આખા વર્ષ માટે એક હાથીને મારીને રાખી મૂકતા હતા.

આ તો શ્રમણપરંપરાની વાત થઇ. બીજી તરફ બ્રાહ્મણપરંપરા વૈદિક માન્યતાઓના રક્ષણ કાજે પ્રયત્નશીલ હતી. પ્રશ્નોપનિષદ્ના અધિષ્ઠાતા પિપ્લાદ, મુંડકોપનિષદ્ના રચયિતા ભારદ્વાજ. કઠોપનિષદ્ના પ્રચારક નચિકેતા વગેરે ઋષિઓએ વૈદિક ક્રિયાકાંડમાં જ્ઞાનયજ્ઞ, અહિંસા અને સૈદ્ધાંતિક પ્રૌઢતાને પોષનારા સુધારાઓ કર્યા હતા, પરંતુ પ્રાચીન બ્રાહ્મણપરંપરા હિંસાપૂર્ણ યજ્ઞયાગ વગેરેમાં જ મગ્ન હતી. શૂદ્રો અને સ્ત્રીઓને હેય ગણવામાં આવતા. જૈન અને બૌદ્ધ ગ્રંથોમાં જાતિ વિષયક અભિમાનના ઘાતક પ્રસંગો મળી આવે છે. ચિત્તસંભૂતિ જાતકથી સ્પષ્ટ થાય છે કે ચાંડાલો માટે રસ્તા પરથી નીકળવું મુશ્કેલ હતું. એક વાર બ્રાહ્મણ અને વૈશ્ય સ્ત્રીઓને રસ્તે ચાલતા બે ચાંડાલો નજરે પડ્યા. એ સ્ત્રીઓએ એને અપશુકન ગણ્યું. તેમણે પોતાની આંખો પાણીથી ધોઇને શુદ્ધ કરી અને એ ચાંડાલોના હાડકાં ખોખરાં કરી નાખ્યાં. જૈન ગ્રંથોમાં જાતિ વિષેના મિથ્યાભિમાનનાં ઉદાહરણો ભયંકરતાની પરાકાષ્ઠાએ પહોંચેલાં જોવા મળે છે. એ વખતે સ્ત્રીઓ કેવળ ભોગ્ય મનાતી, આજીવિક સાધુઓ વ્યભિચારને દુષ્કૃત્ય ન ગણતા. બ્રાહ્મણ ઋષિઓ વાસનાપૂર્તિ માટે એકથી વધારે પત્નીઓ રાખતા.

પશુયજ્ઞ પણ જિહ્વાતૃપ્તિનું સાધન બની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગયેલ. લોકો માનતા કે પશુબલિ દેવાથી દેવો પ્રસન્ન થતા. વૈદિક ક્રિયાકાંડના બહુ પ્રચારથી ધર્મનો આત્મા નાશ પામ્યો હતો અને તેને ઠેકાણે માત્ર હાડપિંજર રહી ગયું હતું. ઢોંગ અને પાખંડ ખૂબ ચાલતા. આધ્યાત્મિકતાનું ગૌરવ જીવનમાંથી જતું રહ્યું હતું જેથી જીવનનું મહત્ત્વ જ શૂન્યવત્ થઈ ગયું હતું. આવી સ્થિતિમાં વૈદિક કર્મકાંડ વિરુદ્ધ જનતાનું લોહી અંદરને અંદર ઉકળી રહ્યું હતું અને તે આત્મશાંતિ માટે એક માર્ગદર્શકની પ્રતીક્ષા કરી રહી હતી.

રાજનૈતિક દૃષ્ટિએ પણ, મહાભારતના યુદ્ધ પછી, ભારતીય રાજનીતિ છિન્નભિન્ન થઈ ગઈ હતી. રાષ્ટ્રીય એકતાનો સંપૂર્ણપણે અભાવ હતો. એ સમયે એક નહીં પણ અનેક રાજાઓ હતા અને બધા પોત-પોતાનાં રાજ્યોમાં પૂર્ણ સ્વાધીન હતા. તો પણ એટલું જરૂર હતું કે જનતા પોતાના નાગરિક સ્વાતંત્ર્યના સંરક્ષણ માટે પૂરતી જાગૃત હતી. રાજા અન્યાયી કે અત્યાચારી હોય તો તેને પદચ્યુત પણ કરવામાં આવતો. જો નવો રાજા ચૂંટવાની જરૂર ઊભી થાય તો મંત્રીમંડળ અગ્રગણ્ય નાગરિકોની સહમતિથી યોગ્ય વ્યક્તિને રાજ્ય સોંપતું. પડોશી અત્યાચારી રાજાઓનાં આક્રમણોથી પોતાનો બચાવ કરવા માટે કેટલાંક ક્ષત્રિય કુળોએ સત્તાત્મક ઢબે રાજ્યસંઘોની સ્થાપના કરેલી. આ રાજ્યસંઘો ગણ-રાજ્યો કહેવાતા. ગણરાજ્યોમાં નિમ્નલિખિત રાજ્યો વિશેષ રૂપે ઉલ્લેખનીય છેઃ—

(૧) લિચ્છવિ અથવા વજ્જિ-ગણરાજ્ય, (૨) શાક્ય, (૩) મલ્લ. (૪) કોલિય, (૫) મગધ, (૬) ઉત્તર કોશલ, (૭) કલિંગ, (૮) અંગ આદિ.

લિચ્છવિ અથવા વજ્જિ ગણ રાજ્યમાં આઠ ક્ષત્રિય કુળોના પ્રતિનિધિઓ હતા જેઓ 'રાજા' કહેવાતા. એમનાં નામો હતાં-(૧) વૃજિ, (૨) લિચ્છવિ, (૩) જ્ઞાતૃક, (૪) વિદેહ, (૫) ઉગ્ર, (૬) ભોગ, (૭) ઇક્ષ્વાકુ અને (૮) કૌરવ. એમાં લિચ્છવિ ક્ષત્રિયો મુખ્ય હતા. એમની રાજધાની વૈશાલી એ સમયનું એક પ્રધાન નગર હતું. લિચ્છવિ ક્ષત્રિયો ધાર્મિક રુચિવાળા અને સ્વાતંત્ર્ય પ્રિય તથા સ્વા-ભિમાની હતા. કોઈનું આધિપત્ય તેઓ કદિ સ્વીકારતા નહીં.

લિચ્છવિ ક્ષત્રિયો પ્રાચીન કાળથી જ જૈન ધર્મના ઉપાસકો હતા. એમાં રાજા ચેટક મુખ્ય હતા. ચેટકની રાણીનું નામ સુભદ્રા (ભદ્રા ?) હતું. ચેટકના પુત્ર સિંહભદ્ર વજ્જિ-રાજ્યસંઘના સેના-નાયક હતા. સિંહભદ્રની સાત બહેનોમાં સૌથી મોટી ત્રિશલા ભગવાન મહાવીરની માતા હતી. બાકીની બહેનોનાં નામો આ પ્રમાણે હતાં-મૃગાવતી સુપ્રભા, પ્રભાવતી, ચેલના, જ્યેષ્ઠા અને ચંદના. મૃગાવતીનાં લગ્ન કૌશામ્બીનરેશ શતાનીક સાથે થયેલ. વત્સરાજ ઉદયન એમનો જ પુત્ર હતો. સુપ્રભાને દશાર્ણ-નૃપતિ દશરથ સાથે પરણાવેલ. પ્રભાવતી સિંધુ-સૌવીર અથવા કચ્છ દેશના રાજા ઉદયનની રાજરાણી હતી. ચેલના મગધસમ્રાટ શ્રેણિકની પટરાણી હતી. જ્યેષ્ઠા અને ચંદના જીવનભર બ્રહ્મચારિણી રહેલી. લિચ્છવિ ક્ષત્રિયોની સંધિ નવ મલ્લકિ અને અઢાર કાશી-કૌશલનાં ગણરાજ્યો સાથે થઇ હતી. એમની પાસે ઘણી સંગઠિત શક્તિ હતી અને અમાપ બળ હતું. મગધસમ્રાટે એમનાપર ઘણીવાર આક્રમણો કર્યાં પણ તે સફળ ન થઇ શક્યાં.

શાક્ય-ગણરાજ્યમાં ગૌતમ બુદ્ધનો જન્મ થયેલ. કપિલવસ્તુ એમની રાજધાની હતી. શુદ્ધોદન એના મુખ્ય રાજા હતા.

મલ્લ-ગણરાજ્યમાં મલ્લવંશીય ક્ષત્રિઓની અધિકતા હતી. એમાં નવ ક્ષત્રિય રાજાઓ મળીને રાજ્યપ્રબંધ કરતા હતા. એના બે ભાગો હતા. એક કુશીનારા, જેની સાથે મહાત્મા ગૌતમ બુદ્ધનો વિશેષ સંપર્ક હતો. બીજો ભાગ પાવા કે જ્યાંના રાજા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હરિતપાલ હતા અને જ્યાં ભગવાન મહાવીરને નિર્વાણ પ્રાપ્ત થયેલ.

મગધગણુરાજ્યના સમ્રાટ શ્રેણિક-બિમ્બસાર હતા. એમની રાજધાની રાજગૃહ હતી. ઉત્તર કોશલનું રાજ્ય મગધની ઉત્તર-પશ્ચિમે હતું, જેની રાજધાની શ્રાવસ્તી હતી. કોશલની દક્ષિણમાં વત્સરાજ્ય હતું, જેની રાજધાની કૌશામ્બી હતી. વત્સદેશની પશ્ચિમે અવન્તિરાજ્ય હતું, જેની રાજધાની ઉજ્જયિની હતી.

કલિંગ રાજ્ય એટલે અત્યારનો ઓરિસ્સા પ્રાન્ત. આંના રાજા જિતશત્રુ ભગવાન મહાવીરના ફૂઆ હતા.

અંગ રાજ્ય એ આધુનિક ભાગલપુર મંડળ. એની પ્રાચીન પ્રસિદ્ધ રાજધાની ચંપા હતી. દધિવાહન પછી મગધના અધિપતિ કુણિક અહીંના રાજા થયા.

આ પ્રમાણે આ બધા રાજ્યોની સંખ્યા સોળ હતી. એમની વચ્ચે સતત સ્પર્ધા ચાલતી રહેતી અને પ્રત્યેક રાજ્ય પોતાની સ્વાર્થસિદ્ધિ સારુ નિરંતર એક-બીજા સાથે લડવા તૈયાર રહેતું. ભયંકર નરસંહાર અને રાષ્ટ્રીય ભાવનાના વિનાશના કાંડ હંમેશા થતા રહેતા.

ભગવાન મહાવીરના ઉપદેશના ફળરૂપે ઉપર્યુક્ત આર્થિક, સામાજિક, ધાર્મિક અને રાજનૈતિક શોચનીય સ્થિતિઓમાં એક એવું સંતુલન આવ્યું કે જેની કલ્પના પણ કોઇએ નહીં કરી હોય. ભગવાન મહાવીરના અહિંસા અને વીતરાગતાના સંદેશે તત્કાલીન ભારતની કાયાપલટ કરી નાખી. યજ્ઞમાંથી હિંસાનું અસ્તિત્વ જ ચાલ્યું ગયું, સ્ત્રીઓ અને શૂદ્રોને વિકસિત અને વિવર્ધિત થવાની તક મળી. એમના ભાગ્યમાંથી '**ન સ્ત્રીશૂદ્રૌ વેદમધીયાતામ્**'નું કલંક ભુંસાઇ ગયું. લોકો વાસનાનાં ઝેરીલાં તત્ત્વોથી પરિચિત થયા અને તેમનાથી દૂર ભાગવા લાગ્યા. ભગવાન મહાવીરના સત્યોપદેશથી પીડિત જનતાને સુખ મળ્યું, શાંતિ મળી. શીલ અને ધર્મની અવહેલના અટકી ગઇ, મહાવીરના જૈનધર્મના શીતળ-સુખદ આવરણે સૌને આવરી લીધા.

એ સત્ય હકીકત છે કે જૈનધર્મથી પ્રભાવિત મગધસમ્રાટ શ્રેણિક-બિમ્બસાર દ્વારા આરોપિત રાષ્ટ્રીય એકીકરણનો અંકુર નંદ રાજાઓ દ્વારા સિંચિત થઇ મૌર્ય સમ્રાટો દ્વારા પલ્લવિત-પુષ્પિત થયો.


# ભાડે આપવાનું છે

ભાવનગર ખારગેટ-દાઉદજીની હવેલી પાસે સભાનું એક ચાર માળનું મકાન આવેલ છે. આ મકાનનો ત્રીજો-ચોથો માળ ભાડે આપવાનો છે. ભાડે રાખવા ઇચ્છનાર ભાઇઓએ નીચેના સ્થળે મળવું.

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉરવીણા.

( અંજની ગીત )

પ્રેમલ રસમય ગુંજન કરતી,
વિવિધ સરોદ અનુપ ઋજુ ધરતી
વિશ્વ સકલના ગુણગણ રચતી,
ગાયે ઉરવીણા. ૧

પતિતોમાં શુભ વૃત્તિ ધારું,
દૂર કરું સૌ મારું તારું;
વિશ્વપ્રેમનો મંત્ર પ્રચારું,
ગાયે ઉરવીણા. ૨

આત્મામાં પરમાત્મા માની,
સમવૃત્તિ સાચી સન્માની;
થાઉં સેવામાર્ગે દાની,
ગાયે ઉરવીણા. ૩

બ્રહ્મા, વિષ્ણુ, બુદ્ધ, જિનેશ્વર,
એક સ્વરૂપે માનો ઈશ્વર;
આત્મા સાચો દેહ જ નશ્વર,
ગાયે ઉરવીણા. ૪

પાપમુક્ત થાઓ સૌ પ્રાણી,
અંતરધારી પ્રભુની વાણી;
"સન્માર્ગે સુખ" હૈયે જાણી,
ગાયે ઉરવીણા. ૫

મિથ્યા મોહમમતાને ત્યાગો,
સદ્વૃત્તિ અંતરમાં જાગો;
નિર્મોહીપદ પ્રભુથી માગો,
ગાયે ઉરવીણા. ૬

વિશ્વપ્રેમનો મંત્ર ગજાવો.
પામો દિવ્ય અજિતપદ લહાવો
સુખકર પ્રભુના શરણે જાઓ,
ગાયે ઉરવીણા. ૭

ચરણે નમતા સુર, નર, કિન્નર,
દિવ્ય પ્રમોદ ધરે નિજ અંતર;
વીતરાગ જયવન્ત જિનેશ્વર,
ગાયે ઉરવીણા. ૮

બુદ્ધિ, ઋદ્ધિ તેના ચરણે,
નિર્મળ ગાન સદા હો શ્રવણે;
મુનિ હેમેન્દ્ર ચરણયુગ શરણે,
ગાયે ઉરવીણા. ૯

રચયિતા :–મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમ કલ્યાણકારી મંગલમૂર્તિ પરમાત્મા : શ્રી મહાવીર દેવ

લે૦ મુનિરાજશ્રી ન્યાયવિજયજી (ત્રિપુટી)

" कल्याणपादपारामं श्रुतगंगाहिमाचलं ।
विश्वाम्भोजं रविं देवं वन्दे श्रीज्ञातनंदनं " ॥

ભગવાન શ્રી મહાવીરદેવની જન્મ તિથિએ સમસ્ત ભારતવર્ષમાં જન્મકલ્યાણક-જન્મજયંતિ ઉજવાય છે. ખાસ કરીને જૈનો કે જેઓ પોતાને ભગવાન મહાવીરના ઉપાસક-ભક્ત માને છે તેઓ તો જરૂર ભગવાન શ્રી મહાવીરદેવનો જન્મ મહોત્સવ ઉજવે છે. આપણે એ પરમાત્માને માત્ર માનવ જ નહિ; મહામાનવ, અતિમાનવ, અરે માનવેંદ્ર કહીને જ તેમના ગુણગ્રામ ગાઇને જ બેસી રહીએ; એટલામાં જ ઇતિશ્રી માનીએ એના કરતાં એ પરમાત્માના ઉત્તમોત્તમ ગુણો જીવનમાં ઉતારીએ અને એ પ્રમાણે જીવન જીવી જીવંત-ધર્મમય બની જઇએ તો તો આપણું જીવ્યું સફલ થઈ જાય-માનવ ભવની યથાર્થ કિમ્મત અંકાઇ જાય.

ઉપર આપેલા શ્લોકમાં ભગવાન શ્રી મહાવીરદેવનું આદર્શ જીવન રજૂ કરવા પ્રયત્ન થયો છે.

મહાપુરુષોનું આખુંયે જીવન પરોપકારમાં જ વ્યતીત થાય છે. જગતના જીવોનું કલ્યાણ એ જ એમનો જીવનમંત્ર હોય છે. એમની પરોપકારવૃત્તિ એકલી માનવજાતિના જ કલ્યાણની કે પશુઓના જ કલ્યાણની નહિ કિન્તુ એમની કલ્યાણકારી પરોપકાર વૃત્તિ સંસારના ભૂતમાત્ર-સંસારના સમસ્ત જીવો પ્રતિની હોય છે. સંસારના જીવોનું કેમ હિત થાય, કેમ ભલું થાય અને એમનું કેમ કલ્યાણ થાય એ જ એમના જીવનનો ઉદ્દેશ હોય છે.

બગીચામાં ઊગેલાં દરેક વૃક્ષ પ્રતિ બગીચાનો એક સરખો જ પ્રેમ હોય છે. પછી એમાં આમ્રવૃક્ષ હોય કે વટવૃક્ષ હોય, ગુલાબ હોય કે ચમ્પો હોય, કેસર હોય કે ચંદન હોય, મોગરો હોય કે માલતી હોય પરન્તુ બગીચામાં ઊગેલ વનરાજી પ્રતિ બગીચાને કદીયે ભેદભાવના નથી જાગતી; માટે જ આચાર્ય ભગવંત પ્રભુ શ્રી મહાવીરદેવને **कल्याणपादपाराम** કલ્યાણરૂપી વૃક્ષોને માટે બગીચા-ઉદ્યાન સરખા કહ્યા. ખરે જ, કવિએ આ કલ્પનામાં કમાલ કરી છે. કદાચે બગીચાના માલેકને-માળીને ભેદભાવ જાગે ખરો-હોય ખરો. કિન્તુ બગીચાને તો દરેક વૃક્ષ-વનરાજી ઉપર એક જ સરખો પ્રેમભાવ-પ્રમોદભાવ હોય છે. ભગવાનનો પણ નિગોદમાં રહેલા જીવોથી લઇને દેવદેવેંદ્ર સુધીના સઘળા જીવો પ્રતિ કલ્યાણ ભાવ જ હોય છે. સઘળા જીવોનું કેમ કલ્યાણ થાય-આત્મહિત થાય એ જ ભાવના અને એને જ અનુકૂલ પ્રવૃત્તિ હોય છે. રાજા ને રંક, શત્રુ ને મિત્ર પ્રતિ એમનો પરમ સમભાવ અને પ્રેમ હોય છે.

લોકોત્તર પુરુષોમાં અને લૌકિક પુરુષોમાં આ જ અંતર હોય છે. લોકોત્તર પુરુષોનું વાણી, વર્તન એક જ સરખું હોય છે. એમના વાણી અને વર્તનમાં વૈષમ્ય નથી હોતું; જ્યારે લૌકિક પુરુષો ભલે વિદ્વાન હોય, વક્તા હોય, મહાન પ્રવચનકાર હોય કે મહાત્મા હોય છતાં એમના વાણી અને વર્તનમાં વૈષમ્ય દેખાઇ આવે છે. લોકોત્તમ પુરુષોના જીવનના નાના કે મોટા દરેક પ્રસંગો આદર્શ હોય છે; આપણે તેમાંથી સાર ગ્રહણ કરી જીવનમાં ઉતારવા લાયક હોય છે. એ પુરુષોત્તમ મહાત્માઓનું જીવન જ પરમ ઉપદેશમય અને જીવન્ત ધર્મરૂપ જ હોય છે; માટે જ એક બીજા કવિએ પણ કહ્યું છે કે-" परोपकाराय सतां विभूतयः " ઉત્તમ પુરુષોની-સત્ પુરુષોની દરેક વિભૂતિ--દરેક શક્તિ પરોપકાર માટે હોય છે.

ભગવાન મહાવીર દેવના જીવનચરિત્રમાં પણ ઘણા પ્રસંગો એવા સુંદર, એવા મહાન અને એવા ઉત્તમ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આદર્શ રૂપ છે કે એમાંથી આપણે ઘણું લઇ શકીએ છીએ અને જીવનમાં ઉતારી શકીએ છીએ. હું અહીં એમાંથી માત્ર બે ત્રણ પ્રસંગો આપી કલ્યાણમૂર્તિ શ્રી મહાવીર પ્રભુનું ઉપરના શ્લોકમાં વર્ણવેલ **कल्याणपाद-पाराम** પદ કેવું ગુણનિષ્પન્ન છે તે બતાવીશ.

ભગવાન્ શ્રી મહાવીરદેવે દીક્ષા લીધી છે. પ્રથમ ચાતુર્માસ માટે તેઓશ્રીના પિતાજીના મિત્ર અને સ્નેહી આશ્રમના કુલપતિના આગ્રહથી આશ્રમમાં પધાર્યા છે અને એ કુલપતિએ આપેલી ઘાસની સુંદર કુટિર–ઝુંપડીમાં રહ્યા છે. ગ્રીષ્મઋતુની પૂર્ણાહુતિ થઇ ગઇ છે; વર્ષાઋતુ શરૂ થઇ છે. ધરતીમાંથી બાફ નીકળે છે. ઘામ ઘણો થાય છે અને હજી ઘાસ ઊગ્યું નથી એટલે ગાયો વગેરે પશુઓ આ ઘાસની ઝુંપડીઓ તરફ ઘાસ ખાવા દોડી આવે છે. આશ્રમવાસી તપસ્વીઓ ઘાસ ખાવા ઝુંપડીઓ તરફ દોડી આવતી ગાયોને હાંકી કાઢે છે; મારીને અને ધમકાવીને ગાયોને ઝુંપડી તરફ ફરકવાય નથી દેતા; જ્યારે એક સુંદર વિશાલ ઝુંપડીમાં એકલવીર મહાત્મા ઊભા ઊભા ધ્યાન–આત્મચિંતવન ષડ્ દ્રવ્યની વિચારણા કરી રહ્યા છે. બહાર શું બની રહ્યું છે, એની એ સંતપુરુષને લગારે પરવા નથી ત્યાં તો એક આશ્રમવાસીએ આવીને કહ્યું–મહાત્માજી! લગાર ધ્યાન રાખો કે આ ગાયો તમારી ઝુંપડીનું ઘાસ ખાઇ જાય છે. પરંતુ આ એકલવીર સંતપુરુષ તો શાંતભાવે મૌન રહી આત્મચિંતવનમાં જ મસ્ત છે. વળી થોડીવાર થઇને બીજા આશ્રમવાસી આવ્યા. અને બોલ્યા–અરે! ઝુંપડીમાં કોણ છે? કોઇ કેમ બોલતું નથી? અરે કોઇ બોલો તો ખરા? કેમ બોલતા નથી? ધીમે રહીને અંદર ડોકિયું કરે છે અને જોતાં જ ચમકી જાય છે. એક સુંદર હાસ્ય ઝરતી વીરપુરુષની આકૃતિ જુવે છે. અરે! આવા મહાકાય, બલિષ્ઠ વીર આમ કેમ ઊભા છે? નથી બોલતા, નથી ચાલતા, નથી ગાયોને હાંકતા કે નથી ઝુંપડી સંભાળતા. અય સંતપુરુષ! ધ્યાન મૂકો. પરમાત્માનું સ્મરણ પછી કરજો. આ ઝુંપડી સંભાળો. ગાયો બધી અહીં આવીને તમારી સુંદર ઝુંપડીનું ઘાસ ખાઇ જાય છે. આટલું કહેવા છતાંય અંદરથી ન અવાજ આવ્યો, ન ઉત્તર મળ્યો કે ન તો ઝુંપડીના રક્ષણ માટે કાંઇ પ્રયત્ન દેખાયો.

આખાએ આશ્રમમાં એક જ વાતની ચર્ચા છે. આ મહાત્મા કોણ? નથી બોલતા, નથી ચાલતા, નથી ખાવાની તમન્ના કે નથી દેહના રક્ષણની તમન્ના. ઓહો, શું એમનું ધ્યાન છે?

ત્યાં તો એક આશ્રમવાસી બોલ્યો–અરે ભાઇઓ, એ તો મહાત્મા નહિ, પરમાત્મા છે. તમને ખબર નહિ હોય, તેઓ તો સિદ્ધાર્થરાજાના રાજકુમાર છે. રાજપાટ–ઘરબાર તજી, આત્માને પરમાત્મા બનાવવા, સાધના કરવા સાધુ થયા છે.

ત્યાં તો બીજા આશ્રમવાસી બોલ્યા–મહાનુભાવો, આપણે પણ સંત છીએ, સાધુ છીએ, તપસ્વી છીએ પરંતુ આપણે ખાવાનું, પીવાનું, પહેરવાનું, ઓઢવાનું બધું જોઇએ છે અને તે મેળવવા પ્રયત્ન પણ કરીએ છીએ અને આ મહાત્મા તો બસ મહાત્મા જ બની ગયા છે. અરે! બીજું તો બધું ઠીક, પણ એમની પેલી રહેવાની ઝૂંપડી પણ નથી સંભાળતા. પછી રહેશે કયાં? ગાયો ઘાસ ખાઇ જશે એટલે એમના આશ્રમમાં વરસાદ, ટાઢ, તડકો અને ચકલાંનો વાસ થશે. માટે એમની ઝુંપડી સંભાળવાની જરૂર તો છે જ.

બધાય ભેગા મળી આશ્રમના કુલપતિ પાસે જઇ ફરિયાદ કરે છે કે જેમને––જે મહાત્માને આપે આપણા આશ્રમમાં આશ્રય આપ્યો છે તે આશ્રમ સ્થાનને પણ તેઓ સંભાળતા નથી. અરે, અહીંના ભક્તો તો એમને આપના કરતાં પણ મહાન ત્યાગી, તપસ્વી, સંયમી મહાત્મા માને છે માટે આપને અમારી વિનંતિ છે કે સિદ્ધાર્થનંદન વર્દ્ધમાન રાજર્ષિને આપ જઇને સમજાવો કે બીજુ બધું તો ઠીક પરંતુ ઝુંપડીનું–દેહરક્ષા ના આશ્રમનું જરૂર રક્ષણ કરે.

આ સાંભળી આશ્રમના કુલપતિ રોષે ભરાઇ જે ઝુંપડીમાં મહાત્મા રાજર્ષિ શ્રી વીર વિભુ ઊભા છે ત્યાં જઇને કંઇક મીઠી છતાં ઉપાલંભભરી ભાષામાં કહ્યું કે–હે વર્દ્ધમાનકુમાર! પક્ષીઓ પણ પોતાના માળાનું રક્ષણ કરે છે, તો તમે તમારા આશ્રમનું–ઝુંપડીનું કેમ રક્ષણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નથી કરતા ? શું તમે પક્ષીઓથી પણ ગયા, તમે ઝુંપડીનું રક્ષણ કરવામાં સમર્થ હોવા છતાંયે તેના રક્ષણમાં આવો ઉપેક્ષાભાવ રાખો છો તે ઉચિત નથી.

આ સાંભળી ક્ષમાશ્રમણ ક્ષમાસાગર શ્રી વીર વિભુ ચિંતવે છે 'મારા અહીં રહેવાથી આપને અપ્રીતિ થાય છે માટે અહીં રહેવું ઉચિત નથી. આમ ચિંતવી **'नाप्रीतिमद् गृहे वासो'** વગેરે પ્રતિજ્ઞા કરી એ ઝુંપડી છોડી ભર ચોમાસામાં પણ અન્યત્ર વિહાર કરી ગયા અને સાચા વિહારી બન્યા.

નથી કુલપતિ ઉપર દ્વેષ કે નથી અન્ય આશ્રમવાસીઓ ઉપર દ્વેષ. કરુણાના સાગર એ બધા જીવોનું કલ્યાણ ચિંતવતા વિચરી રહ્યા છે.

આવા જ બીજા મહાન પ્રસંગોની નોંધ મૂકી આ લેખ સમાપ્ત કરીશ. એ પ્રસંગોનું વિશદ વિવેચન **कल्याणपादपाराम**નું ચિસ્તૃત દર્શન સમયે કરાવીશ.

(૧) શૂલપાણી યક્ષનો પ્રતિબોધ. (૨) ચંડકૌશિક નાગનો પ્રતિબોધ (૩) સંગમદેવના ઘોરાતિઘોર ઉપસર્ગો અને એ દેવે મૂકેલા ભીષણ કાલચક્ર પ્રસંગે પણ ભગવાનની અપૂર્વ કલ્યાણ કામના. આ પ્રસંગો વધુ સ્થાન અને સમય માગે તેવા છે માટે ભવિષ્ય ઉપર જ મુલતવી રાખું છું.

આપણે ભગવાન શ્રી મહાવીરદેવનું જન્મકલ્યાણક ઉજવી એમાંથી થોડા થોડા પ્રસંગોનો શાંત ચિત્તે વિચાર કરી જીવનમાં ઉતારવા, વાણી અને વર્તનની એકવાક્યતા સાધવા અને **'कल्याणपादपाराम'** થવા પ્રયત્ન કરીએ તો આપણો મહોત્સવ ઉજવવાનો પ્રયત્ન સફલ થાય. અંતમાં **शिवमस्तु सर्वजगतः** ની ભાવના સાથે વિરમું છું.

—સંચિત

## સ્વભાવનો પ્રતાપ

એક દિવસ વીંછીએ કરચલાને કહ્યું : "ભાઇ, ઘણાં દિવસથી જલવિહારની ઇચ્છા થઇ છે" કરચલાએ પોતાના પ્રિય મિત્રની ઇચ્છાનો સ્વીકાર કરતાં કહ્યું : "ભાઇ, જલવિહાર તો કરાવીશ, પણ તારા ડંખને કાબુમાં રાખજે, નહિ તો આપણે બંને ડૂબી જઇશું. વીંછી હસ્યો : "અરે, તને ડંખીને શું હું મારા મૃત્યુને આમંત્રણ આપીશ ? ત્યારબાદ કરચલાએ વીંછીને પોતાની પીઠ પર બેસાડી જળયાત્રા શરૂ કરી. વીંછીના તો આનંદોલ્લાસની સીમા જ ન હતી. આનંદના એ અતિરેકમાં તેણે પોતાની પૂંછડી ઊઠાવી અને કરચલાને ડંખ મારી દીધો. મરતાં મરતાં કરચલાએ પૂછ્યું કે, તેં કેમ ડંખ માર્યો ? ત્યારે વીંછીએ કહ્યું : "ભાઇ, સ્વભાવ પર વિજય મેળવવો બહુ કઠિન છે, મૃત્યુનો ભય પણ વ્યક્તિને પોતાના સ્વભાવથી વિરક્ત કરી શકતો નથી. સુર, નર, મુનિવર સઘળા આ સ્વભાવના પ્રતાપ આગળ હારી ગયા છે. ધન્ય છે એમને જેઓ સ્વભાવને અંકુશમાં રાખવા પ્રયત્ન કરે છે.

★



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીર

લેખક: ઝવેરભાઈ. બી. શેઠ બી. એ.

ચૈત્ર શુક્લ તેરશ એટલે ભગવાન મહાવીરની જન્મ જયંતિ. અહિંસાના મહાન જ્યોતિર્ધર તીર્થંકર મહાવીરસ્વામીના જીવનના અદ્‌ભૂત અને પરાક્રમના અનેક વિધ પ્રસંગો આપણે અનેકવાર સાંભળ્યા છે એટલે આજે તેનું પુનરાવર્તન ન કરતા તેમના જીવનના સર્વશ્રેષ્ઠ સિધ્ધાંત અહિંસાની છણાવટ કરવી વધુ ઉચિત લેખાશે.

વિશ્વમાં આજે જ્યારે હિંસાનું પ્રમાણ દિનપ્રતિદિન વધતું જાય છે અને લોકોનું માનસ ભૌતિક સુખો પ્રાપ્ત કરવા ખાતર ગમે તેવું પાપકર્મ–અસત્ય –અનૈતિક કરવા–આચરવા પ્રેરાતું જાય છે ત્યારે અહિંસાની જગતને સૌથી વિશેષ જરૂર છે.

ભગવાન મહાવીરની અહિંસા બહાદુરની–વીરની અહિંસા છે. જેણે જેણે ભગવાન મહાવીરને ત્રાસ આપ્યો તેને તેને ચપટીમાં ચોળી નાખે તેટલી તાકાત ભગવાન મહાવીર ધરાવતા હતા એ છતાં તેમણે તેમને દરેકને ક્ષમા આપી છે.

ભગવાન મહાવીરનો જીવ માત્રને સંદેશો છે કે હિંસા એજ દુઃખનું ખરું કારણ છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ કીટાણુઓથી માંડીને માનવી તક સઘળાં જીવોને જીવવું ગમે છે. '(live and let live) જીવો અને જીવવા દો' નો સિધ્ધાંત તો આજે પણ સૌ સ્વીકારે છે. પરંતુ તદનુસાર વર્તન નથી એ મહા દુઃખનું કારણ છે.

જેમ આપણને દુઃખ, યાતના, શોક અને પ્રતિકુળતા ગમતા નથી તેમ દરેક જીવને ગમતા નથી આપણને કોઈ માણસ કે પ્રાણી દુઃખ આપે, અડચણ ઉભી કરે, આપણને બંધનમાં રાખે તો આપણને કેટલું દુઃખ થાય છે? એવું જ દુઃખ, જો આપણે કોઇ જીવને કટુ વચનો કહીએ, શારીરિક ઇજા પહોંચાડીએ કે યાતના પહોંચાડીએ તો થાય છે. અરે! ખરાબ વિચારો કરીને, નિંદા કરીને પણ આપણે બીજાને દુઃખ ઉત્પન્ન કરીએ છીએ. સ્વપ્ને પણ કોઈનું અનિષ્ટ ઇચ્છવું તે હિંસા છે. જો અયુક્ત વિચાર માત્ર હિંસા છે તો પછી કોઈ પણ જીવને મારી નાખવાનો સવાલ જ ક્યાં આવે છે? ઉપર મુજબ આપણે જોઈ શકયા કે હિંસા એજ દુઃખનું મૂળ છે તેથી હિંસા સર્વથા નિવારવી જોઇએ.

આપણે જો મરચા વાવ્યા હોય તો તેમાંથી આમ્રફળ થોડા ઉગે? જેવું વાવીએ તેવું જ લણીએ, જેવું કરીએ તેવું પામીએ. એટલે આપણે જેવું વર્તન અન્ય સાથે કરીએ તેનો બદલો તેવો જ મળે. સૌથી વિશેષ તો જે જીવ અનુચિત વર્તન કરે છે તેનો પોતાનો આત્મા ડંખે છે. તેથી આત્માને છેતરી —તેને ડંખવા દઈ– કોઈ પણ કાર્ય કરવું–કશું આચરવુ તે પણ હિંસા જ છે.

આવું દુઃખ જીવમાત્રને ગમતું નથી ત્યારે સુખ મેળવવા માટે શું કરવું જોઈએ? જગતના મનુષ્યો સુખ મેળવવા માટે વલખાં મારે છે—ઝૂરે છે તેમને એમ લાગે છે કે સુખ સાંસારિક પદાર્થોમાંથી પ્રાપ્ત થશે. તેથી તેને મેળવવા માટે તેઓ કાળા–ધોળા કરે છે. પરિણામે તેને સુખ મળવાને બદલે દુઃખ નિરાશા પ્રાપ્ત થાય છે. એવું જ છે વિષયસુખનું. તેમાંથી આનંદ પ્રાપ્ત કરવાની માનવીની ઈચ્છા બર આવતી નથી. જેમ જેમ તે ભોગ ભોગવે છે તેમ તે પોતે ભોગવાતો જાય છે અને પરિણામે દુઃખ– અસંતોષ તેને આવી મળે છે જે ક્ષણિક સુખને અંતે દુઃખ પ્રાપ્ત થાય તેને સાચું સુખ કહી શકાય નહીં.

જો પથ્થર પાણીમાં તરે, સૂર્ય પશ્ચિમ દિશામાં ઉગે, અગ્નિ ઠંડો થઇ જાય, સિંહ ખડ ખાય તો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ પ્રાણીની હિંસા કોઇપણ કાળે સુકૃતને ઉત્પન્ન કરી શકતી નથી

વળી જે માણસો પ્રાણીના વધ-હિંસાથી ધર્મ અને પરિણામે સુખની વાંચ્છના રાખેછે તે મનુષ્યો ભડભડતા અગ્નિ પાસેથી કમળના વનની ઈચ્છા રાખે છે સર્પના મુખમાંથી અમૃતની, વિવાદથી સુંદર ભાષણની, અજીર્ણથી રોગના નાશની અને ઝેરથી જીવિતની આશા રાખે છે.

શાંતિપર્વનો એક શ્લોક આપણે જોઇએ.

**सर्वे वेदा न तत्कुर्यः सर्वे यज्ञाश्च भारत।**
**सर्वे तीर्थाभिषेकाश्च यत् कुर्यात् प्राणिनो दया॥**

હે ભારત ! બધા વેદો તે નથી કરતા સર્વ યજ્ઞો પણ તે નથી કરી શકતા, સઘળાં તીર્થોમાં કરેલ અભિષેક તે નથી કરતા, જે પ્રાણી માત્રની દયા કરી શકેછે. એટલેકે દયા (અહિંસા)ના ફળ આગળ તે બધી વસ્તુઓ અર્થ વગરની છે

બીજો શ્લોકપણ જોઈએ.

**अहिंसा परमो धर्मस्तथाऽहिंसा परो दम:।**
**अहिंसा परमं दानमहिंसा परमं तप:॥**

સર્વથી શ્રેષ્ઠ ધર્મ અહિંસા છે. અહિંસા ઊંચામાં ઊંચો દમ છે. દાન પણ અહિંસા છે અને ઊંચું તપ પણ અહિંસા છે.

અર્થાત્ ધર્મ, દમ, દાન અને તપ એ ચારે ઊંચા છે પરંતુ જો જીવો પ્રત્યે અહિંસા નથી મનુષ્યો અહિંસાનું પાલન કરતા નથી તો પછી ધર્મ, દમ, દાન અને તપનો કશો જ અર્થ નથી.

મુસ્લિમ ધર્મના મહાન ગ્રંથ કુરાને શરીફમાં ( સુરા ઉલ સિપારા મંજલ ૩ આયા તેમાં) પણ કહ્યું છે કે : —

"મક્કામાં તેની હદ સુધીમાં પ્રાણી વધ કરવો નહીં, અને મક્કાની હજ (યાત્રા) કરવા નીકળેલા એ ઘેરથી નિકળે ત્યારથી યાત્રા કરીને પાછો ફરે ત્યાં સુધી કોઈ પણ જાનવરને મારવુ નહીં."

આ રીતે અનેક ધર્મો અહિંસાને પુષ્ટિ આપે છે અને હિંસાને વર્જ્ય ગણે છે.

અહિંસા એટલે જીવમાત્રને સર્વ પ્રકારે અભયદાન. માનવી માત્ર અન્યનું શુભ ચિંતવે, અન્યને સુખ ઉત્પન્ન કરવા માટે આચરણ કરે, સત્ય પણ પ્રિય બોલે, પોતે દુ:ખ, યાતના, અને નુકશાન વહોરીને પણ પરોપકાર કરે તો આ વિશ્વ ઉપર સાચા અર્થમાં સ્વર્ગ ઉતરી આવે.

આવી અહિંસા આચરવી હશે તો પ્રત્યેક માનવીનુ ચારિત્ર્ય મજબુત હોવું જોઈશે. તેને માટે ભગવાન મહાવીર સ્વામીના અંતિમ ઉપદેશમાંથી મેળવેલા કેટલાંક સુભાષિતો અત્યંત ઉપયોગી થઈ પડશે. આ રહ્યું એક વિચાર—રત્ન.

પોતાની જાતને જીતવી જોઇએ. પોતાની જાતને જીતવી જ મુશ્કેલ છે. જેણે જાત જીતી છે, તે આ લોક અને પરલોકમાં સુખી થાય છે. (પોતાની જાતને જીતનારનું ચારિત્ર્ય ખૂબ મજબુત બને છે.)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાનની પ્રાર્થના

શ્રી રતિલાલ મફાભાઈ-માંડલ

હે ભગવન ! આજે ચૈત્ર સુદી ૧૩નો દિવસ છે. અમારે મન એ પરમ પવિત્ર દિવસ છે કે જે દિવસે તેં આ દુનિયા પર જન્મ લઇ-વિશ્વ-કલ્યાણ અર્થે મૂંઝાયેલા જગતને સુખ શાંતિનો માર્ગ શોધી આપ્યો હતો.

એ પુનિત સ્મરણની યાદમાં આજે મંદિરે મંદિરે ઘંટાનાદ થશે. તારે કંઠે પુષ્પમાળાઓનું પરિધાન થશે તેમજ ધૂપ-દીપ અને રંગબેરંગી પુષ્પોથી વાતાવરણ મઘમઘી ઊઠશે.

આજે ક્યાંક ક્યાંક એ પુનિત ઘડીની યાદમાં ચૈત્યપરિપાટીઓ યોજાશે, મંદિરોમાં સ્નાત્ર મહોત્સવો રચાશે અને તારે નામે દબદબાભર્યા વરઘોડાઓ પણ નીકળશે. આજના દિવસનો આનંદ અમારા માટે કોઈ અનેરો હોઇ મંદિરોમાં પૂજાઓ ભણાશે, પ્રભાવનાઓ પણ થશે અને રાત્રે ભાવનાઓ પણ બેસશે.

આજે કોઇ દાન કરશે, કોઇ તપ કરશે, કોઈ તારા નામની માળા ફેરવશે તો કોઈ તારે નામે આંગીઓ રચાવશે, તો કોઈ કોઇ ગામ-નગરે ભવ્ય મંડપો બાંધી તારા નામના વ્યાખ્યાનો, પ્રવચનો અને સભાઓ પણ યોજશે.

મૂંઝાયેલા જગતને તેં અહિંસાનો, પ્રેમનો, દયા-કરૂણાનો, સમતા, ત્યાગ, તપ અને જીવનશુદ્ધિનો આચાર બતાવી નિર્વાણનો-પરમ સુખ શાંતિનો માર્ગ મોકળો કરી આપ્યો હતો, એની યાદમાં આટલું કરવું એ કંઇ વિશેષ વાત છે ?

આજે તો અમે તારો વેષ પહેરીને તેં બાંધી આપેલા રાજમાર્ગ પર ચાલીએ છીએ, મહેલાતોમાં વસીએ છીએ ને મનમાન્યા ભોજનો જમીએ છીએ. પ્રવાસ, યાત્રા કે વિહારમાં અમને કોઇ તકલીફ નથી. જ્યાં જઇએ છીએ ત્યાં લોકો ઉલટા સામેથી આવી અમને આદર ભાવથી વધાવી લે છે ને ટોળે મળીને જે જોઇએ છે તે હાજર કરે છે. 'દુઃખ-ઉપસર્ગ કે પરિષહ' શબ્દની કલ્પના જ આજે અમને નથી રહી એમ કહીએ તો ય કંઈ ખોટું નથી. કુટુંબ બાંધીને રહેનારા અમે પણ હે ભગવન ! તારે પ્રતાપે એકંદર સુખી જ છીએ. જો કે દુઃખની વાદળી આજે ઊતરતી જણાય છે, પણ હજુ અમે સત્ત્વહીન નથી બન્યા. ને એટલે જ અમે લાખોના ખર્ચે ઉપધાનો ઊજવીએ છીએ, પ્રતિષ્ઠા મહોત્સવો યોજીએ છીએ અને કૈંક એવા ઠાઠ ભર્યા ઉત્સવો માણવા યાત્રા પ્રવાસો પણ કરીએ છીએ. પણ હે ભગવન ! જે ભવ્ય રાજમાર્ગ ઉપર અમારી સવારી કૂચ કરી રહી છે એ રાજમાર્ગ ઊભો કરવા માટે પથરાયેલાં ઝાડીઝાંખરાઓ તોડી પાડવા તારે કેટલો પ્રબળ પુરુષાર્થ કરવો પડ્યો હતો ? અને એ માટે તેં કેટલું બધું સહન કર્યું હતું એનો વિચાર કરીએ છીએ ત્યારે મતિ અમારી મૂંઝાઇ જાય છે.

તેં પત્ની તજી, પુત્રી તજી, ભાઇ તજ્યા, કુટુંબ તજ્યું. એ બધું કોના માટે ? અમારા માટે જ ને ! અમારા માટે તું વનવન ફર્યો, પહાડોની કંદરાઓમાં ભમ્યો, મસાણો અને ઉજ્જડ સ્થાનોમાં પડી રહ્યો. ખુલ્લાં ખેતરો કે નદીના ભાઠા પર પણ તેં રાતો ગાળી. ક્યારેક વસતી સ્થાનમાં ક્યારેક ઉદ્યાનોમાં તો ક્યારેક ભયંકર સર્પોના રાફડા ઉપર પણ તેં દિવસો નિર્ગમન કર્યા હતા. અને છતાં ત્યાંય ચોવીસે કલાક ખડે પગે ઊભા રહીને જ.

નથી તેં સાડાબાર વર્ષમાં બે ઘડીથી વધુ ઉંઘ લીધી કે નથી ૩૪૯ દિવસથી વધુ તે કંઈ ખાધું પીધું અને તેય લુખું સુકું. મોટે ભાગે તો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અડદના બાકળાથી જ તેં ચલાવ્યું હતું.

તું રાજપુત્ર હતો. ઘરે સાહ્યબી હતી. તારી સેવા માટે પાણી માંગતા દૂધ હાજર કરનારા દાસદાસીઓનો પરિવાર હતો. ૩૨ જાતના ભોજન અને તેત્રીસ જાતના શાક તારી થાળીમાં પીરસાતાં હતાં. સગા-વહાલાં મિત્રોથી તું સદા ઘેરાયેલો રહેતો અને જ્યાં જતો ત્યાં આદરમાનથી સહુ તને વધાવી લેતાં છતાં તેં જંગલની વાટ લીધી. નિર્જન ભયંકર જંગલમાં સુસવાતા વાયરા અને વિકરાળ પશુપક્ષીઓ વચ્ચે તેં રાતો ગાળી. ન મળે કોઇ સાથી, ન મિત્ર કે ન સેવક. પહેરવા વસ્ત્ર નહીં. પાથરવા પથારી નહીં. બેસવા આસન નહીં, એવી સ્થિતમાં તેં વર્ષો સુધી અમારે માટે નિર્વાણનો માર્ગ શોધવામાં જ સમય ગાળ્યો હતો.

તારે કોઈ જ બીજો સ્વાર્થ નહોતો, કેવળ વિશ્વ પ્રત્યે નિષ્કામ-કારૂણ્ય ભાવના હતી, છતાં તને લોકોએ કેવી પજવણી કરી? અજ્જડ લોકો તારા પર શિકારી કૂતરા છોડી મૂકતા અને તને કરડીને માંસના લોચા તારા શરીરમાંથી તોડી કાઢતા. કોઈએ તને દોરડે બાંધી કૂવે ઉતાર્યો, કોઈએ નેતરની સોટીથી લોહીની ટસરો ફૂટી આવે એવો માર માર્યો, કોઇએ તને બંદીખાને પૂર્યો, કોઇએ તારા કાનમાં લાકડાની ખીલીઓ ખોસી દીધી, કોઈએ તારા પગ બાળી મૂક્યા, કોઈએ મૂઢમાર માર્યો, કોઈએ ફંગોળ્યો તો કોઈએ બીજી રીતે, ત્રીજી રીતે તને અનેક કષ્ટો આપ્યા. જે રીતે માણસોથી તેવી રીતે દેવો-દુષ્ટો તેમજ પશુપક્ષીઓ અને ભૂતપિશાચોથી પણ તને જે જે કષ્ટો પડ્યા એ બધાના વર્ણનો વાંચતા આજ પણ અમારું હૈયું ફફડી ઉઠે છે. આંખો આંસુઓથી ભરાઇ જાય છે. અને કાન વિશેષ સાંભળવાનો જ ઈન્કાર કરે છે. કારણ કે એ દુઃખ સાંભળવાની પણ અમારી શક્તિ નથી રહી. છતાં તને નથી કદી ગુસ્સો આવ્યો. નથી કંટાળો આવ્યો કે નથી અણગમો પેદા થયો. ઉપરથી એવા લોકો માટે પણ તેં કેવળ દયા-કરૂણાથી પ્રેરિત બની આંસુઓ જ વહાવ્યા છે. શંખરાજાએ કહેલું તેમ હે ભગવન્! 'તારૂં હૃદય જ સહન શક્તિમાં વજ્ર જેવું અને બીજી બાજુ કરૂણામાં પુષ્પથી પણ મૃદુ હોવું જોઇએ તે યથાર્થ લાગે છે'.

હે ભગવન્! કષ્ટ-સહિષ્ણુતામાં તું હિમાલય જેવો છે, દયા-કરૂણા-સાગર જેવો છે અને ધૈર્યમાં પહાડ રૂપ છે. એથી તારા પુત્રો હોવાનો દાવો કરનારા અમને — નાનીશી વાતોમાં પણ લડી પડતા જોઇને — શરમ ઉપજે છે. તારી કંડારેલી મૂર્તિને કંદોરો ન હોય તો અમે સળગી જઈએ છીએ ને કદી બહારના ચક્ષુ ચોડેલા હોય તો ધુંવાફુંવા થઈ લડવા માટે મેદાનમાં ઊતરી પડીએ છીએ.

નાના નાના ગોળ પથ્થરના ટૂકડાઓને પ્રતીક બનાવી અમે એમાં પંચપરમેષ્ટિ દેવોનું દર્શન કરી શકીએ છીએ; પણ તારી મૂર્તિને પ્રતીક બનાવી એ દ્વારા તારૂં દર્શન કરવાનું જ અમે ભૂલી ગયા છીએ. કારણ કે આ પથરો ચક્ષુવિનાનો છે અને આ પથરો કંદોરા વિનાનો છે એવા પત્થર માટે સદા માથા ફોડાવવામાં જ અમે ધર્મ માની લીધો છે. કારણ કે પથ્થર પૂજાથી અમે આગળ વધીજ શક્યા નથી.

હે પ્રભો! આજનો આ મંગલ શુભ દિવસ અમારી જાંઘ ખોલીને બગાડવા નથી ઇચ્છતો પણ ભગવન્! એટલું તો પ્રાર્થું જ છું કે **અમને એવી દૃષ્ટિ આપ કે જેથી અમે બન્ને પ્રકારની મૂર્તિઓ દ્વારા તારુંજ દર્શન કરી શકીએ. અને બન્નેમાંથી ગમે તે પ્રકારની પૂજા તને પહોંચે એવું અમને અભયવચન આપ કે જેથી અમે રોજની આ હૈયા હોળીમાંથી ઊગરી શકીએ.**

આજના આ મંગલ પર્વ દિને હે પ્રભો! અમારી આટલી નમ્ર માગણી કબૂલ કરી અમારા પર કૃપા વરસાવીશ તોય તે અમારે માટે મોટા વિજય સમાન બનશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મોક્ષનું સ્વરૂપ

આચાર્ય જિતેન્દ્ર જેટલી

ભારતીય દર્શનોમાં જીવનના અંતિમ ધ્યેય તરીકે મોક્ષને સ્વીકારમાં આવ્યો છે. આ મોક્ષનાં સ્વરૂપ વિશે દર્શનોમાં મતભેદ હોવા છતાં આ મોક્ષ એ કોઈપણ કર્મનું ફળ નથી પરંતુ કર્મનો ક્ષય થયા પછી જ મોક્ષ થાય છે એમ મોક્ષનું ધ્યેય સ્વીકારનાર સર્વે દર્શનો માને છે. આ બાબતમાં જૈન દર્શન પણ અન્ય દર્શનોની જોડે જ છે. મોક્ષ પ્રાપ્તિ પૂર્વે કેવળજ્ઞાન યા તત્ત્વજ્ઞાનની ભાષામાં તત્ત્વજ્ઞાન યા દર્શન થવું આવશ્યક છે. આ પ્રકારનું તત્ત્વદર્શન યા આત્મસ્વરૂપ દર્શન થવામાં હેતુઓ જણાવતાં

**તત્ત્વાર્થસૂત્રકાર** જણાવે છે કે.

**मोहक्षयाज्ज्ञानदर्शनावरणान्तराय क्षयाच्च केवलम् ।**

અર્થાત્ આ જીવનમાં મોહનો સંપૂર્ણ ક્ષય થઈ ગયા બાદ સાચું જ્ઞાન થવામાં તથા સાચું દર્શન થવામાં જે કાંઈ આવરણો હોય એનો ક્ષય થાય છે, ત્યાર પછી જ એટલે કે સત્યજ્ઞાન તથા સત્યદર્શનના આવરણોનો ક્ષય થયા પછી જ કોઈપણ અન્તરાય ન રહેતાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે. આ કેવળજ્ઞાન એ જ તત્ત્વજ્ઞાન છે. કેવળજ્ઞાન કિંવા કેવળ ઉપયોગનો અર્થ આત્માને પોતાના સ્વરૂપનું સાચું દર્શન થવું એ છે. આ આત્મા ચૈતન્યમય જ્ઞાનમય અને એટલે જ પ્રકાશમય છે. આત્માના આ સ્વરૂપનું દર્શન એટલે કે સાક્ષાત્કાર જેને તત્ત્વજ્ઞાનની પરિભાષામાં આત્મ–સાક્ષાત્કાર થયો એમ કહીએ છીએ. એ જ શરીર છૂટ્યા પછી જીવાત્માનો જે મોક્ષ થાય છે એની પૂર્વાવસ્થા છે. આવો આત્માનો સાક્ષાત્કાર જેને થયો છે એને આપણે જીવન્મુક્ત કિંવા કેવળ કહીએ છીએ. આ કેવળજ્ઞાન પ્રગટ થવામાં જો કોઈ સૌથી મોટો અન્તરાય હોય તો એ મોહ છે. એનો ક્ષય થવો એ સૌથી અગત્યની બાબત છે. જીવાત્માને સંસારના જે કાંઈપણ બન્ધનો ઉત્પન્ન થાય છે અથવા જલદીથી છૂટતાં નથી એમાં મુખ્ય કારણ મોહ છે. આ મોહનો જો જરાપણ અંશ રહી જાય તો તત્ત્વજ્ઞાન પ્રગટ થતું નથી. આ મોહ જ આત્માને પોતાના સાચા રૂપનું દર્શન કરતાં રોકે છે. **ન્યાયદર્શનમાં** પણ રાગ દ્વેષ અને મોહમાં મોહનું પ્રાધાન્ય સમજાવતાં સૂત્રકાર કહે છે કે.

**तेषां मोहः पापीयान्नामूढस्येतरोत्पत्तेः ।**

અર્થાત્ રાગ, દ્વેષ તથા મોહમાં મોહ જ સૌથી વધારે પાપી છે યા ખરાબ દોષ છે કારણ કે જે મૂઢ નથી એટલે કે જેનામાં મોહ નથી રહ્યો એનામાં રાગ કોઈપણ વસ્તુ પ્રત્યે આસક્તિ કે દ્વેષ એટલે કોઈપણ વસ્તુ પ્રત્યેનો અણગમો–ઉત્પન્ન થતો નથી. આમ બધાંયે દર્શનો આ મોહને જ મુખ્ય દોષ તરીકે સ્વીકારે છે. વેદાન્તમાં પણ જેને માયા કહેવામાં આવે છે યા અવિદ્યા કહેવામાં આવે છે એ મોહનું જ પરિણામ છે. જ્યાં સુધી જીવાત્મા સાથે મોહના સૂક્ષ્મમાં સૂક્ષ્મ અંશનો સંબંધ છે ત્યાં સુધી જીવાત્માને સાચું દર્શન તે સાચું જ્ઞાન પ્રગટ થતું નથી. આમ મોહ એ એક મુખ્ય આવરણ હોઈ **તત્ત્વાર્થસૂત્રકાર** પણ કેવળજ્ઞાન થવામાં મોહના ક્ષયને ખૂબ જ પ્રાધાન્ય આપે છે.

વસ્તુતઃ સંસાર પ્રત્યેની મિથ્યાદૃષ્ટિમાં જો કોઈ મુખ્યકારણ આપણને સૌને આ સંસારમાં બાંધી રાખતું હોય તો એ મોહ છે. વેદાન્તમાં પણ અન્તઃકરણની ઉપાધિવાળા આ બ્રહ્મને એટલેકે આપણે જેને જીવાત્મા કહીએ છીએ એને પોતાનાં રૂપનું યથાર્થજ્ઞાન ન થવામાં જો કોઈ મુખ્ય કારણ હોય તો તે આ મોહ છે. એ જ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**અવિદ્યા** કિંવા માયારૂપે જીવાત્માને **બ્રહ્મદર્શન** થવામાં અન્તરાય છે. આ બાબતનો સ્વીકાર મોક્ષને માનનાર બધાં જ દર્શનો કરે છે. મોહનો આત્યન્તિક ક્ષય એટલેકે ફરીથી એ મોહ ઉત્પન્ન જ ન થાય એ પ્રકારનો ક્ષય થયા બાદ જ કેવળજ્ઞાનનો આવિર્ભાવ થાય છે. આ આવિર્ભાવ થયા બાદ જીવાત્માને બંધનમાં રાખનાર એની સાથે જોડાયેલાં કર્મોનો નાશ થાય છે. કેવળજ્ઞાન થાય પછી પણ જ્યાં સુધી પૂર્વે કરેલ કર્મોનો કર્મના વિપાકદ્વારા કિંવા તપદ્વારા નાશ ન થાય ત્યાં સુધી આ શરીર ટકે છે. આ બાબત સમજાવતાં તત્ત્વાર્થ સૂત્રકાર જણાવે છે કે

**बन्धहेत्वभावनिर्जराभ्याम् ।**

એટલેકે એકવાર કેળવજ્ઞાનનો આવિર્ભાવ થાય એટલે તુરત જ બન્ધનાં કારણભૂત એવાં કર્મો થતાં અટકી જાય છે. આ ઉપરાંત પૂર્વના અંતિમ જે કર્મોનો વિપાક બાકી રહ્યો હોય છે એનો નાશ પણ તપ દ્વારા થઈ જાય છે. આ કેવળી યા જીવન્મુકત હવે જે કાંઈ કર્મો પણ કરે છે એ આ સંસારના બન્ધનમાં કારણ થતાં નથી કારણકે આ કર્મોમાં પ્રમત્તયોગ નથી એટલે કે રાગ પ્રેમ યા મોહ જેવા કોઈપણ કષાયોનો સંબંધ નથી. **ગીતાની** પરિભાષામાં આપણે કહીએ તો જીવન્મુક્તનાં આ કર્મો એ અનાસક્ત કર્મો છે. કષાયયુક્ત કિંવા આસક્તિયુકત કિંવા પ્રમત્તયોગ જેમાં રહ્યો છે એવાં કર્મો જ જીવાત્માને આ સંસારમાં બાંધે છે અન્ય નહિ. પોતાના પૂર્વસંચિત કર્મોનો નાશ કેવળી કાં તો વિપાક દ્વારા અને એમ ન થઇ શકે તો ઉપર જણાવ્યું તેમ તપદ્વારા કરે છે. આ રીતે બધાંએ કર્મોનો ક્ષય થઈ જાય પછી જ જીવાત્માને મોક્ષ મળે છે. આ સમજાવતાં સૂત્રકાર કહે છે કે,

**कृत्स्नकर्मक्षयो मोक्षः ।**

સંપૂર્ણ કર્મોનો આત્યન્તિક ક્ષય થવો એટલે કે બંધના કારણ એવાં કર્મોનો નાશ થવા સાથે એ થવાની સંભાવનાનો પણ ક્ષય થવો તથા અવશિષ્ટ કર્મના ફળનો પણ વિપાક કે તપ દ્વારા નાશ થવો એ જ આત્માનો મોક્ષ છે. આ રીતે બધાં કર્મોના ક્ષય પછી શરીર છૂટી જતાં મોક્ષ પ્રાપ્તિ થાય છે.

અહિં આપણે જોયું કે મોહનો નાશ થયા બાદ મોહનીય આદિ પૂર્વોક્ત ચાર કર્મોનો આત્યન્તિક એટલેકે સદાને માટે નાશ થાય છે. આવો નાશ થયા પછી જ વીતરાગત્વ તથા કેવળીપણાનો આવિર્ભાવ થાય છે. આમ છતાં આવા સમયે પણ વેદનીય આદિ કાર્યો પોતાના અત્યન્ત વિરલ તથા સૂક્ષ્મ રૂપમાં વિદ્યમાન હોઈ જ્યાં સુધી એ કર્મોનો પણ નાશ ન થાય ત્યાં સુધી આ શરીર છૂટતું નથી. આ કર્મોનો ક્ષય થયા પછી જ શરીર છૂટે છે, અને મોક્ષ થાય છે. આમ મોક્ષ એ કોઈપણ પ્રકારનાં કર્મો ફળનું નથી આ બાબતમાં અન્ય દર્શનો જેવાં કે સાંખ્ય-યોગ, ન્યાય-વૈશેષિક ને વેદાન્તની જુદી જુદી બધી જ શાખાઓ તથા બૌદ્ધ દર્શનની ચારે શાખાઓ એકમત ધરાવે છે. જે કાંઇપણ મતભેદ છે એ આ મોક્ષના સ્વરૂપ વિશે છે.

સાંખ્ય-યોગ મત પ્રમાણે જીવાત્મા મોક્ષમાં માત્ર ચૈતન્ય રૂપે રહે છે. જ્ઞાન કે સુખદુઃખ વગેરે ધર્મો પ્રકૃતિના છે. આત્માનો સંબંધ આ ધર્મો સાથે પ્રકૃતિને કારણે જ હોઇ પ્રકૃતિ પુરુષ વિવેકખ્યાતિ થતાં એટલે કે હું પ્રકૃતિથી જુદો જ છું અને પ્રકૃતિના ધર્મો એ મારા ધર્મો નથી એ પ્રકારનું તત્ત્વજ્ઞાન થતાં આ બધા ધર્મોનો સંબંધ પણ છૂટી જાય છે. પ્રકૃતિના ધર્મોનો આ સંબંધ વિવેકની ખ્યાતિ ન હતી માટે હતો, આત્માનું સાચું સ્વરૂપ એ ઉદાસીન છે એ જ છે. તત્ત્વજ્ઞાન થયા પછી થનાર મોક્ષમાં આત્મા આ ઉદાસીન સ્વરૂપે વિદ્યમાન રહે છે. પરંતુ આ પ્રકારનું સ્વરૂપ કર્મોના નાશ વિના પ્રાપ્ત થતું નથી.

ન્યાયવૈશેષિકના મતે મોક્ષ એટલે દુઃખનો આત્ય-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ન્તિક અભાવ આ આત્યન્તિક દુઃખાભાવ એટલે કે હંમેશને માટે દુઃખનો અભાવ એ જ્યાં સુધી બધાં કર્મોનો નાશ ન થાય ત્યાં સુધી થતો નથી. એ નાશ થયા પછી મોક્ષમાં આત્માના બધા ગુણોનો એટલે કે જ્ઞાન સુદ્ધાંનો નાશ થાય છે. આ રીતે આત્મા નિર્ગુણ થઈને રહે છે. આ જાતના આત્માનું અસ્તિત્વ હોવું કે ન હોવું સરખું જ છે.

બૌદ્ધો દ્રવ્ય નામના પદાર્થનો સ્વીકાર કરતા નથી એટલે આત્મા નામના અલગ દ્રવ્યનો પણ સ્વીકાર કરતા નથી. એમના મતે જ્ઞાનસંતતિ આ પંચ સ્કન્ધ રૂપ આત્મા, જેને આપણે આત્મા કહીએ છીએ, એનું નિર્વાણ થતાં આ જ્ઞાનસંતતિ અટકી જાય છે. આમ શરીર છૂટ્યા પછી આ જ્ઞાનસંતતિનું અટકી જવું એ જ બૌદ્ધોનો મોક્ષ છે. આ રીતે આપણે તપાસીએ તો બૌદ્ધોના નિર્વાણ અને ન્યાય-વૈશેષિકના મોક્ષમાં કોઈ બહુ તાત્ત્વિક ફરક નથી. ન્યાય-વૈશેષિકના મતે આત્મા માત્ર કહેવા ખાતર રહે છે. એના કોઈપણ ગુણ રહેતા નથી. આવા નિર્ગુણ આત્માનું અસ્તિત્વ હોવું કે ન હોવું એ એકસરખું છે એમ અન્ય દર્શનો કહે છે. સાંખ્ય-યોગના મતે પણ ઉદાસીન આત્માનું અસ્તિત્વ હકીકતે ન્યાય-વૈશેષિકના આત્માના અસ્તિત્વ જેવું જ છે. આપણે બરાબર વિચારીશું તો મોક્ષના સ્વરૂપની બાબતમાં આપણે જાણી શકીશું કે ન્યાય-વૈશેષિકના મોક્ષના સ્વરૂપમાં બૌદ્ધોની સ્પષ્ટ અસરને તથા સાંખ્ય-યોગના મોક્ષના સ્વરૂપમાં પણ આડકતરી બૌદ્ધોની અસર છે. મોક્ષ થયા પછી આત્માને આત્યન્તિક સુખ પ્રાપ્ત થાય છે એવું ન્યાય-વૈશેષિક, સાંખ્ય-યોગ કે બૌદ્ધો સ્વીકારતા નથી.

આ બાબતમાં જૈન દષ્ટિ કાંઈક જુદી પડે છે. જૈન દષ્ટિએ મોક્ષ થતાં આત્મામાં અનંતજ્ઞાન, અનંતવીર્ય તથા અનંતસુખનો પણ આવિર્ભાવ થાય છે. મોક્ષ થતાંની સાથે પણ સર્વદુઃખોનો અંત આવી જાય છે એટલું જ પુરતું નથી પરંતુ આત્મા અનિર્વચનીય એવા શાશ્વતિક આનંદને પ્રાપ્ત કરે છે. જૈન દષ્ટિ એમ જણાવે છે કે જે મોક્ષમાં આવો શાશ્વતિક આનંદ પ્રાપ્ત ન થતો હોય તો કોઈપણ વ્યક્તિ કેવળ દુઃખાભાવરૂપ-મોક્ષ મેળવવા પ્રયત્ન જ ન કરે એટલે મોક્ષમાં આત્માના જ્ઞાનમય સ્વરૂપનો આવિર્ભાવ થતાંની સાથે આત્મા શાશ્વતિક એવા આનંદને પણ પ્રાપ્ત કરે છે.

વેદાન્તને મતે મોક્ષ એટલે જીવાત્માનો બ્રહ્મીભાવ થવો યા જીવાત્માનું પોતાના સાચા સ્વરૂપમાં મળી જવું એ છે. જીવાત્મા પોતે જીવાત્મા તરીકે ત્યાં સુધી જ અસ્તિત્વ ધરાવે છે, જ્યાં સુધી અવિદ્યા યા માયાને કારણે એને અંતઃકરણની ઉપાધિ રહે છે. આ અવિદ્યાનો ક્ષય થયા પછી તરત જ જીવાત્માનો સ્વરૂપાવિર્ભાવ અર્થાત સાચું બ્રહ્મસ્વરૂપ પ્રગટ થાય છે. વેદાન્તને મતે બ્રહ્મ એ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ ચિત્ અને આનંદ એ બ્રહ્મના ગુણો નથી પણ એ બ્રહ્મનું સ્વરૂપ હોઇ અવિદ્યાનું બંધન છૂટી ગયા બાદ જીવાત્મા આ સ્વરૂપમાં અર્થાત્ પોતાના મૂળ સ્વરૂપમાં-બ્રહ્મ સ્વરૂપમાં આવી જાય છે. આમ આપણે બરાબર વિચારીએ તો જૈન દ્રષ્ટિનું મોક્ષનું સ્વરૂપ કાંઈક અંશે વેદાન્તના સ્વરૂપને મળતું આવે છે. આગળ જણાવ્યું તેમ સાંખ્ય-યોગ તથા ન્યાય-વૈશેષિક સ્વીકારેલ મોક્ષના સ્વરૂપમાં બૌદ્ધોએ સ્વીકારેલ મોક્ષના સ્વરૂપની અસર જણાય છે જ્યારે આ બાબતમાં જૈન દ્રષ્ટિ પુરેપુરી વ્યાવહારિક છે. આ કારણે એ સામાન્ય વ્યક્તિને પણ સમજાવી શકાય એવી છે. વેદાન્તની દષ્ટિમાં બ્રહ્મ અને જીવાત્મા પારમાર્થિક દષ્ટિએ જુદા ન હોઈ એનું આખું સ્વરૂપ કાંઈક અંશે દુર્ગમ્ય બને છે જ્યારે અહિં એમ નથી.

અહિં આપણે એક બાબત સ્પષ્ટ કરવાની રહી



For Private And Personal Use Only

તે એ કે આ બધાં દર્શનો મોક્ષના સ્વરૂપને ભલે પોતાની રીતે વર્ણવે પણ આખરે એ અનુભવનો વિષય છે. આ સ્વરૂપ એના સાચા અર્થમાં શબ્દોથી કે વર્ણન માત્રથી સમજાય એવું નથી. એ માત્ર અનુભવ ગમ્ય છે ખરી રીતે શબ્દોનો વ્યવહાર ત્યાં પહોંચતો નથી. જે પ્રમાણે આપણે આપણા દૈનંદિન વ્યવહારમાં પણ કેટલીએક બાબતો કોઈને સમજાવી શકતા નથી. જેમ કે આપણા સુખ કે દુઃખના અનુભવો. આ માત્ર અનુભવ જન્ય છે. તે પ્રમાણે મોક્ષનું સ્વરૂપ પણ કાંઈક આવું જ છે. તર્કથી કે ચર્ચા વિચારણાથી એ સ્વરૂપ સમજાય એવું નથી. આ વિશે વિવાદ કરવા કરતાં આ બાબતમાં અનેકાન્ત દૃષ્ટિ રાખવી એ જ આ બાબતને ચર્ચામાં નહિ ખેંચી જવાનો રાજમાર્ગ છે. બાકી મોક્ષ પ્રાપ્ત કરવાના ઉપાયોમાં આપણે જોઈ શકયા કે સર્વદર્શનો એકમત છે. આપણે પણ લાંબી ચર્ચા વિચારણા કરવાને બદલે અનેકાન્તિક દૃષ્ટિ સ્વીકારી એને પામવાના ઉપાયોનો વિચાર કરીએ એજ ઈષ્ટ છે.

**ભોજ રાજાની** એક વાત કહેવાય છે. પોતાના રાણીવાસમાં સવારના સમયે ભોજ રાજા એક સમયે ગયા. પટરાણી કોઈ સાથે અંગત વાત કરતાં હશે ત્યાં અચાનક જઈ ચડવાનું થતાં તેઓની ચાલુ વાતમાં વિક્ષેપ પડયો અને પટરાણીએ ઉચ્ચાર્યું : "કેવો મૂર્ખ !'

ભોજ રાજા બોલ્યા ચાલ્યા વિના પાછા ફર્યા અને વિચારમાં પડયા કે, રાણીએ મને મૂર્ખ કેમ કહ્યો ? સભામાં આવી આસન ઉપર બિરાજ્યા અને જેમ જેમ દરબારીઓ અને પંડિતો આવતા ગયા અને પ્રણામ કરતા ગયા તેમ તેમ તેમને 'કેવો મૂર્ખ' એમ કહેતા ગયા. દરેક દરબારી અને પંડિત પોતાની કંઈ ભૂલ થઈ હશે અને તેથી પોતાને મૂર્ખ કહ્યો હશે તેમ માની પોતાનું આસન લેતા ગયા.

કાલિદાસ સભામાં આવ્યા અને ભોજ રાજાને પ્રણામ કર્યા. તરત જ ભોજરાજાએ કાલિદાસને 'કેવો મૂર્ખ' એમ કહ્યું. કાલિદાસે વળતો પ્રશ્ન પૂછ્યો :

'खादन् न गच्छामि हसन्न जल्पे, गतं न शोचामि कृतं न मन्ये ।
द्वाभ्यां तृतीयो न भवामि राजन्, किं कारणं भोज भवामि मूर्खः ॥

'હે ભોજ રાજા, હું ખાતાં ખાતાં ચાલતો નથી, હસતાં હસતાં બોલતો નથી, થઈ ગયેલી બાબતને યાદ કરી શોક કરતો નથી, બીજા ઉપર કરેલા ઉપકારને મન પર લેતો નથી, અને બે જણા વાત કરતા હોય ત્યાં ત્રીજો બંનેની વચ્ચે પડતો નથી. તો પછી કયા કારણસર હું મૂર્ખ ગણાઉં છું ?"

કાલિદાસની ચતુરાઈમાં પોતાને રાણીએ મૂર્ખ કહ્યાનું કારણ ભોજ રાજાને તરત સમજાઈ ગયું !

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મથુરા : જૈન કલા*

મથુરા પણ જૈનધર્મનું અત્યંત પ્રાચીન કેન્દ્ર હતું. જેવી રીતે બૌદ્ધોએ અહીંયા પ્રાચીન સ્તૂપોનું નિર્માણ કર્યું અને જેવી રીતે હિન્દુઓએ પોતાના દેવતાઓ માટે પ્રાસાદ અથવા મંદિરોનું નિર્માણ કર્યું એવી જ રીતે જૈનધર્મના અનુયાયી આચાર્યોએ મથુરાને પોતાનું કેન્દ્ર બનાવીને પોતાના ભક્ત શ્રાવક-શ્રાવિકાઓ દ્વારા ત્યાં સ્તૂપો અને મંદિરોની સ્થાપના કરી.

કંકાલીટીલાના ખોદકામમાં જૈન શિલ્પની અદ્ભુત સામગ્રી પ્રાપ્ત થઇ છે. એ જ ટીલાની ભૂમિપર એક પ્રાચીન જૈનસ્તૂપ અને બે પ્રાસાદ અથવા મંદિરોનાં અવશેષો મળે છે. અર્હત્ નન્દ્યાવર્ત અર્થાત્ અઢારમા તીર્થંકર અરનાથની એક પ્રતિમાની નીચે લખાયેલા એક લેખમાં જણાવ્યું છે કે કોટિય ગણની વજ્રી શાખાના વાચક આર્ય વૃદ્ધહસ્તીની પ્રેરણાથી એક શ્રાવિકાએ દેવ નિર્મિત સ્તૂપમાં અર્હતની પ્રતિમા સ્થાપિત કરી, (એપિગ્રાફિયા ઇણ્ડિકા ભાગ ૨, લેખ ૨૦) આ લેખ સંવત ૮૯ અર્થાત કુષાણ સમ્રાટ વાસુદેવના રાજ્યકાળનો છે. તેનો દેવનિર્મિત શબ્દ મહત્ત્વપૂર્ણ છે. બૂલર, સ્મિથ આદિ વિદ્વાનોની માન્યતા છે કે એ સમયમાં સ્તૂપના વાસ્તવિક નિર્માણકર્તાઓના વિષયમાં લોકોનું જ્ઞાન વિસ્મૃત થઇ ગયું હતું અને તેઓ સ્તૂપ એટલો પ્રાચીન માનવા લાગ્યા હતા કે તેના માટે 'દેવનિર્મિત" એ નામની કલ્પના સંભવિત થઇ હતી. આપણે પણ સમજીએ છીએ કે 'દેવનિર્મિત' શબ્દ સાભિપ્રાય છે અને જેવું (રાયપસેણિસુત્ત.)માં દેવતાઓદ્વારા વિશાળ સ્તૂપના નિર્માણનું વર્ણન છે, કંઇક એવા પ્રકારની નિર્માણકલ્પના મથુરાના એ સ્તૂપના વિષયમાં કરવામાં આવતી હતી. તિબ્બતના વિદ્વાન બૌદ્ધ ઇતિહાસ લેખક તારાનાથે અશોકકાલીન શિલ્પના નિર્માતાઓને યક્ષ કહ્યા છે, અને લખ્યું છે કે મૌર્યસમયની શિલ્પકળા યક્ષ કળા હતી. એનાથી પૂર્વયુગની કળા દેવનિર્મિત માનવામાં આવતી હતી. દેવનિર્મિત શબ્દનો આ અર્થ સ્વીકારીને માનવામાં આવે છે કે મથુરાના દેવનિર્મિત જૈનસ્તૂપ મૌર્યસમયથી પણ પહેલાં લગભગ ઈ. સ. પૂર્વે પાંચમી અથવા છઠ્ઠી શતાબ્દીમાં બન્યા હશે. જૈનવિદ્વાન આચાર્ય જિનપ્રભસૂરિએ પોતાના વિવિધ તીર્થકલ્પ નામના ગ્રંથમાં મથુરાના આ પ્રાચીન સ્તૂપના નિર્માણ અને જીર્ણોદ્ધારની પરમ્પરાનો ઉલ્લેખ કર્યો છે. તેને અનુસાર એમ માનવામાં આવતું હતું કે મથુરાનો આ સ્તૂપ સૌપ્રથમ સુવર્ણમય હતો. તેને કુબેરા નામની દેવીએ સાતમા તીર્થંકર સુપાર્શ્વની સ્મૃતિરૂપે બનાવ્યો હતો. કાલાન્તરે ૨૩મા તીર્થંકર પાર્શ્વનાથના સમયમાં તેનું નિર્માણ ઇંટોથી કર્યું હતું. ભગવાન મહાવીરના નિર્વાણ બાદ તેરસો વર્ષ પછી બપ્પભટ્ટસૂરિએ તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તે ઉલ્લેખથી એમ જાણવા મળે છે કે મથુરાની સાથે જૈનધર્મનો સંબંધ સુપાર્શ્વ તીર્થંકરના સમયમાં જ થઇ ગયો હતો અને જૈન લોકો તેને પોતાનું તીર્થ માનવા લાગ્યા હતા. પહેલાં આ સ્તૂપ માટીનો હશે, કારણ કે મૌર્ય કાળથી પહેલાના બૌદ્ધ સ્તૂપો માટીના બનાવાતા હતા. એ પ્રાચીન સ્તૂપનો જ્યારે પહેલો જીર્ણોદ્ધાર થયો ત્યારે તેના પર ઇંટોનું આવરણ કરવામાં આવ્યું. જૈન પરમ્પરા અનુસાર આ પરિવર્તન મહાવીરના જન્મની પણ પહેલાં તીર્થંકર પાર્શ્વનાથના સમયમાં થઇ ગયું હતું. એમાં કંઈ અસંભવિતતા લાગતી નથી. એ ઇંટોથી આચ્છાદિત સ્તૂપનો બીજો જીર્ણોદ્ધાર લગભગ શુંગકાળમાં (બીજી શતાબ્દી ઇ. પૂ.) કર્યો હતો. તે વખતે શુંગકાલીન બૌદ્ધ સ્તૂપોની જેમ આ જૈન સ્તૂપના નિર્માણ અને જીર્ણોદ્ધારમાં પથ્થરોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. એ સમયે ત્રણ વિશેષ પરિવર્તન થયેલા જાણવામાં આવે છે. એક તો મૂળ સ્તૂપ ઉપર સ્લેટપથ્થરનું આવરણ કરવામાં આવ્યું. બીજુ એની ચારે બાજુ ચાર તોરણવાળા દ્વારોથી સંયુક્ત એક ભવ્ય વેદિકાનું નિર્માણ કરવામાં આવ્યું. આ વેદિકાના જે અનેક સ્તંભ પ્રાપ્ત થાય છે, તેના પર કમળના અનેક ફૂલોની

* વાસુદેવશરણ અગ્રવાલના એક વ્યાખ્યાન ઉપરથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખૂબ જ સુંદર સજાવટ છે. એ આધારપર તે, જેનો ઉલ્લેખ રાયપસેણિ સુત્તમાં આવ્યો છે. તે પદ્મવર-વેદિકાનો નમૂનો હોય તેમ માલુમ પડે છે. એમ પણ હોય કે ધાર્મિક ઉપાસક લોકો વાસ્તવિક કમળના ખિલેલાં ફૂલોથી આ પ્રકારની પુષ્પમયી વેદિકા બનાવીને ખાસ અવસરોમાં સ્તૂપની પૂજા કર્યા કરતા હોય. કાળાંતરે તે કમળના ફૂલોની અનુકૃતિ કાષ્ટના વેદિકા-સ્તંભોપર કોતરવામાં આવી અને છેવટે પત્થરના થાંભલાઓ પર પણ કમળના ફૂલોનાં જ અલંકરણ અને સજાવટયુક્ત વેલો કોતરવામાં આવી. આ પ્રકારની પદ્મવરવેદિકાનું સુંદર ઉદાહરણ મથુરાના દેવનિર્મિત જૈન સ્તૂપના ખોદકામમાં પ્રાપ્ત શુંગકાલીન સ્તંભપર સુરક્ષિત રહી ગયું છે.

વેદિકાસ્તંભોની વચ્ચે વચ્ચે લાગેલા સૂચિપટ્ટોપર અને ઉષ્ણીષપટ્ટો પર પણ બહુ જ સુંદર કોતરણીની સજાવટ છે. તેના અનેક નમૂના લખનઉ સંગ્રહાલયમાં સુરક્ષિત છે. એક તોરણના શિરદલ પર સ્તૂપ પૂજાનું દશ્ય અંકિત છે; જેની શૈલી શુંગકાળની છે. તેમાં કિન્નર અને સુપર્ણને સ્તૂપની પૂજા કરતા અંકિત કરવામાં આવ્યા છે. ત્રીજી વિશેષતા એ છે કે સ્તૂપની સમીપજ એક દેવપ્રસાદનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે.

ઇ. પૂ. બીજી શતાબ્દીથી લઈ ઇ. સ. ની ૧૧મી સદી સુધીના શિલાલેખ અને શિલ્પના નમૂનાઓ જૈન સ્તૂપ અને મંદિરોના અવશેષોમાંથી પ્રાપ્ત થયા છે. એથી આ નિશ્ચિત છે કે જૈન શિલ્પની આ પરમ્પરા તે સ્થાનપર લગભગ તેરસોવર્ષ સુધી ચાલુ રહી. મથુરા એ યુગમાં બહુ જ મહાન શિલ્પતીર્થ હતું. વિશેષતઃ કુષાણયુગમાં મથુરાશિલ્પનો વૈભવ અત્યંત ઉત્કૃષ્ટ થયો. જૈનશિલ્પના ક્ષેત્રમાં અહિંયાના ભવ્ય દેવપ્રાસાદ તેના સુંદર તોરણ, વેદિકાસ્તંભ, મૂર્ધન્ય અથવા ઉષ્ણીષ પત્થર, કોતરેલાં કમળોથી સજ્જિત સૂચિપટ, સ્વસ્તિક વગેરેથી અલંકૃત આયાગપટ્ટ, સર્વતોભદ્રિકા પ્રતિમાઓ વગેરેના સુંદર નમૂનાઓ ભારતીય શિલ્પનું ગૌરવ માનવામાં આવે છે.

મથુરાથી મળેલ અનેક શિલાલેખોથી જૈન ધર્મના પ્રાચીન ઇતિહાસપર મૂલ્યવાન પ્રકાશ પડે છે. જૈન સંઘના જે વિપુલ સંગઠનનો ઉલ્લેખ કલ્પસૂત્રમાં આવે છે, તેનાથી સંબંધિત ગચ્છ, કુળ અને શાખાઓનો વાસ્તવિક ઉલ્લેખ જ્યારે આપણને મથુરાના પ્રાચીન શિલાલેખોમાં મળે છે ત્યારે એ સિદ્ધ થાય છે કે કલ્પસૂત્રની સ્થવિરાવલીમાં ઉલ્લેખિત ઇતિહાસ પ્રમાણિક છે, જૈન સંઘના આઠ ગણોમાંથી ચારનો નામોલ્લેખ મથુરાના લેખોમાં થયો છે. અર્થાત્ કોટ્ટિયગણ, વારણગણ, ઉદ્દેહિકગણ અને વેશવાટિકગણ. આ ગણો સાથે સંબંધિત જે કુળ અને શાખાઓનો વિસ્તાર હતો તેમાંથી પણ લગભગ વીસ નામ મથુરાના લેખોમાં મળે છે. એનાથી સૂચિત થાય છે કે જૈન ભિક્ષુસંઘનું બહુ જ જીવતું જાગતું કેન્દ્ર મથુરામાં વિદ્યમાન હતું. અને તેની અંતર્ગત અનેક શ્રાવક-શ્રાવિકાઓ ધર્મનું યથાવત્ આચરણ અને પાલન કરતા હતા.

મથુરાની જૈનકળામાં નિમ્ન લિખિત પ્રકારની વસ્તુઓ મળી આવે છે –આયાગપટ્ટ, તીર્થંકર પ્રતિમાઓ, દેવી–મૂર્તિઓ, સ્તૂપોનાં તોરણ, શાલભંજિકા, વેદિકાસ્તંભ, ઉષ્ણીષ વગેરે. આયાગપટ્ટ એટલે આર્યકપટ્ટ, અર્થાત્ પૂજામાટે સ્થાપિત શિલાપટ્ટ, જેનાપર સ્વસ્તિક, ધર્મચક્ર વગેરે અલંકરણ અથવા તીર્થંકરની પ્રતિમા અંકિત કરવામાં આવેલ હોય. સ્તૂપના પ્રાંગણમાં આ પ્રકારના પૂજાશિલાપટ્ટ અથવા આયાગપટ્ટ ઊંચા સ્તંભો ઉપર સ્થાપિત કરવામાં આવતા, અને દર્શનાર્થીઓ તેની પૂજા કરતા. મથુરાની જૈન શિલ્પકળામાં આયાગપટ્ટોનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. વિશુદ્ધ સૌંદર્યની દૃષ્ટિએ તેનાપર જે અલંકરણોની ગોઠવણી છે તે નયનો મોહિત કરી લે છે. ઉદાહરણમાટે સિંહનાદિકદ્વારા સ્થાપિત આયાગપટ્ટ પર ઉપર નીચે અષ્ટમાંગલિક ચિહ્ન અંકિત છે અને બંને બાજુએ એક તરફ ચક્રાંકિત ધ્વજસ્તંભ તથા બીજી બાજુ ગજાંકિત સ્તંભ છે. વચમાં ચાર ત્રિરત્નોની મધ્યમાં તીર્થંકરની બદ્ધપદ્માસન સ્થિત મૂર્તિ છે. (લખનઉ સંગ્રહાલય જે ૨૪૯) લખનઉ–સંગ્રહાલયમાં એક બીજું આયાગપટ્ટ છે, (જે ૨૫૦) જેના મધ્ય-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાગમાં એક મોટું સ્વસ્તિક અંકિત છે. અને તે સ્વસ્તિકના ગર્ભમાં એક નાની તીર્થંકરની મૂર્તિ છે. સ્વસ્તિકના આવેષ્ટનના રૂપમાં સોળદેવ યોનીઓથી અલંકૃત એક મંડળ છે, જેના ચાર ખૂણા પર ચાર મહોરગ મૂર્તિઓ છે. નીચેની તરફ અષ્ટમાંગલિક ચિહ્નોની વેલ છે. આ પ્રકારના પૂજાપટ્ટોને પ્રાચીન પરિભાષામાં સ્વસ્તિકપટ્ટ કહેતા હતા. એક ત્રીજું આયાગપટ્ટ (લખનઉ સંગ્રહાલય જે ૨૪૮)ના મધ્યમા ષોડશારધર્મચક્રની આકૃતિ અંકિત છે. એની ચારે તરફ ત્રણ મંડળ છે. પહેલામાં સોળ નન્દીપદ, બીજામાં આઠ દિક્‌કુમારિકાઓ અને ત્રીજામાં કુણ્ડલિત પુષ્કર સ્રજ અથવા કમળોની માળા છે અને ચારે ખૂણામાં ચાર મહોરગ મૂર્તિઓ છે. આ પ્રકારના પૂજાપટ્ટ પ્રાચીન કાળમાં ચક્રપટ્ટ કહેવાતા હતા.

આયાગપટ્ટ ( જે ૨૫૫ )ની સ્થાપના ફલ્ગુયશ નર્તકની પત્ની શિવયશાએ અર્હંત્ પૂજાને માટે કરી હતી. તેના પર પ્રાચીન મથુરા જૈન સ્તુપની આકૃતિ અંકિત છે. તેની એકતરફ તોરણ વેદિકા અને સોપાન પણ દેખાડવામાં આવ્યા છે.

મથુરા સંગ્રહાલયમાં એક આયાગપટ્ટ છે, જેની સ્થાપના ગણિકા લાવણ્યશોભિકાની પુત્રી શ્રમણ-શ્રાવિકા ગણિકા વસુએ અર્હંતોના મંદિરમાં અર્હંત પૂજા માટે કરી હતી. એના પર પણ સ્તૂપ તોરણ વેદિકા અને સોપાન અંકિત છે.

કંકાલીટીલાથી મળેલી બે વિશિષ્ટ મૂર્તિઓની તરફ ધ્યાન દોરવતું આવશ્યક છે. આ બેમાં એક સરસ્વતીની મૂર્તિ છે. તેની સ્થાપના સં. ૫૪ મા ગોપ નામના લોહકારે કરી હતી. હજુસુધીની પ્રાપ્ત સરસ્વતી-મૂર્તિઓમાં આ પ્રતિમા બધાથી જૂની છે. પ્રાચીન જૈન ધર્મમાં સરસ્વતી અને લક્ષ્મી બન્ને દેવીઓની માન્યતા અને પૂજા પ્રચલિત હતી.

બીજી ઉલ્લેખનીય મૂર્તિ દેવી આર્યવતીની છે, જે ક્ષત્રપ શોડાસના રાજ્યકાળમાં સંવત ૪૨ માં સ્થાપિત કરવામાં આવી હતી. છત્ર અને ચામર લીધેલ બે પાર્શ્વચર સ્ત્રીઓ આર્યવતીની સેવા કરી રહી છે. આ ઉપરથી તેનું રાજ્યપદ સૂચિત થાય છે. સંભવ છે કે આર્યવતીનું આ અંકન મહાવીરની માતા ક્ષત્રિયાણી ત્રિશલાને માટે જ હોય.

નૈગમેશ મૂર્તિ: પ્રાચીન જૈન ધર્મમાં નૈગમેશ નામના એક દેવતાની પૂજા પ્રચલિત હતી. કહેવામાં આવે છે કે આ દેવતાએ ગર્ભસ્થ બાળક મહાવીરને બ્રાહ્મણી દેવાનંદાના ગર્ભમાંથી કાઢીને ક્ષત્રિયાણી ત્રિશલાના ગર્ભમાં પહોંચાડ્યો હતો. નૈગમેશની એક સુંદર મૂર્તિ કંકાલીટીલાથી પ્રાપ્ત થઇ છે, જે અત્યારે લખનઉ સંગ્રહાલયમાં છે. આ મૂર્તિ અજમૂખી છે. નૈગમેશને બાળકોના મંગળ દેવના માનવામાં આવતા હતા.

તીર્થંકર મૂર્તિઓ : મથુરા અને લખનઉના સંગ્રહાલયમાં અનેક તીર્થંકર મૂર્તિઓ સુરક્ષિત છે. એમાં કુષાણ સંવત ૫ થી લઇને ૯૫ સુધીની મૂર્તિઓ છે. પરંતુ એની પછી પણ તીર્થંકર મૂર્તિઓની સ્થાપનાનો ક્રમ ૧૧ મી શતાબ્દી સુધી ચાલતો જ રહ્યો હતો. કલાની દૃષ્ટિએ ગુપ્તકાળની પદ્માસનમાં બેઠેલી પ્રતિમાઓ સુંદર છે.

આ મૂર્તિઓ ત્રણ પ્રકારની છે (૧) કાયોત્સર્ગ મુદ્રામાં ઉભી રહેલ મૂર્તિઓ (૨) પદ્માસનમાં બેઠેલી ધ્યાનસ્થ મૂર્તિઓ (૩) સર્વતોભદ્રિકા પ્રતિમાઓ અર્થાત્ ચારે દિશાઓમાં ઊભા રહેલ અથવા બેસી રહેલ તીર્થંકરોની એક સાથે બનાવેલી મૂર્તિઓ. ચાર તીર્થંકરોની ઓળખાણ આ પ્રકાર કરી શકાય છે. પહેલા તીર્થંકર ઋષભનાથ અથવા આદિનાથ, સાતમા સુપાર્શ્વનાથ, તેવીસમા પાર્શ્વનાથ અને ચોવીસમા મહાવીરસ્વામી. આ મૂર્તિઓની ચોકી પર બાજુમાં સિંહ હોય છે અને વચમા ધર્મચક્ર અથવા સ્તૂપની પૂજાના દૃશ્ય અંકિત થાય છે. ભક્ત ગૃહસ્થ, સ્ત્રી, અને પુરુષ પોતાના પરિવાર ને સંબંધીઓને લઇને પૂજા કરતા જોવામાં આવે છે. કલાની દૃષ્ટિએ જૈન તીર્થંકર મૂર્તિઓમાં સમાધિજન્ય સ્થિરતા અને ઉર્ધ્વતા જોવામાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવે છે. બહારની બાજુ તરફ તેનું આકર્ષણ થતું નથી, પરંતુ જે શિલ્પીઓ પ્રતિમાઓના અંકનમાં એટલી સંયત વૃત્તિનો પરિચય આપે છે, તે જ જ્યારે તોરણ અને વેદિકા સ્તંભોપર જીવનસંબંધી દશ્યોનું ચિત્રણ કરવા લાગે છે ત્યારે ઉચ્ચ કલાસૌષ્ઠવનો પરિચય આપે છે. દાખલા તરીકે આયાગપટ્ટોપરઅંકિત શિલ્પનું માધુર્ય મનને મોદિત કર્યા વિના રહેતું નથી. આ કળાકારોની શ્રેષ્ઠ પ્રતિભાની સૂચક છે. અનેક વેદિકાસ્તંભો અને સૂચિદળોની સુંદર સજાવટ પણ મથુરા કળાની અનુપમ દેન છે. એમાં નાના પ્રકારના મૃગ-પશુપક્ષીઓની આકૃતિઓ સૂચિઓનાં ફૂલોપર જોવા મળે છે. આભૂષણોથી ભરચક નમેલાં અંગોવાળી રમણિઓના સુખમય જીવનના અમર વાચન એક વારજ આ સ્તંભોના દર્શનથી પ્રત્યક્ષ થાય છે. અશોક, બકુલ, આમ્ર અને ચમ્પકના બગીચાઓમાં પુષ્પભંજિકા ક્રિડાઓમાં પ્રવણ, સ્નાન અને પ્રસાધનમાં ભાગ લઈ રહેલ પૌરાંગનાઓને જોઈને કોણ મુગ્ધ થયા વિના રહી શકે છે? ભક્તિભાવથી પૂજા માટે પુષ્પમાળાઓના ઉપહાર લાવવાવાળા ઉપાસક વૃંદોની શોભા અનેરી છે. સુપર્ણ અને કિન્નર સદશ દેવયોનીઓ પણ પૂજાના આ શ્રદ્ધામય કૃત્યોમાં બરાબર ભાગ લઈ રહેલી જોવામાં આવે છે.

મથુરાના આ શિલ્પનો મહિમા કેવળ ભાવગમ્ય છે.

(હિંદીમાંથી અનુવાદક : કુ. નલિનીબેન ત્રિવેદી)


શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ સંચાલિત

## શ્રી જૈન ઉદ્યોગ કેન્દ્ર–પાલીતાણા

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની પ્રેરણાથી અને શ્રી જૈન પ્રગતિ મંડળના પ્રયાસથી પાલીતાણામાં શ્રી જૈન ઉદ્યોગ કેન્દ્ર છેલ્લા બાર વર્ષથી મધ્યમવર્ગના સાધર્મિક જૈન ભાઈ–બહેનોને આર્થિક રાહત અને ઔદ્યોગિક તાલીમ આપી સ્વાશ્રયી બનાવવા વ્યવસ્થિત ચાલી રહ્યું છે. શહેરના અગ્રગણ્ય જૈન સદ્ગૃહસ્થો સેવાભાવે કાર્ય કરી, આ કેન્દ્રનું સુંદર સંચાલન કરી રહ્યા છે.

ઉપરોક્ત કેન્દ્રમાં 'સમિતિ' દ્વારા શુદ્ધ અને સારૂં અનાજ ખરીદી, કેન્દ્રની બહેનો પાસે જ સાફ કરાવી, ઘઉંના સાદા અને મસાલેદાર ખાખરા, સ્વાદિષ્ટ માંગરોળી ખાખરા, મગ–અડદના પાપડ, ચોખાના સાળેવડા, વડી, ખેરો, અથાણાં, સુગંધી તેલો વગેરે કાળજી પૂર્વક બનાવી વેચવામાં આવે છે.

આપણી સિદાતી સાધર્મિક બહેનોને સ્વાશ્રયી બનાવવા અને સહાયભૂત થવા, જૈન સમાજ અને યાત્રાળુ ભાઈ બહેનો આ સસ્થાની મુલાકાત લઈ કાર્ય નિહાળે અને વસ્તુઓ ખરીદી ઉત્તેજન આપે. આ સાધર્મિક સંસ્થાને યાદ કરી, યોગ્ય સહાય કરવા નમ્ર વિનમ્ર વિનંતિ છે.

કમનસીબે હમણાં જ કેન્દ્રને આગ લાગતાં માલસામાન બળી ગયો અને બહેનો નિરાધાર બની ગઇ. પરન્તુ કેન્દ્રને ચાલુ રાખવા નકિક કર્યું છે. અને જૈન સમાજ મદદ મોકલે તેવી અપીલ બહાર પાડી છે. લી. સેવકો:-

કેન્દ્ર સ્થળ : મોતીશા શેઠની ધર્મશાળામાં
વેચાણ કેન્દ્ર : મુખ્ય બજાર પાલીતાણા

ડૉ. ભાઇલાલ એમ. બાવીશી M.B.B.S. પ્રમુખ
જયંતિલાલ વીરચંદ સલોત
બગડીયા માણેકલાલ ખીમચંદ B.Sc.B.T.
માસ્તર શામજીભાઈ ભાઈચંદ શેઠ, ખજાનચી
માનદ્ મંત્રીઓ, [ વ્યવસ્થાપક સમિતિ વતી ]




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાવીર જન્મ-કલ્યાણક નિમિત્તે—

# જયંતિ અને જાગૃતિ

( લે. ડૉ. ભાઇલાલ એમ. બાવીશી M. B. B. S. પાલીતાણા )

ભારતભરમાં આજકાલ અનેક મહાન વ્યક્તિઓની-સંતો-મહંતો-ભગવંતોની જયંતિઓ ઉજવવાની પરંપરા ચાલી છે. જન્મ-જયંતિ, મૃત્યુ-જયંતિ, રજત-જયંતિ, સુવર્ણ જયંતિ, હિરક ઉત્સવ, શતાબ્દિ મહોત્સવ, આદિ ઉત્સવો-મહોત્સવો ઉત્સાહપૂર્વક ઠાઠમાઠથી ઉજવાય છે. હજારોની મેદની -જેમાં વિશિષ્ટ વ્યક્તિઓ અને આમ જનતા રસપૂર્વક ભાગ લે છે. સરઘસો નિકળે, સભાઓ યોજાય, પ્રવચનો થાય, પ્રતિજ્ઞાઓ લેવાય, અને ઘણું ઘણું કરી નાંખવાની ભાવનાઓ રેલાય! એમ લાગે કે માનવ-મહેરામણમાં ફાટફાટ ભરતી આવી અને કાંઈક ઉથલ-પાથલ થઇ જશે. જાગૃતિનાં પૂર જાણે અવનવું સર્જશે. એની ફલશ્રુતિ કોઇ 'અજબ પરિણામ જન્માવશે. આશા બંધાય વળતે દિવસે જન-જાગૃતિનો જુવાળ આવશે અને કાયમી સ્મારક સમી ચિરંજીવ પ્રવૃત્તિ પરિણામશે. કૃષ્ણ-જયંતિ, રામ-જયંતિ, વિવેકાનંદ-જયંતિ, જવાહર-જયંતિ, સરદાર-જયંતિ -આવી આવી અનેક જયંતિઓ -પ્રતિવર્ષ ઉલ્લાસપૂર્વક ઉજવાય છે, જન-જાગૃતિ જન્મે છે, અને બીજેજ દિવસે એનો અજબ રસ-ઉલ્લાસ, વિના પરિણામ, ઓસરી જાય છે. જાગૃતિ જાણે તંદ્રામાં વિલીન થાય છે. વળી પાછી બીજે વર્ષે વાત, ગાંધિ-જયંતિ રેંટીયા-બારશ તરીકે ઉજવાય, થોડા રેંટીયા ગુંજતા થાય, ને પાછું વાતાવરણ નિરવ બની જાય. જવાહર-જયંતિ, બાલ-દિન તરીકે ઉજવાય. બાળકોને એ દિવસ યાદ કરીએ અને પાછું બધું ભૂલાઇ જાય... આમ જયંતિઓ ઉજવાય છે પરન્તુ એ ઉજવણીની ફલશ્રુતિ ચિરંજીવ બનતી નથી, જન્મેલ જાગૃતિ ટકી રહેતી નથી. રચનાત્મક કાર્ય થતું નથી પ્રવૃત્તિમય વાતાવરણ પ્રસરતું નથી, જયંતિએ જન્માવેલ જાગૃતિનો લાભ લેવાતો નથી અને આખરે જયંતિનો હેતુ મારી જાય છે. જયંતિઓ ઉજવી ના ઉજવી બની જાય છે.

જૈન સમાજમાં આપણે પણ દર વરસે ઘણી જયંતિઓ ઉજવીએ છીએ. મહાવીર જયંતિ ( જન્મ-કલ્યાણક ) હિરસૂરિ-જયંતિ, વલ્લભસૂરિ-જયંતિ, આત્માનંદ-જયંતિ, વીરચંદ ગાંધી-શતાબ્દિ અને અન્ય આચાર્યો અને ભગવંતોની જયંતિઓ ભપકાથી અને ભાવથી ઉજવીએ છીએ. રથયાત્રા નિકળે, પૂજા-ભાવના ભણાય, વ્યાખ્યાન-પ્રવચન યોજાય, જયંતિ-નાયકના ગુણગાન ગાઇએ અને પ્રેરણા મેળવીએ. મહાપુરૂષોને અનુસરીએ અને એમને પગલે ચાલી કાંઇક કરીએ એવી જાગૃતિ જન્મે અને પાંચ-પંદર દિવસે પાછું બધું વિસરાઇ જાય! આ છે આપણી કરૂણતા-નિરસતા!

ખાસ કરીને આપણે 'મહાવીર-જયંતિ' ( મહાવીર જન્મ-કલ્યાણક ) પ્રતિવર્ષ ઉત્સાહ અને ઉલ્લાસથી દબદબાપૂર્વક ઉજવીએ છીએ. સભાઓ ભરીએ છીએ. વ્યાખ્યાનો યોજાય છે, મહાવીર-પ્રભુના જીવન અને કવન વિષે અનેક વિદ્વતાપૂર્ણ અને જ્ઞાન-સભર પ્રવચનો થાય, ગુણ-ગાન ગવાય, ને પ્રતિજ્ઞા લેવાય! પ્રસંગ-નિમિત્તે કાંઇક કરીએ એમ વિચારાય અને વળી વિસરાઈ જાય! ને બીજું વર્ષ આવે. વળી જયંતિ ઉજવાય, જાગૃતિ આવે, કાંઇ થાય, ન થાય ત્યાં બધી વાત ગઇ ગુજરી બની જાય. આમ જયંતિ પ્રેરિત જાગૃતિનો તક ઝડપી, કોઈ ઉપયોગ ન થાય અને સક્રિય પરિણામ ન આવે એ શોચનીય છે.

મહાવીર-જયંતિ નિમિત્તે સહકાર-સંગઠન સાધી, સારૂં એવું ભંડોળ ભેગું કરી, ચર્ચા-વિચારણા-પૂર્વક સાધર્મિક ઉત્કર્ષ સમિતિ, કેળવણી-કલ્યાણ



For Private And Personal Use Only

સંઘ, સાહિત્ય-પ્રચાર સમિતિ, મહાવીર યુવક સંઘ, મહાવીર મહિલા મંડળ, મહાવીર બાલ સભા, આદિ પ્રવૃત્તિઓ સ્થાપવી-ચલાવવી ઇચ્છનીય અને આવશ્યક ગણાય, તો સમાજનો સમુત્કર્ષ થાય, સંઘ સંગઠન દૃઢ બને, અને શાસન પ્રતિ સુરૂચિ અને સદ્ભાવ ટકી રહે. આવું જહેમત અને જવાબદારી ભર્યું કઠિન કાર્ય સમાજના આગેવાનો-મોવડીઓ ઉપાડી લે તો સામાન્ય વર્ગનો જરૂર સહકાર ને સાથ મળેજ. માટે જ ઇચ્છીએ કે ભારતભરમાં ભવ્ય રીતે ઉજવાતી આગામી મહાવીર જયંતિ (જન્મ કલ્યાણક) પ્રસંગે, જયંતિ નિમિત્તે જાગેલ જાગૃતિનો લાભ લઇ, જૈન સમાજના આગેવાનો, આચાર્ય ભગવંતો, મુનિ પ્રવરો ને કાર્યકરો કાંઇક સક્રિય ને રચનાત્મક કરવાની પ્રતિજ્ઞા લે અને સમાજની પુનઃરચના-નવરચનાના કાર્યને આગળ ધપાવે.

૧ આ પ્રસંગે યાદ આવી જાય છે વીરચંદ ગાંધી શતાબ્દિ જે તાજેતરમાં જ ઉજવાઇ ગઇ અને વિસરાઇ ગઇ. શ્રી વીરચંદ રાઘવજી ગાંધીએ, સૌ કોઈ જાણે છે તેમ જીવનભર કાયા-માયા વિસારી દઇ, જૈન સમાજ માટે કામ કર્યું અને જૈન દર્શનને દેશ-વિદેશમાં ઉજવળ કર્યું. એવા મહાપુરૂષની શતાબ્દિ જયંતિ પ્રસંગે એમનું રૂણ અદા કરવા જૈન સમાજે એમનું કાયમી સ્મારક કરવા કોઇ રચનાત્મક યોજના વિચારવી જોઇતી હતી. હજુ પણ મોડું નથી થયું એમ માની એમના નામ અને કામની અંજલિ અર્પવા કોઇ સમાજોપયોગી યોજના વિચારીએ અને આચરીએ.

આ રીતે ઉજવાતી જયંતિઓમાંથી જન્મેલ જાગૃતિને ઝીલી લઈ યોગ્ય માર્ગે વાળીએ તો સમાજ અને શાસન માટે ઘણું ઘણું થઇ શકશે અને જયંતિઓ ઉજવી યથાર્થ ગણાશે.

## સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ પંડિત લાલચન્દ્રજીનું મુંબઇમાં સુયોગ્ય સન્માન અને પદવીપ્રદાન

આચાર્યપદ પ્રદાન સમિતિમાં મુંબઇ ખાતે તા. ૯-૨-૬૫ ના રોજ મહારાષ્ટ્ર રાજ્યના નાયબ શિક્ષણ સચિવ ડૉ. કૈલાસના હસ્તે વડોદરા નિવાસી પંડિત લાલચન્દ્ર ભગવાનદાસ ગાંધીને પ્રાચ્ય વિદ્યા અંગે એમણે કરેલી નોંધપાત્ર સેવાઓને લક્ષમાં લઇને "પ્રાચ્ય વિદ્યા વિશારદ" અને "પંડિતરત્ન" ની પદવી અર્પણ કરવામાં આવેલ છે. ઉપરાંત સચિવશ્રીના હસ્તે પણ એમને એક સુંદર શાલ ભેટ આપવામાં આવેલ છે. પ્રત્યુત્તરમાં પંડિતજીએ એમના આ સન્માન માટે આભારનું પ્રવચન કર્યું હતું, અને ત્યારબાદ સભાનું કામકાજ સમાપ્ત થયું હતું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મચિંતન

અમરચંદ માવજી શાહ

૧ પ્યારા આત્મન્! આવો આવો! આ પ્રેમમંદિરમાં પરમાત્મ સ્વરૂપનાં દર્શન કરો. એને કોઈ પ્રત્યે રાગ નથી, એને કોઇ પ્રત્યે દ્વેષ નથી. તમે વંદન કરો તોપણ ઠીક, તમે નિંદા કરો તોપણ ઠીક. એનાં દીલમાં તમારા સૌ પ્રત્યે સમદૃષ્ટિ છે. એને તમારી કોઈ સ્પૃહા નથી, તમારી પાસેથી કાંઈ ઇચ્છતા નથી. તમારી ભક્તિની પણ તેને કાંઈ પડી નથી એ તો પરમ વિતરાગ ભાવમાં સ્થિર છે. એની ચક્ષુઓમાં પ્રેમ વરસી રહ્યો છે. એના ચિત્તમાં શાંતિ પ્રસરી રહી છે, એનાં હૃદયમાં નિર્મળતા વહી રહી છે પ્યારા આત્મન્! આવો! આવો આ અજર અમર પ્રેમમંદિરમાં તેનાં પ્રતિબિંબમાં તમારા શુદ્ધ આત્માનાં દર્શન કરો અને તમારા શુદ્ધ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરો.

૨. ઓ ભૂલા પડેલા આત્મ ભગવાન્! તમે અનાદિ કાળથી સંસારનાં મોહનાં અંધકારમાં અથડાયા કરો છો. દુઃખી દુઃખી થઈ રહ્યા છે. આવો! તમને પ્રકાશમાં લઈ જાઉં! આવો! તમને સત્યમાર્ગ બતાવું. મોહના અંધકારમાં તમે માર્ગ ભૂલ્યા છો, મોહના ઘેનમાં તમે ચકચુર બન્યા છો. એ તમારૂં સ્વરૂપ નથી એ તમારો પંથ નથી. પરદ્રવ્યમાં તમારી પ્રીતિ છે. પરભાવમાં તમારો ભાવ છે. ઓ ઓ ભાગ્યવંત ભગવાન્! એ તમારો સ્વભાવ નથી—અજ્ઞાનનાં ચશ્મા પહેરી અવળી દૃષ્ટિથી જગતનાં સ્વરૂપને નિહાળતા ઓ આત્મન! તેં કદી પણ તારા સ્વરૂપને જાણ્યું નથી, તેં કદી પણ તારા ભણી દૃષ્ટિ કરી નથી. તારી નજર પર તરફ છે સ્વ તરફ તેં કદી જોયું નથી. તું કોણ છો તેનું તને ભાન નથી. તું અનંતજ્ઞાન—દર્શન—વીર્યમય પરમ સુખનો સ્વામી છો પરંતુ અત્યારની અવસ્થામાં તું ભાગ્યવંત ભીખારી છો.

૩ વ્હાલા આત્મન! તારી દૃષ્ટિ ફેરવ. અંતરમાં જો તું કોણ છો તેની તપાસ કર. બહિરમુખ દૃષ્ટિથી તને જે દેખાય છે, તે બધું પુદ્ગલનું—પર્યાયનું બાહ્યરૂપ છે. તેમાં મોહ રાગ દ્વેષ કરી તું તારૂં ભાન ભૂલ્યો છે. ઓ આત્મન! આવ! આવ! મારી પાસે આવ! તારા દીર્ઘ નયનથી તારૂં સ્વરૂપ જો. પરમાત્મ પ્રતિમામાં તારા આત્માના દર્શન કર. તારૂં સ્વરૂપ એવુંજ શુદ્ધ છે, ચૈતન્યમય છે, માત્ર તું જ્ઞાતા દૃષ્ટા છો. સર્વજ્ઞ જેવું તારૂ સ્વરૂપ છે પરંતુ અજ્ઞાનનાં પડળો તારા આત્મસૂર્યને આવરણરૂપ થયા છે. તું જાગ્રત થા. પ્રમાદનો ત્યાગ કર અને તારા સ્વરૂપને પ્રાપ્ત કરવા વીરના માર્ગે ગમન કર.

૩ ઓ દીર્ઘ જ્યોતિ સ્વરૂપ આત્મા! જ્યાં મન નથી, વચન નથી, કાયા નથી, આધિ નથી, વ્યાધિ નથી, ઉપાધિ નથી, જ્યાં જન્મ નથી, જરા નથી, મરણ નથી, જ્યાં દુઃખ નથી, દોષ નથી, પાપ નથી, જ્યાં હર્ષ શોક નથી, રાગ દ્વેષ નથી સંકલ્પ વિકલ્પ નથી, એવા તારા નિર્વિકલ્પ સ્વરૂપ દિવ્ય જ્યોતિનાં પ્રકાશમાં તારો અખંડ આનંદ અભેદ પ્રેમ પરમ શાંતિનાં દર્શન કર. તું પરભાવ પરદ્રવ્યથી રહિત છો, વિષય કષાયથી રહિત છો. તું અપ્રમત્તભાવ પ્રગટાવ—ઓ પામર! આવા તુચ્છ વિનાશી સુખમાં મોહથી શું મુંઝાઈ રહ્યો છે? ચામડા ચુંથવાનાં—ચમાર જેવા ધંધામાં, વિષ્ટા ને મિષ્ટાન માની કેમ તું મોહમાં ઘેલો બન્યો છે? અહંકારને મમકારમાં કેમ તું અભિમાની બની રહ્યો છે? ઉઠ ઉભો થા. સર્વજ્ઞનાં શરણે જા. સદ્‌ગુરુના શરણે જા. તારો ઉદ્ધાર થશે.

૪ પ્યારા આત્મન્! તું મુંઝામા! તું પણ એ સ્વરૂપને પ્રાપ્ત કરવા સમર્થ છો, તારામાં પણ અનંતશક્તિ છે પરંતુ એ અનંતી શક્તિ તું અવળી સમજણથી સંસારની પરપુદ્ગલની મોહિનીમાં ખર્ચી રહ્યો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. તારૂં વીર્ય અવળે પંથે સ્ફોરવી રહ્યો છે. તું શાંત થા ! વિચાર કર, તારા સ્વરૂપનું ધ્યાન કર, તારામાં પરમાત્મ સ્વરૂપનું દર્શન કર ! તારા અવળા પુરૂષાર્થથી અનાદિ મિથ્યાત્વ–અજ્ઞાન અને અવિરતીપણાથી બંધાયેલા કર્મપુદ્‌ગલો સમ્યગ્‌દર્શન–જ્ઞાન ચારિત્રનાં સવળા પુરૂષાર્થથી એક દિવસ જરૂર ખરી જશે. તારો આત્મા મુક્ત થશે, સ્વતંત્ર થશે. પરમાત્મા બનશે

૫. પ્રિય આત્મા ! તું પુરૂષાર્થ કર. હતાશ ન થા ! જગતનાં માયાવી સુખમાં તું તારૂં આત્મભાન ન ભૂલ. અનંત કાળથી તું એ અજ્ઞાનભાવમાં રમ્યો–રઝળ્યો. હવે તને તારા અનંતસુખનો માર્ગ–સર્વજ્ઞવાણીથી જાણવા મળ્યો છે તેનો તું અનુભવ કર. તેમાં તું શ્રદ્ધા રાખ. તેઓ અતીન્દ્રિય સુખનાં સાગર છે, તું વિષમતામાંથી સમતામાં આવ ! પરમ શાંત થઈ જા ! તારા પૂર્વકર્મનાં ઉદયોને સમભાવથી સહન કર ! નૂતન કર્મ ન બંધાય તેનો ઉપયોગ રાખ. તારા ઉપયોગને તારા સ્વસ્વરૂપમાં જોડી રાખ, તેમાં જ સ્થિર થઇ જા. સમાધિસ્થ થઇ જા. અને તારા અંતરમાં દિવ્ય આત્મપ્રકાશનો ઝળહળતો સૂર્ય પ્રગટ દેખાશે.

૬ દિવ્ય આત્મન્ ! તું પરમ ભાગ્યવંત છો, તને પરમાત્મ સ્વરૂપના દર્શન કરવાની સુવર્ણતક સાંપડી છે. હવે તું તેમાં મગ્ન રહે. તેમાં જ સ્થિર રહે. ધ્યાન કર અપૂર્વ આનંદને અનંત શાંતિ અલૌકિક પ્રાપ્ત થશે તને પૂર્વોપાર્જીત કર્મ વર્ગણાઓ વળગેલી છે તને તે હેરાન કરતી લાગશે પરંતુ તેતો જડ વસ્તુ છે. તું તો ચેતન છો, એ એનું સામર્થ્ય બતાવશે. પરંતુ તું જો મક્કમતા રાખીશ પુનઃ રાગદ્વેષથી જોડાઈશ નહિ તો તે પુદ્‌ગલો છુટા પડી જશે. તારા નિમિત્તથી તે પરિણમી જાય છે. તું તારૂં સંભાળ તો તે પરાણે તો વળગી પડવાની નથી, તેનામાં તે તાકાત જ નથી.

૭. ઓ અનંત સામર્થ્યનાં ધણી ! તારા સામર્થ્ય પાસે એ પુદ્‌ગલકર્મની કાંઈ ગણત્રી નથી. તું દોષ કરતો અટકી જા તો દુઃખમાંથી નિવૃત થઈશ. તને મોહ આસક્તિ છે ત્યાં સુધી જ આ કર્મની વર્ગણાઓ છે. જ્યાં મોહની જડ કપાણી ત્યાં સંસારવૃક્ષ છેદાણું. સંસારનો અનાદિ અનંત કાળથી પ્રવાહબદ્ધ ચાલ્યો આવે છે અને આવશે. તેમાં તું મોહથી ઝંપલાયો છે અને એ પુરમાં ગોથા ખાઇ રહ્યો છે તે જેમ પુરમાં પડેલાને કોઇ આધાર આપે ને તે કાંઠે આવે તેમ તને પરમસત્પુરુષનો આધાર મળી ગયો છે. સત્‌શાસ્ત્રો વિતરાગ વાણીનો યોગ પ્રાપ્ત થયો છે. દાન-ધર્મરૂપી જાપ મળી ગયું છે. હવે તું હલેસા માર ને પાર ઉતરી જા. ત્યાં તારૂં સ્વતંત્રશાસન છે.

૮. પ્રિય અમર આત્મા ! તું તો ખુબજ ભાગ્યવંત છો. તું વીતરાગના આંગણે ધર્મના ઘરમાં–રહેવા ભાગ્યવંત થયો છે. તું કર્મ ચેતના અને કર્મફળ ચેતનાથી નિવર્તવાનો ઉપયોગ રાખ. જ્ઞાન ચેતનામાં ઉપયોગ રાખ. તારી ઇચ્છા મુજબ ઇચ્છાયોગ પ્રાપ્ત થયો છે. શાસ્ત્રયોગ પ્રાપ્ત કરી તારે સામર્થ્ય યોગનાં શિખરે પહોંચવાનું છે. અતાત્ત્વિક ધર્મસંન્યાસ ભાવમાં પ્રગટ કરી તાત્ત્વિક ધર્મસંન્યાસનો ઉપયોગ ભાવમાં લેવાનો છે અને છેવટે યોગ્ય સન્યાસપદ પ્રાપ્ત કરવાનું લક્ષ રાખવાનું છે. પરઉપાધિમાંથી નિવૃત થઇ આત્મ સમાધિમાં પ્રવૃત થઇ નિરાકુલ સહજ આનંદ પ્રાપ્ત કર —



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હિન્દી સાહિત્યના અધ્યયનમાં જૈન સાહિત્યનું મહત્ત્વ

લે. આચાર્ય જયેંદ્ર ત્રિવેદી

આજથી લગભગ હજાર વર્ષ પહેલાં ભારતીય રાજકારણ અને ભારતીય સાહિત્યમાં એક જબરજસ્ત પરિવર્તન આવ્યું. ઉત્તર ભારતમાં વિવિધ અપભ્રંશ ભાષાઓમાંથી આધુનિક આર્યભાષાઓ નવીન વિકાસ મેળવી રહી હતી ત્યાં ઇસ્લામનું આક્રમણ થયું. આ જાતનાં આક્રમણોથી ઉત્તર ભારત ટેવાઇ ગયું હતું પરંતુ આ વખતનું આક્રમણ સાવ જૂદી જાતનું હતું. વાવાઝોડાની જેમ આવી, અસાવધાન અને પારસ્પરિક કલેશ-કંકાસમાં આકંઠ ડૂબેલા રાજપૂત રાજાઓને શિકસ્ત આપી, લૂંટી ઝૂંટીને તરત પાછા ફરી જનારા વિદેશીઓને બદલે જમીન જાગીર, રાજ-પાટ છીનીને આ મુલકમાં જ સ્થાયી થવાની મહેચ્છા ધરાવનારા મુસ્લિમોએ ભારતનો રાજકીય જ નહીં, સાહિત્યિક નકશો પણ ઝડપથી બદલી નાખ્યો. વિજેતા-ઓને પોતાનાં લશ્કરી બળનો જ નહીં, સાંસ્કૃતિક બળનો પણ ઘમંડ હતો. બીજાના મતને સહી લેવાની અકબરી ઉદાર નીતિ આવવાને બહુ વાર હતી પરિ-ણામે ધર્મ અને સાહિત્ય-સંસ્કૃતિનાં સાધનો મંદિરો, મઠો, ગ્રન્થોનો તાંડવી નાશ શરૂ થયો.

બરાબર આ ઐતિહાસિક પળે જ ગુજરાતી, હિન્દી, પંજાબી, બંગાળી, આસામી, ઉડિયા વગેરે આધુનિક આર્યભાષાઓનો જન્મ થઇ રહ્યો હતો, અપભ્રંશ માતાઓ પ્રસવવેદનાથી પીડાતી હતી. સંક્રાંતિ કાળનાં તમામ દુર્ગુણો જોરશોરથી ઉપર આવવા મથતા હતા. ધર્મ અને સંસ્કૃતિના મહાન ગ્રન્થોના રક્ષણ કાજે બ્રાહ્મણો અને જૈનોએ, વિશેષ કરીને જૈન સાધુઓએ, જે ભગીરથ પ્રયાસો કર્યા છે તે કાવ્યનો વિષય થવાની ક્ષમતા ધરાવે છે. આ જૈન સાધુઓના વિદ્યા-પ્રેમને લીધે તત્કાલીન ભાષાના જે ગ્રન્થો સચવાઇ રહ્યા તેને લીધે રાજસ્થાની અને ગુજરાતી સાહિત્યના ઐતિહાસિક અધ્યયનનું કાર્ય ઘણું સરળ બન્યું છે. આજે ઉત્તર ભારતની આર્ય-ભાષાઓમાંથી ફક્ત ગુજરાતી ભાષા પાસે જ છેલ્લાં હજાર વર્ષની ભાષાકીય તવારીખનો કડીબદ્ધ ઇતિહાસ ઉપલબ્ધ છે. દરેક શતાબ્દીની રચનાઓ ગુજરાતી સિવાય એકેય આધુનિક ભારતીય આર્યભાષા પાસે નથી. હા, રાજસ્થાની પાસે આવું સાહિત્ય ઠીક ઠીક પ્રમાણમાં ઉપલબ્ધ છે.

આજે રાજસ્થાની ભાષા-સાહિત્યનું હિન્દી ભાષા-સાહિત્યનાં પૂર્વરૂપ નિમિત્તે અધ્યયન થઇ રહ્યું છે. પુરાણી હિન્દીના નામે જે રચનાઓ ઓળખાવાય છે તેને જ જૂની ગુજરાતીના નામે પણ ઓળખવામાં આવે છે. એટલે ટેસીટોરી જેને પ્રાચીન પશ્ચિમ રાજ-સ્થાની કહે છે તેની સાથે પશ્ચિમી હિન્દી અને ગુજ-રાતીનાં મૂળ સંકળાયેલાં છે.

એટલે જ હિન્દી સાહિત્ય અને ભાષાના ઇતિ-હાસકારો જૈન અપભ્રંશ સાહિત્યનાં વૈજ્ઞાનિક અધ્યયન તરફ વળ્યા છે. શૌરસેની અપભ્રંશમાંથી આજની રાષ્ટ્રભાષા હિન્દી અને ગુજરાતીનો વિકાસ થયો છે. એટલે એ ભાષાઓનાં મૂળ શોધતાં શોધતાં એ અપ-ભ્રંશ સુધી જવું પડે છે. એ વખતની અપભ્રંશ ભાષાઓમાં જે રચનાઓ થતી તેની મુખ્ય બે પ્રેરણા હતી. એક તો ધાર્મિક અને બીજી રાજકીય. ભાટ-ચારણો રાજાને કેન્દ્રમાં રાખી પ્રેમશૌર્યની જે લૌકિક રચનાઓ કરતા, તેમાંની થોડી હજુ સચવાઇ રહી છે. તેવી જ રીતે સાધુ સંતોએ કેવળ ધાર્મિક વૃત્તિથી પ્રેરાઇને જે રચનાઓ કરેલી તેમાંની થોડી પણ હજુ સચવાઇ રહી છે. આજ સુધી આ રચનાઓને 'કેવળ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધાર્મિક ' ગણીને એની ઉપેક્ષા થઈ છે પણ હમણાં હમણાં એ રચનાઓનાં સાહિત્યિક સાૈષ્ઠવ તરફ પણ વિદ્વાનોનું ધ્યાન આકર્ષાયું છે. જૈન સાધુઓમાંના ઘણા સદ્ભાગ્યે સાહિત્યાનુરાગી હતા અને વ્યાકરણના પંડિત થવામાં ગૌરવ અનુભવતા હતા પરિણામે ભાષા અને સાહિત્ય બન્ને દૃષ્ટિએ આ સાધુઓએ રચેલા અથવા સંઘરેલા ગ્રન્થેનું ઘણું મૂલ્ય છે.

જે વિશાલ પ્રદેશને પહેલાં આપણે ' મધ્યદેશ ' તરીકે ઓળખતા, ત્યાં આજે હિન્દી ભાષા અને સાહિત્યનું સામ્રાજ્ય છે પણ ખૂબીની વાત એ છે કે હિન્દી ભાષા અને સાહિત્યનાં મૂળ રૂપને પામવા માટેની સામગ્રી આ પ્રદેશમાંથી ઓછામાં ઓછી મળી છે. મધ્યદેશની આસપાસના પ્રદેશોમાંથી જ આ સામગ્રી ઉપલબ્ધ થઇ શકી છે. આ ઉપલબ્ધ સામગ્રીનો મહદ્ અંશ જૈન આચાર્યો દ્વારા સુરક્ષિત રહ્યો છે.

હિન્દીમાં મધ્યકાલીન સમયમાં ચરિત કાવ્યો લખવાની પરંપરા મળે છે. સૂફી કવિઓએ આવાં ચરિત કાવ્યો ઘણાં લખ્યાં છે. શ્રેષ્ઠ હિન્દી કાવ્ય ગ્રન્થનું નામ તુલસીદાસે ' રામચરિતમાનસ ' રાખ્યું છે, રામાયણ નથી રાખ્યું. આ ચરિત કાવ્યોની પરંપરા અપભ્રંશમાં જૈન કવિઓએ સુરક્ષિત રાખી છે. ચતુર્ભુજ, સ્વયંભૂ, ઈશાન વગેરે કવિઓનાં નામ પણ નોંધાયાં છે, સ્વયંભૂ આ અપભ્રંશ કવિઓમાં સૌથી જૂનો લાગે છે. તેની ચાર મહત્ત્વપૂર્ણ રચનાઓ મળેલ છે —પઉમ ચરિઉ, રિટ્ઠણેમિચરિઉ, પંચમી ચરિઉ અને સ્વયંભૂચ્છંદ. આમાંની છેલ્લી પૂરી છપાયેલ છે અને અન્ય રચનાઓમાં અમુક અમુક અંશો છૂટાછવાયાં છપાયાં છે. પઉમ ચરિઉમાં રામાયણકથા છે અને રાહુલ સાંકૃત્યાયનના મત મુજબ દેશી ભાષાનો શ્રેષ્ઠ રામકથાકાર સ્વયંભૂ છે. આ સ્વયંભૂનો સમય આઠમી શતાબ્દીની આસપાસનો મનાય છે. દસમી શતાબ્દીમાં ધનપાલ નામના જૈન કવિનું પ્રસિદ્ધ ચરિત–કાવ્ય 'ભવિસમત્ત કહા' મળે છે. અન્ય જૈન કવિઓની રચનાઓમાં કરકણ્ડચરિઉ, સુદર્શન ચરિઉ, પંજુણ્ણચરિઉ, સુકુમાલચરિઉ, નેમિનાહચરિઉ અને પુરેશલચરિઉ મુખ્ય છે. આમાંથી પહેલાં સિવાય બીજાં હજુ સુધી પ્રકાશિત થવાની કદાચ રાહ જુએ છે. દસમી શતાબ્દીના એક જૈન ગ્રંથકાર દેવસેનનું 'શ્રાવકાચાર' પુસ્તક દોહા છંદમાં લખાયું છે. કહે છે કે આ જ ગ્રન્થકારનું 'દબ્બ સહાવપયાસ' ( દ્રવ્યસ્વભાવ પ્રકાશ ) નામનું દોહામાં જ લખેલું બીજું પુસ્તક પણ હતું જેનું પાછળથી માઇલ્લ ધવલે સાહિત્યિક પ્રાકૃતમાં ભાષાંતર કરેલું. પછીના જૈન ગ્રન્થોમાં શ્રુતિપંચમીકથા, યોગસાર, જસહર–ચરિઉ, ણયકુમારચરિઉ વગેરે જાણીતાં છે. આ ચરિત–કાવ્ય ગ્રન્થોમાં દોહા–ચોપાઇ શૈલી ગ્રહણ કરવામાં આવી છે જેનું અનુસંધાન હિન્દીના જાયસી વગેરે સૂફી કવિઓમાં અને મહાકવિ તુલસીદાસના ' રામચરિત માનસ 'માં જોવા મળે છે.

અહીં એ નોંધવું જોઇએ કે સિદ્ધ–સંપ્રદાય અને નાથ સંપ્રદાયની અસર હિન્દી સાહિત્યના આદિકાળ પર ખૂબ જ છે. સંપૂર્ણ પ્રવૃત્તિમાર્ગી સિદ્ધસંપ્રદાય અને સંપૂર્ણ નિવૃત્તિ માર્ગી નાથસંપ્રદાય વચ્ચે જૈન સંપ્રદાયે જ મધ્યમ માર્ગ આપ્યો લાગે છે. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ પણ આ સમયના વિવિધસંપ્રદાયી ગ્રન્થોમાં જૈન ગ્રન્થો વધુ સમૃદ્ધ જણાયા છે.

આમ હિન્દી સાહિત્ય અને ભાષાનાં મૂળમાં જવા માટે આ જૈન ચરિત કાવ્યોનો વિશદ્ અભ્યાસ જરૂરી છે. આ ઉપલબ્ધ ગ્રન્થોમાંથી ઘણાં હવે પ્રકાશિત થઇ ગયાં છે. જૈન ભંડારોમાંથી સાંપડેલ ગ્રન્થોમાંથી સન્દેશરાસક, ચચ્ચરી, ભાવનાસાર, પરમાત્મપ્રકાશ, ભવિસયતકહા, પઉમસિરીચરિઉ વગેરે પ્રકાશિત થયાં છે પણ ચોરંગસન્ધિ, નર સુન્દરિ સન્ધિ, મયણરેહાસન્ધિ, અન્તરંગસન્ધિ, સુલસાખ્યાન વગેરે ગ્રન્થો કદાચ હજુ પ્રકાશિત થવાં બાકી છે. શ્રી મોતીલાલ

( અનુસંધાન પાના ૧૧૪ ઉપર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમય માત્રનો પ્રમાદ ન કર

લેખક : રંભાબેન ગાંધી

વીરપ્રભુએ આ સૂત્ર ગૌતમને આપ્યું ને ત્યારથી આપણે એ સૂત્રનો પાઠ અનેક વાર કરી ગયા. કહી શકીએ કે દરેક જૈનને આ સૂત્ર તો લગભગ મોંએ જ હશે. આજના યુગમાં શ્રી જવાહરલાલે કહ્યું છે કે– 'આરામ હરામ હૈ.' આ બેની મૂલ વાત એક જ છે, પરંતુ દિશા ફેર છે જ. વીર પ્રભુએ કહ્યું છે તે— આત્માની ઉન્નતિમાં, કર્મ નિર્જરામાં ક્ષણનો પ્રમાદ ન કર એમ કહ્યું છે, જ્યારે આજના યુગના સૂત્રે કહ્યું છે કે—ગમે તે કાર્ય કર. પરંતુ પ્રમાદ ન સેવ.

કોઈને કહીએ કે તમને ઘણો સમય મળે છે—તો એનો સદુપયોગ કરોને. તો કદાચ ધડ દઈને જવાબ મળે કે અહીં નવરાશ જ કોને છે? ઉઠયા ત્યારથી તે રાત સુધી પગ વાળવા પામતાં નથી....શ્વાસ લેવાનોયે સમય મળતો નથી, ત્યાં વળી તમે કહો છો કે સમય મળે છે એનો સદુપયોગ કર. 'ગોલાને મા હતી જ કે દા'ડે ને દુધે વાળુ કર્યા તા જ કે દા'ડે' અહીં સમય છે જ કોને કે સદુપયોગ દુરૂપયોગની વાત થાય.'

ઉપરની વાત આપણે માની જ રહી. પરંતુ જેને સમય નથી મળતો તેવો વર્ગ જેમ છે, તેમ ઘણો જ નકામો સમય કાઢે છે તેવો વર્ગ પણ છે જ. એક વર્ગ એવો છે કે જે કમાઈને માંડ પુરૂં કરે છે. તેને પોતાને કે ઘરના સ્ત્રી વર્ગને સમય નથી મળતો તે કબૂલ છે, પરંતુ એક એવો વર્ગ પણ છે કે જે સારી રીતે કમાય છે. થોડી મહેનતે કમાય છે ને તેના ઘરનો સ્ત્રી વર્ગ નોકર ચાકરને કારણે લગભગ નવરો પડે છે. જેમ જેમ પુરુષોને કમાણી વધુ તેમ બૈરાંને ફુરસદ વધુ, એ તો સૌ કોઈ કબૂલ કરશે જ...આ વર્ગ શું કરે છે? નવરાશ મળે છે તેનો કેવો ઉપયોગ કરે છે? - દુપયોગ કે દુરૂપયોગ?

આ સવાલ પોતાની જાતને, પોતાના અંતરાત્માને પૂછી લે તો કેવું? જવાબ મળી જ જશે. જે વર્ગને ફુરસદ નથી મળતી તેણે પણ આ સવાલ પૂછવો તો પડશે જ ને? કદાચ એવો જવાબ મળે કે–એમ બીલકુલ ફુરસદ નથી મળતી એમ તો નહિ જ. મળે તો છે જ, પરંતુ એ મળેલી ફુરસદનો ઉપયોગ આને ત્યાં અને તેને ત્યાં જઈને, ગામ ગપાટા મારીને આડોશી પાડોશી સાથે વિકથા કરીને, સમય બગાડે છે ને ધારે તો એ મળેલા સમયનો સદ્‌વાંચનમાં, ધાર્મિક ચર્ચામાં...અગર તો મૌન રહીને સદુપયોગ કરી શકે છે. કેમ તમને શું લાગે છે? જો એમ લાગતું હોય તો 'જાગ્યા ત્યારથી સવાર.'

હવે જેને ફુરસદ ઘણી છે, પરંતુ એ ફુરસદનું શું કરવું તે સુઝતું નથી તેની વાત કરીએ. કોઇ પડયા પડયા આજકાલની માયકાંગલી, ને પ્રેમલા પ્રેમલીની વાતોથી ભરપૂર એવી નવલકથા વાંચીને સમય પસાર કરે છે, કોઈ ડીટેકટીવ વાર્તાઓ વાંચે છે, તો કોઈ સીનેમાને લગતા માસિકો વાંચીને સમય વિતાવે છે. આવી રીતે સમય વિતાવે તેને આપણે એમ તો કહી શકીએ કે સમયનો સદુપયોગ કરે છે? અંગ્રેજીમાં કહે છે તેમ Killing time જેવું કરે છે. બાકી એ નવરાશનો લાભ લઇને બૌદ્ધિક કે આધ્યાત્મિક ઉન્નતિ સાધે છે એમ તો નહિ જ કહી શકાય ને? આ વર્ગ નવલકથા વાંચવા ઉપરાંત ખરીદવાનો શોખીન છે, ને હોય જ ને! ઘેર નોકર ચાકર રસોઇયા છે, બારણે મોટરો છે, ડ્રાઇવર હાજર છે, ને પેલાએ કમાઇને થેલી એમના હાથમાં આપી છે. પછી જોઇએ શું! ને એમાં યે પરસેવાનો પૈસો ખરચતા સહેજ આંચકો પણ લાગે. પરંતુ હમણાં જે નવી જાતનો પૈસો ભેગો થઈ રહ્યો છે ને જેને માટે ટ્રંકમાં B.M.નો પૈસો કહે છે એ ખરચતાં તો જરાય આંચકો લાગતો નથી. માટે આ વર્ગ આખો દા'ડો માર્કેટીંગ કરે છે, ને જોઈતી વણજોઈતી વસ્તુઓ ઉપાડી લાવે છે.

એક વર્ગ એવો છે કે જે સમાજસેવાનો દાવો કરે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે ને કહેવાતી સેવામાં સમય વિતાવે છે, કેટલી ખરી સેવા કરે છે તે તો તે જ જાણે. છતાંય એટલું કબૂલ કરવું પડે કે ગપસપ કરનાર કે માર્કેટીંગ કરનાર કરતાં એ સમયનો વધુ સદુપયોગ કરે છે ખરાં.

એક વર્ગ એવો પણ છે કે જે કલબ, ડાન્સ, રેઈસીસ ને પાનાંનો જુગાર રમવામાં સમય વ્યતિત કરે છે. આમના માટે તો શું કહીએ ? જ્યાં ક્ષણ માત્રનો પ્રમાદ પણ નથી કહ્યો ત્યાં કલાકોના કલાકો પાનાં ટીચવામાં કાઢે એના માટે શું કહેવું તેજ સુઝતું નથી.

એક વર્ગ એવો પણ છે કે જે દહેરાસરે, ઉપાશ્રયે, મંદિરે કે સ્તવન કીર્તન ને ધાર્મિક ક્રિયામાં સમય પસાર કરે છે. આ વર્ગને એટલું જ કહું કે તમે ખૂબ સારૂં કરો છો, સમયનો સદુપયોગ જરૂર કરો છો, પરંતુ એ સર્ટીફીકેટ લેતાં પહેલાં તમે જાતેજ તમારી જાતને પૂછી લેજો કે સામાયિક દરમ્યાન, વ્યાખ્યાન દરમ્યાન, ઉપવાસ કે પૌષધ દરમ્યાન, પૂજાપાઠ ક્રિયા દરમ્યાન તમારૂં ધ્યાન બધું એમાં જ છે ખરૂં ? ધર્મસ્થાનકમાં તમે મન વચન -કાયાથી સ્થિર બનો છો ? કદી કોઇ જાતના ખરાબ વિચારો નથી કરતાં ? કોઇની નિંદા નથી કરતાં ? જો કરો છો તો પછી એ ન ભૂલતાં કે બીજા સ્થાને કરેલા પાપો, ધર્મસ્થાનમાં ધોઇ શકાય છે, પરંતુ ધર્મસ્થાનકમાં જ કરેલાં કર્મ તો કયાંય ધોવાનું સ્થળ મળશે નહિ... માટે ચેતજો કે એ સ્થાન આત્માના એકેક બંધ ઢીલા કરવા માટે છે. વધુ બાંધવા માટે નથી. આટલું જાણે એને માટે જરુર કહી શકીએ કે એ સમયનો સદુપયોગ કરે છે જ.

ટૂંકમાં આપણે સૌએ પોતાની જાતને તપાસી જવાની જરૂર છે અને સમયના ખરા ચોકીદાર બનવાની પણ જરૂર છે. ઘડીયાળમાંથી રેતી તો વહી જ રહી છે; કાળ કોઇને માટે થોભતો નથી, માનવદેહ મળ્યો છે, જિંદગીનો કંઇ ભરોસો નથી તો જે પણ કંઇ સમય આપણને મળે છે તેનો આપણે સદુપયોગ કરીએ અને આજે છીએ તે કરતાં કંઇક અંશે વધુ ઉન્નતિ કરીએ તો આપણને મનખા દેહ મળ્યો, જૈન ધર્મ મળ્યો, મજાના સંજોગો મળ્યા ને સમય મળ્યો એ લેખે લગાડયો કહી શકીએ.

આશા છે કે સૌ પોતાની જાતને તપાસી જશે, સમયની ડાયરી બનાવશે. જેમ પૈસા પૈસાનો હિસાબ રાખે છે તેમ ઘડી ઘડીનો હિસાબ રાખશે, ને એક ઘડીનો પણ દુરૂપયોગ નહિ કરે. અત્યાર સુધી એમ ન કર્યું તો કંઇ નહિ. હવેથી કરો. ગયું તે ગયું; પણ જાગ્યા ત્યારથી તો સવાર ગણીએ. કેમ...બરાબર છે ને ?

'જૈનપ્રકાશ'માંથી સાભાર

---

( પાના ૧૧૨ થી ચાલુ )

મૈનારિયએ 'રાજસ્થાની ભાષા ઔર સાહિત્ય' નામના પોતાના ગ્રન્થમાં જે અનેક જૈન કવિઓનો ઉલ્લેખ કર્યો છે તે સૌની નાની મોટી રચનાઓ પ્રકાશિત થઈ જાય તો હિન્દી તથા ગુજરાતી સાહિત્યનો ચહેરો વધુ સ્પષ્ટ થાય. એનાં મૂળ પ્રવાહો સરળતાથી સમજાય અને મધ્યકાલિન સાહિત્યની કથા -પદ્ધતિઓ, કથાનક-રૂઢિઓ, કાવ્યરૂપો, કવિપ્રસિદ્ધિઓ, વર્ણન શૈલીઓ, કાવ્યકૌશલો, છંદયોજનાઓ વગેરે પર સંપૂર્ણ પ્રકાશ પડી શકે.

આ કામ ધૂળધોયાનું છે એ સાચું, પણ આજ નહીં તો કાલે કોઇ ને કોઇએ એ કરવું જ પડશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવો પાઠ

ધૂમકેતુ

[ માણસની મિલકત-ભૂખ કયારેય સંતોષાતી નથી એ આજની દુનિયામાં તો વધારે જગજાહેર વાત છે. આપણી દૃષ્ટાંતકથાઓ આવી કેટલીય વાતો રજૂ કરે છે. એવી જ અહીં રજૂ થતી આ સીધી દૃષ્ટાંતકથા છે જે દરેકને માટે વિચારણીય અને પ્રેરણાદાયક બને. ]

એક જંગલમાં એક યક્ષ રહેતો હતો. એને દેવોએ એક કામ સોંપ્યું હતું. એનું કામ એક જ. દરેક માણસનું માપ કાઢવાનું. એ એક વૃક્ષ ઉપર બેસે. સુંદર ગીત ગાય. રસ્તે જનારા ત્યાં આકર્ષાઈને આવે એટલે એમની સાથે વાતોમાં પડે. વાતવાતમાં એ માણસ પાસેથી કઢાવી લ્યે કે, એને શું દુઃખ છે અને પછી એ દુઃખનો તત્કાલ ઉપાય બતાવે. માણસો તો ખુશ થઈ જાય કે આ યક્ષ ખરો પરોપકારી છે. એ તરત આપણા દુઃખનો ઉપાય બતાવે છે.

પણ ઉપાય બતાવ્યા પછી યક્ષ કહે : 'જુઓ ભાઈ ! આ તમને મેં રસ્તો બતાવ્યો તેથી તમારું ઉપરનું દુઃખ તો જશે –પણ અંદરનું દુઃખ તો રહેશે. એ તો ત્યારે જશે જ્યારે તમને આ મારી વાતમાંથી કાંઇ પણ રસ્તો સૂઝશે. તમારો રસ્તો તમને સૂઝે ત્યારે તમારૂં દુઃખ જાય. તે પહેલાં તો તમે કેવળ થીગડાં મારી શકો !'

પણ યક્ષની આ વાતને ભાગ્યે જ કોઈ કાન દે. એ તો પોતાના દુઃખનો તાત્કાલિક ઇલાજ મેળવવા અધીરા થઈ જાય –અને યક્ષની ભેટ લઇને ઘેર દોડે !

હવે આ યક્ષ કોઈને પૈસા આપે કારણ કે, એને પૈસાનું દુઃખ હોય. કોઇને ઘર આપે કારણકે એને ઘરનું દુઃખ હોય. કોઇને સંતાન આપે, કોઈને સ્ત્રી આપે, કોઇને કેવળ વાતો જ આપે, એમ જેની જે મન આકાંક્ષા તેને તે મળે.

એક વખત એવું બન્યું : એક રાજઅધિકારી ત્યાંથી નીકળ્યો, એને કોઇ વાતની ખામી ન હતી–જીવનમાં એને સંતાન હતાં, સ્ત્રી હતી, પૈસા હતા, ઘર હતું, અધિકાર હતો. ઘણું બધું બીજાને અપ્રાપ્ય એને મળી ગયું હતું.

એનું મન ઠેકાણે હોત તો આ મળેલી સમૃદ્ધિ એને માટે જીવનમાં સુખરૂપ બની શકે તેમ હતું.

પણ છેવટે તો માણસનું મન ગમે ત્યાંથી દુઃખ–અસંતોષ શોધી કાઢે છે, ને એને દૂર કરવા એ દોડા કરે છે. એને એ જીવનનું પરાક્રમ માને છે. આ અધિકારીને પણ એક વાતનું દુઃખ લાગે, પોતે મોટો અધિકારી, રાજપાટમાં માન, સત્તા, બધું ખરૂં, પણ એની સામે એક શેઠ રહે એનો વૈભવ જોઈને એને થાય કે, સાળું આપણને આવું તો આ જિંદગીમાં નહિ મળે. આપણો તે કાંઈ અવતાર છે ?

એ રાજઅધિકારી આ રસ્તે ફરતો ફરતો આવ્યો. એના મનમાં પોતાની ઊણપના જ વિચાર ચાલી રહ્યા હતા. મારે ત્યાં આ નહિ, ને પેલું નહિ...વાત એના મનમાં આ ચાલી રહી હતી.

અને ત્યાં એણે વૃક્ષ ઉપરથી પેલા યક્ષને બોલતો સાંભળ્યો 'હે ભાઇ ! તારે કાંઇક દુઃખ લાગે છે. તારી દુઃખની વાત મને કહે તો હું મારાથી બને તે મદદ તને કરૂં !'

પેલા અધિકારીએ તરત જવાબ વાળ્યો : 'ભાઇ ! મારે બધું સુખ છે. પણ કહેવતમાં કહ્યું છે ના કે, વસુ વિના નર પશુ. એ વસુના વાંધા છે !'

'ઓ હો ! વસુના વાંધા છે ના ? પણ તું વિચાર કરી જો. એ આવશે પછી તો તારે દુઃખ નહિ રહે ના ?'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'અરે! પૈસા આવે પછી કોઇને દુઃખ રહે છે તે અને રહેશે? ખાશું, પીશું ને મજા કરીશું. થાય તે દાન કરીશું. વધશે તે છોકરાં વાપરશે પછી દુઃખ કેવું?'

'પણ તું બરાબર વિચાર કરી જો —મેં કંઇકને પૈસા આપ્યા છે, પણ પૈસા મળવાથી એમનું જે સુખ હતું એ પણ એમણે ગુમાવ્યું છે!'

'અરે હોય કાંઈ? પૈસા મળવાથી મેં તો કોઇને દુઃખી થતો જોયો નથી!'

'તો ત્યારે તું ઘેર પહોંચી જા. તારે ત્યાં મેં સોનાના છ ચરૂ મૂકયા છે. પાંચ આખા છલકાય છે, છઠ્ઠો થોડો અધૂરો છે!'

'અરે! કાંઇ વાંધો નહિ. છ ચરૂ ધન કોને કહે? મારું દુઃખ અરધું પરધું તો આ સાંભળતાં જ ચાલ્યું ગયું છે!' યક્ષ મનમાં ને મનમાં હસી રહ્યો. ને આ ભાઈ તો દોડતા ઘેર પહોંચ્યા.

ઘેર જઇને જુએ છે તો છ ચરૂ સોનું ભરેલા એની દૃષ્ટિએ પડયા. એ તો આનંદમાં આવી ગયો. એને થયું પેલા વૃક્ષ પાસે એ યક્ષનું જ એક થાનક કરીશું. લોકો એની પૂજા કરશે. અને યક્ષને પણ સારૂં લાગશે.

પણ એટલામાં એને એક બીજો વિચાર આવ્યો; આ અધૂરો ચરૂ પહેલાં પૂરો કરી લઇએ. પછી બધું કરીશ.

અને એ અધૂરો ચરૂ પૂરો કરવા માટે હવે એ રાત દિવસ મહેનત કરવા મંડ્યો. કોઈનાં કામ કરે, કોઈની પાસે પડાવે. કોઇને ધમકાવીને કઢાવે, કોઇને ફોસલાવે. કોઇની પાસે માગે. અને એમ જે રકમ આવે એ બધાનું સોનું લઇને પેલા અધૂરા ચરૂમાં નાખે.

પણ કોણ જાણે શું થાય —એ ચરૂ જ્યારે જુએ ત્યારે એટલો ને એટલો અધૂરો દેખાય! પછી તો એણે રાજાને પણ મોઢે ચડીને કહ્યું: 'મારો પગાર વધવો જોઇએ. મારે ઘણાં કામ કરવાં પડે છે! ભાડુંભથ્થું તો હું ઓછામાં ઓછું લઉં છું એટલે પગાર વધવો જોઇએ!'

રાજાને એના કામથી સંતોષ હતો; એટલે એણે પગાર વધારી આપ્યો.

એ પગારવધારો પણ એણે ચરૂમાં પધરાવવા માંડયો!

પણ ચરૂ? એ તો અધૂરો ને અધૂરો! એમાં ન કાંઇ વધે કે ઘટે! પેલા અધિકારી ભાઈ તો હવે ચિંતામાં પડી ગયા. એને એ ચરૂ પૂરો કરવો છે ને એ પૂરો થતો નથી. અને એટલે એમનાં બીજાં કેટલાંય કરવા ધારેલાં સારાં કામ પણ રખડયા કરે છે!

ઘડીભર તો એમ પણ થાય કે, એ ચરૂ પડે ખાડમાં. આપણે એ પૂરો કરવો નથી. પણ એ વિચાર આવે ન આવે ત્યાં એને થાય છે ના ના, થોડાક માટે એને અધૂરો રહેવા દેવો? પછી તો માણસના પરાક્રમની કિંમત શી? પણ એમ ને એમ દિવસો પસાર થતા રહ્યા એને છેવટે લાગ્યું કે એ યક્ષ પાસે જ જવા દે. એનો ખુલાસો મેળવવા દે.

એટલે એ પાછો યક્ષ પાસે ગયો. પણ આ વખતે એણે યક્ષને જ જોયો નહિ. ઘણો પ્રયત્ન કર્યો પણ યક્ષ ક્યાંય દેખાણો નહિ.

છેવટે થાકીને એણે મોટેથી બૂમાબૂમ કરી ત્યારે એના કાનમાં અદૃશ્ય અવાજ માત્ર આવ્યો: 'હે ભાઈ! તું મફતનો આહીં આવ્યો છે. તારો એ અધૂરો ચરૂ ભરાશે નહિ ત્યાં સુધી તું સુખી થવાનો નથી!' પણ તો એ શી રીતે ભરાય? હું તો એમાં કાંઈ ને કાંઇ નાખતો રહું પણ એ તો ઊલટાંનો વધારે ને વધારે ઊણો થતો જાય છે!'

'એને ભરવાનો ઉપાય તો તદ્દન સહેલો છે. કાંઈ નહિ નાખે તો એ ભરાઇ જશે!'

'આંય તામીજા!' રાજઅધિકારી ભાઇ તો આ સાંભળીને ચોંકી ઊઠયા.

એટલે એ તો ઘેર જઇને એ નિયમ પાળવા લાગ્યા. પણ ચરૂ તો ભારે ચમત્કારી નીકળ્યો. એ તો હતો તેવો ને તેવો રહ્યો! એટલે વળી એ થાકીને પેલા યક્ષ પાસે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગયો. પક્ષે કહ્યું : 'ભાઇ ! જો તું સમજ્યો હોત તો તો એ અધૂરો ચરૂ ક્યારનો ભરાઇ ગયો હોત. તારી પાંચે ઇન્દ્રિયોને તું છલકાવી દે તો પણ તને સુખનો અનુભવ નહિ થાય -જ્યાંસુધી આ તારો છઠ્ઠો ચરૂ-મન અધૂરૂં છે ત્યાં સુધી.

એટલે તું હવે ઘેર જા. અને આ છઠ્ઠા ચરૂને છલકાવવાનો પ્રયત્ન છોડી દે. તું તારા મનને કાંઇ ન આપીને પણ કેમ આપી શકે -એ વિષે વિચાર કરતો થા, એટલે છઠ્ઠો ચરૂ પણ છલકાઇ જશે !

અને એ બધા છલકાઈ જાય ત્યારે તું આવજે. સુખ તને તરત ત્યારે મળશે. તે પહેલાં નહિ !

જેણે જેણે છઠ્ઠો ચરૂ ભરવાનો યત્ન કર્યો છે એ બધા જ હેરાન થઇ ગયા છે.

એ ન ભરવાથી ભરાય છે. આ વાત છે, મનને આપવાથી નહિ, ન આપવાથી એ તૃપ્તિ પામે છે. એની આ ખૂબી છે... ....!

રાજઅધિકારી તો આ વાત સાંભળીને મનમાં ઘા ખાઇ ગયો. એ ઘેર તો ગયો પણ હવે મનને કાંઇ ન આપવું એ નવો પાઠ એને ભણવાનો હતો. —એ વિષે એ વિચારમાં પડી ગયો.

એના પોતાના પાડોશી શેઠ સાથેની સ્પર્ધા તો ઊડી ગઈ, પણ એને નવાઇ તો એ લાગી કે, અત્યાર સુધી એણે જે જે કર્યું હતું, એમાંનું કાંઇજ આ નવા પાઠને માટે ઉપયોગી ન હતું !

એણે એ મનને કાંઇ ન આપવાનો નવો પાઠ શીખવો રહ્યો.

'જનસંદેશ 'માંથી સભાર


# BHAVNAGAR GENERAL STORES

Dealers in :

Scientific Instruments, Sports Goods, Band and Gymnastic Goods, Drawing and Engineering Requirements, Radio, Montessorie Equipments, Presentation Articles, Etc. Etc.

Phone No 790

Jubillee Road,
RAJKOT

Mahatma Gandhi Road
BHAVNAGAR




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीविजयसेनसूरि-शिष्य-विनिर्मितं

# *॥ श्रीमहावीरस्वामिस्तवः ॥

संपादक—मुनि श्री रमणिकविजयजी महाराज—(वडोदरा)

॥ द्रुतविलंबित छंद ॥

मनसि मानव! मानवमन्दिरं, जिनवरं धर सिद्धिवधूवरम्।
जगति यो जनताम्बुजबोधने, दिनकरो न करोति रतिं भवे॥ १॥

भवमहोदधिकुम्भसमुद्भवं, शिववशा वृणुते स्म जिनाधिपम्।
अधरयन्तमशेषगुणाकरं, सकमलं कमलं वदनश्रिया॥ २॥

नमति वीरजिनं नरधोरणी, हरिविनिर्मितजन्ममहोत्सवम्।
पदयुगप्रणतं विदधाति नो, सकमलं कमलं स जनं जिन!॥ ३॥

सुरमणि-सुरधेनु-सुरद्रुमा, बभुरिवेप्सितवस्तुषु यत्नखाः।
भविमुदेऽस्तु तदीयवचश्चयः, सकमलः कमलोदरसहोदरः॥ ४॥

उदरगोऽपि विषादमुदौ क्रमा-दचलनाच्चलनात् त्रिशलां नयन्।
त्रिदशशैलमचालयदीश्वरः, सुचरणाऽऽचरणादरसुन्दरः॥ ५॥

कनकचम्पक-चारु-तनुद्युतिः, स भविनां विदधातु महोदयम्।
हरिमुदे स्पृशति स्म हृदिं दधत्, स्वचरणे चरणेन सुराचलम्॥ ६॥

शिरसि मुष्टिहृतस्त्रिदशोऽनमत्, पदयुगं प्रथमे वयसि प्रभोः।
भवभृतामतिशायि शिवोदयं, विदधतो दधतो हरिलाञ्छनम्॥ ७॥

हरिकटीभिभवं हरिलाञ्छनं, हृदि वहेम जिनं हरिणाऽऽनतम्।
क्रमकुशेशयषट्चरणायिताऽसुरवरं खरं जितपर्षदम्॥ ८॥

चरमतीर्थकृतस्त्रिदिवच्युति-प्रमुखमङ्गलवासरपञ्चकम्।
भवतु भक्तिमतां भविनां मुदे, विभयदं भवदन्तिमृगद्विषः॥ ९॥

इति जिनाधिपसंस्तवनं जनः, पठति यः प्रमदादुपनैणवम्।
विजयसेनविनेयविनिर्मितं, सुलभते लभते सुदशां श्रियम्॥१०॥

---

*आ स्तव पूज्य महाराजजी श्रीमुक्तिविजयजी (मूलचंदजी) महाराजना छाणिना भंडारनी प्रति परथी उतारेलुं छे.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વર્ગસ્થ મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી

ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીનો તા. ૨-૪-૬૫ના રોજ, હૃદયરોગની વ્યાધિને લીધે, સાવ અણધાર્યો સ્વર્ગવાસ થયો છે, અને ગુણિયલ, ન્યાયનીતિપરાયણ અને સાચાદિલ માનવીઓની અછતથી રંક બનતી જતી આપણી ધરતી વધુ રંક બની છે ! આંખોના આંસુ સુકાય નહીં, હૃદયની વેદના શમે નહીં અને ચિત્ત શોક અને રંજના ભારથી મુક્ત બને નહીં એવી દુઃખદ કરુણ અને કારમી આ ઘટના બની ગઈ !

મહારાજા કૃષ્ણકુમારસિંહજી હતા તો એક રાજવી; અઢળક સંપત્તિ અને અપાર વૈભવના એ સ્વામી હતા; પણ એમનું સમગ્ર જીવન જળકમળ જેવું અલિપ્ત અને જનકવિદેહીની પુરાણકથાને સાચી ઠરાવે એવું અનાસક્ત હતું. જાણે રાજવીપદનો મોહક અંચળો ધારણ કરીને કોઈ યોગસાધક આત્મા સાધનાની આકરી કસોટીએ ચઢયો હતો ! એ કસોટીએ કુંદન સાબિત થઈને એ આત્મા જીવન જીતી ગયો, મૃત્યુ તરી ગયો, અમર બની ગયો !

મહારાજાને મન જીવન એ ભગવાનની અમૂલખ અનામત હતું. પવિત્રતાની પુણ્યપાળથી એમણે એ અનામતનું જીવની જેમ જતન કરી જાણ્યું અને સેવા, સાદાઈ અને સદાચારની અમૂલ્ય સંપત્તિથી એ અનામતને સવાઈ કરીને, ભગવાનને સમપર્ણ કરીને જીવનને ધન્ય કરી જાણ્યું. શ્રી કૃષ્ણકુમારસિંહજીનું જીવન શીલ, સમર્પણ અને સરળતાની ભાવનાનું એક જીવંત કાવ્ય બની ગયું !

અઢાર વર્ષ પહેલાં ભારત સ્વતંત્ર તો થયું, પણ સેંકડો દેશી રાજ્યોમાં વિભક્ત થઈ ગયેલ દેશની અખંડિતતા સિદ્ધ કરવી તો હજી બાકી હતી, અને લોહીનું ટીપું વહાવ્યા વગર એ કામ પાર પાડવું લોઢાના ચણા ચાવવા કરતાં પણ ઘણું મુશ્કેલ હતું. પણ એ કાળે દેશની ખુશકિસ્મતી એ હતી કે આવા મુશ્કેલ કામને પણ આસાનીથી પાર પાડવાની કુનેહ, શક્તિ અને તમન્ના ધરાવતા સરદાર વલ્લભભાઈ પટેલ જેવા સમર્થ અને વિચક્ષણ સુકાની દેશની પાસે મોજૂદ હતા; તેમ જ દેશની અખંડિતતાની ઇમારતના પાયામાં પોતાનુ સર્વસ્વ હોંશભેર ન્યોછાવર કરવાની અદમ્ય ભાવનાવાળા મહારાજા કૃષ્ણકુમારસિંહજી જેવા ત્યાગશૂર રાજવી હતા. દેશની અખંડિતતાના ઇતિહાસમાં જેમ સરદારસાહેબનું નામ સુવર્ણ અક્ષરોથી અંકિત રહેશે તેમ મહારાજા કૃષ્ણકુમારસિંહજીની ત્યાગ અને સમર્પણની ભાવના પણ ચિરસ્મરણીય બની રહેશે. સાચે જ, મહારાજાના એ સમર્પણે દેશની અખંડિતતાની ઇમારતના પાયામાં પહેલી સુવર્ણ ઇંટ મુકવાનું પુરયકાર્ય કરી બતાવીને ભારતીય સંસ્કૃતિને ગૌરવશાળી બનાવી હતી. ત્યારે એમની ઉંમર માત્ર ૩૫ વર્ષની ભરયુવાન હતી; વૈભવ અને સંપત્તિનો સંગ્રહ કરવાની અને ભોગવિલાસમાં મગ્ન રહેવાની અદમ્ય ઊર્મિથી ભરેલી એ ઉંમર ! એ ઉંમરે આ રાજવીને પોતાનું આખું રાજ્ય મહાત્મા ગાંધીજીને ચરણે મૂકી દેવાના અદમ્ય મનોરથ જાગે, અને ગાંધીજીનું આપેલું જ એ પરાણે પોતાની પાસે રાખે, એ ઘટના જ એમ સૂચવે છે કે આ રાજવી એક સાચા રાજયોગી હતા; ત્યાગ અને સમર્પણમાં જ એમને નિજાનંદનો આનંદ સાંપડતો ! રાજવી પદ એમને મન ભોગ-વિલાસનું નહીં પણ લોકકલ્યાણનું જ સાધન હતું.

મહારાજાના જીવનનું આછું દર્શન કરતા પણ એમ લાગે છે કે એ એક આદર્શ રાજવી હતા. પ્રજાના દુઃખને એ પોતાનું માનતાં; એ દુઃખ દૂર કરવા માટે રાત-દિવસ ચિંતા સેવતા અને પ્રયત્ન કરતા; અને એના સુખમાં જ સુખ અનુભવતા. સમગ્ર પ્રજાના જીવન સાથે પોતાના જીવનની આવી એકરૂપતા સાધીને જીવન જીવી જાણનાર રાજવી બહુ વિરલ હોય છે.

નિરભિમાનતા, સુજનતા અને સહૃદયતાથી એમનું જીવન સુરભિત હતું. કર્તવ્યપરાયણતા એમના રોમરોમમાં ભરી હતી. તેઓ જ્યાં જતા ત્યાં એમના આવા ઉજ્જવળ જીવન અને ગુણભંડારથી સભર વ્યક્તિત્વની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુભગ છાપ અંકિત થઇ જતી. મદ્રાસ જેવાં દૂરના રાજ્યના ગવર્નર તરીકે એમણે બજાવેલી સેવાઓ ત્યાંની પ્રજા આજે પણ આદર અને બહુમાન પૂર્વક સંભારે છે.

એમ કહેવું જોઇએ કે દેશસેવક અને લોકસેવક બનીને તેઓ સદાને માટે પોતાની પ્રજાના અંતરમાં વસી ગયા હતા. રાજવીપદનો તો એમણે કયારનો ત્યાગ કરી દીધો હતો, છતાં એમની પ્રજાને મન તો તેઓ એમના રાજા જ હતા! એમના અવસાન પ્રસંગે ભાવનગર રાજ્યની પ્રજાએ અને બીજાઓએ જે આંચકો અનુભવ્યો, જે શોક દર્શાવ્યો અને જે અંતિમ આદર-માન આપ્યું, એ દૃશ્ય અંતરને ગદ્‌ગદ્ બનાવી દે એવું અને મહારાજાના જીવનમાં સહજપણે સધાયેલ માનવતા, કરુણા અને વાત્સલ્યના ત્રિવેણીસંગમને ભાવભીની અંજલિરૂપ હતું.

આવા એક પુરુષોત્તમ રાજપુરુષનું બાવન વર્ષની અપક્વ વયે સ્વર્ગગમન થવું, એ દેશને માટે મોટી ખોટ રૂપ ઘટના છે. ત્યાગ, સમર્પણ અને સદાચારની ભાવનાથી મહારાજા પોતાના જીવનને કૃતાર્થ અને યશસ્વી બનાવી ગયા! પ્રભુના પ્યારા જાણે પ્રભુના તેજમાં સમાઇ ગયા!

મહારાજાના પવિત્ર અને નિર્મળ આત્માને આપણા અંતરના પ્રણામ હો! એમના રાજકુટુંબને અને પ્રજાજનોના વિશાળ કુટુંબને આ અત્યંત કારમો આઘાત સહન કરવાનું બળ પ્રાપ્ત થાઓ એવી આપણી પ્રાર્થના હો! મહારાજા કૃષ્ણકુમારસિંહજી અમર હો!

## ભાવનગર જૈન શ્વે૰ મૂ૰ પૂ૰ તપા સંઘનો થયેલો શોકઠરાવ

ભાવનગરના પ્રજાવત્સલ અને લોકપ્રિય મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીના તા. ૨-૪-૧૯૬૫ના રોજ એકાએક થયેલ અત્યંત શોકજનક અવસાન પ્રત્યે ભાવનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘની આ સભા ઉંડો શોક અને દિલગીરીની લાગણી અનુભવે છે.

પ્રજાના બધા ધર્મો અને બધા વર્ગો પ્રત્યે સ્વર્ગસ્થ મહારાજાશ્રીએ જે મમતા આદર અને આત્મીયતાની લાગણી પોતાના જીવનમાં કેળવી હતી તેના લીધે તેઓ સમસ્ત પ્રજાનાં અત્યંત આદર બહુમાનને પાત્ર બન્યા હતા. તેમનું જીવન એક આદર્શ અને સંયમશીલ રાજવીનો આદર્શ પૂરો પાડે તેવું હતું.

જૈન સંઘ અને સમાજનાં નાના મોટાં દરેક કાર્યમાં તેઓ હંમેશાં ઊંડો રસ દાખવતા હતા અને તેના અભ્યુદયમાં માર્ગદર્શન કરીને આનંદ અનુભવતા હતા. તેના લીધે જૈન સંઘ હંમેશાં તેમના પ્રત્યે એક શાણા આત્મીયજન તરીકેની લાગણી અનુભવતો રહ્યો છે. સ્વર્ગસ્થ મહારાજાશ્રીની આ લાગણી પ્રત્યે તા. ૬-૪-૬૫ના રોજ ભરાયેલ આ સભા આ પ્રસંગે ઉંડા આભારની લાગણી વ્યક્ત કરે છે.


સ્વ૰ મહારાજાશ્રીનું અવસાન થતાં એક સચ્ચારિત્રશીલ અને ભાવનાશીલ અગ્રગણ્યની ખોટ પડી છે, જે સહેજે પૂરાય તેવી નથી. તેમની સાદાઇ અને સેવાવૃત્તિ સૌ કોઇને માટે દાખલારૂપ બની રહે તેવી હતી.

આ સંઘની જેમ બીજી અનેક સંસ્થાઓ અને બીજા અનેક સમાજોને પણ તેમના અવસાનની ખોટનો અનુભવ થાય તેવું વ્યાપક અને સર્વજન હિતસ્વી તેમનું જીવન હતું.

આવા એક ગુણિયલ મહારાજાના અવસાન પ્રત્યે આજની આ સભા પોતાના હાર્દિક ઉંડા શોકની લાગણી વ્યક્ત કરે છે અને રાજકુટુંબ તથા પ્રજાજનો પર જે સંકટ આવી પડ્યું છે તેને સહન કરવાની શક્તિ શાસનદેવ આપે એવી પ્રાર્થના સાથે સ્વર્ગસ્થના આત્માને ચિરશાંતિ પ્રાર્થે છે.

For Private And Personal Use Only

**શ્રી તાલધ્વજ ગિરિ** 



**યાત્રાએ પધારો**

તાલધ્વજી સરિતાને કીનારે શ્રી બાબુની જૈન ધર્મશાળા ઇલેકટ્રીક લાઇટ, પાણીના નળ જમવા માટે જૈન ભોજનશાળા 'નૂતન ભોજન ગૃહ' આધુનિક સગવડતા યુકત સ્ટેનલેસનાં વાસણો, ઇલેકટ્રીક પંખા, સ્વચ્છતા યુકત સુંદર વાતાવરણ, તાજેતરમાં જેનું ઉદ્ઘાટન થવાનું છે તે આર. સી. સી. પ્લાનથી લગભગ એક લાખના ખર્ચે બંધાઇ રહેલ નૂતન આયંબીલ ભુવન-સાધના મંદીર (ઉપાશ્રય) જ્ઞાનમંદીર જયાં યાત્રિકોને દરેક પ્રસંગની સુંદર સગવડતા વધી રહી છે. આવા સિદ્ધાચલની અષ્ટમી ટુંકની યાત્રા કરવા

પધારવા આવભર્યું નિમંત્રણ છે.

卐 અમદાવાદ, પાલીતાણા ને ભાવનગરથી એસ. ટી બસ સર્વીસ ચાલુ છે.

જયાં આપની સુકમાઇની લક્ષ્મીની સાર્થકતા થાય છે. જયાં આપની મુકેલી એક એક ઇંટ દ્વારા તીર્થની જરૂરીયાતની ઇમારતો બંધાઇ રહી છે, અને દાતાઓની અમર નામના આરસની તખ્તિમાં માત્ર રૂા ૨૫૧)માં થઇ રહી છે.

## આપની ઇંટ મુકાવા નીચેની યોજનાઓ ચાલુ છે

૧ ગામમાં શાંતિનાથ દેરાસરની બાજુમાં શ્રી જૈન શ્રાવિકા ઉપાશ્રય બાંધવાની યોજના કરી છે. ફકત ૧૦૦ નામ લખવાનાં છે. તેમાં ૩૦ નામ રૂા. ૨૫૧)માં લખાયા છે.

૨ શ્રી ગિરિરાજ ઉપર સેવા પૂજાનાં કપડાં તથા કેશર સુખડનો હોલ બાંધવાની યોજના શરૂ છે. તેમાં રૂા. ૨૫૧માં આરસની સળંગ તખ્તિમાં નામ લખાશે. ૧૦૦ નામ લખવાનાં છે. તેમાં ૮ નામ લખાયા છે.

૩ શ્રી જૈન પાઠશાળા બાળકો તથા બાળાઓ જયાં લગભગ ૧૫૦ ધાર્મિક શિક્ષણ લે છે, તેમાં રૂા ૧૦૧ આપવાથી કાયમી તિથિ લખાય છે અને બોર્ડ ઉપર નામ રહે છે.

તીર્થનાં વિકાસમાં આપની ઇંટ મુકાવી તુરત દાનને મહા પુન્ય પ્રાપ્ત કરો.

## શ્રી તાલધ્વજ જૈન શ્વે. તીર્થ કમિટી

[ ટે. નં. ૩૦ ] ઠે. બાબુની જૈન ધર્મશાળા, નદી કીનારે, તળાજા (સૌરાષ્ટ્ર)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

PLEASE CONTACT:- T. C. BROTHERS FOR "**CALTEX**" PRODUCTS.

"કલ્ટેકસ"નો કોઇ પણ પ્રોડકટસ કીફાયત ભાવે મળશે.

પાવરકુલ તથા ઇકોનોમિકલ પેટ્રોલ, પ્યોર રીફાઇન્ડ "થાવી" છાપ કેરોસીન, લાઇટ ડીઝલ ઓઇલ, હાઇસ્પીડ ડીઝલ ઓઇલ, લુબ્રીકેટીંગ ઓઇલ્સ, ગ્રીસ, હાઇગ્રેડ R. P. M. મોટર ઓઇલ્સ વગેરે.

卐

શાખા :- મહુવા : DISTRIBUTORS :

# ટી. સી. બ્રધર્સ

ફોન નં. ૩૩૮ ટેલીગ્રામ : "TICIBROS"

લોખંડ, પાઇપ્સ, હાર્ડવેર તથા રંગના વેપારી

તથા

બ્લન્ડેલ સ્પેન્સ એન્ડ કું. લી. તથા એલીફન્ટ ઓઇલ મીલ્સ લીમીટેડના સોરાષ્ટ્રના સોલ એજન્ટસ

ઠે. હાણાપીઠ : ભાવનગર

BIGGEST FACTORY & WIDE SALES

**ELEPHANT OIL MILLS ( PRIVATE ) LTD**

*BOMBAY*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | જિનવાણી | | ૭૧ |
| ૨ | બુધ્ધવાણી | | ૭૨ |
| ૩ | મહાવી-રસમતાના પ્રતીક | શ્રી રિષભદાસ રાંકા | ૭૩ |
| ૪ | ક્ષમામૂર્તિ પ્રભુ મહાવીર | શ્રી ભાનુમતીબેન દલાલ | ૭૬ |
| ૫ | પંચામૃત | શ્રી ભાનુમતીબેન દલાલ | ૭૮ |
| ૬ | નિઃશલ્યોવતી | શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા | ૭૯ |
| ૭ | ભગવાન મહાવીર | શ્રી ફતેહચંદ ઝવેરભાઇ | ૮૩ |
| ૮ | ભગવાન મહાવીરના જન્મસમયની પરિસ્થિતિ | શ્રી રંજનસૂરિદેવ | ૮૭ |
| ૯ | ઉર વીણા | મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ | ૯૧ |
| ૧૦ | પરમ કલ્યાણકારી મંગલમૂર્તિ પરમાત્મા શ્રી મહાવીર દેવ | મુનિશ્રી ન્યાયવિજયજી [ત્રિપુટી] | ૯૨ |
| ૧૧ | સ્વભાવનો પ્રતાપ | | ૯૪ |
| ૧૨ | ભગવાન મહાવીર | શ્રી ઝવેરભાઇ બી. શેઠ | ૯૫ |
| ૧૩ | ભગવાનની પ્રાર્થના | શ્રી રતિલાલ મફાભાઇ | ૯૭ |
| ૧૪ | મોક્ષનું સ્વરૂપ | શ્રી આચાર્ય જિતેન્દ્ર જેટલી | ૯૯ |
| ૧૫ | મથુરા જૈન કલા | અનુ. કુ. નલિનીબેન ત્રવેદી | ૧૦૩ |
| ૧૬ | જયંતિ અને જાગૃતિ | ડો. ભાઈલાલ એમ. બાવીશી | ૧૦૭ |
| ૧૭ | આત્મ ચિંતન | શ્રી અમરચંદ માવજી શાહ | ૧૦૯ |
| ૧૮ | હિન્દી સાહિત્યના અધ્યયનમાં જૈન સાહિત્યનું મહત્ત્વ | આચાર્ય શ્રી જયેન્દ્ર ત્રિવેદી | ૧૧૧ |
| ૧૯ | સમયમાત્રનો પ્રમાદ ન કર | શ્રી રંભાબેન ગાંધી | ૧૧૩ |
| ૨૦ | નવો પાઠ | શ્રી ધૂમકેતુ | ૧૧૮ |
| ૨૧ | શ્રી મહાવીરસ્વામી સ્તવઃ | શ્રી રમણીકવિજયજી મ. | |


**આ સભાના નવા લાઇફ મેમ્બર : શેઠ નાગરદાસ કુંવરજી-બેંગલોર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# ધી માસ્ટર સીલ્ક મીલ્સ
# પ્રાઇવેટ લી. ભાવનગર

: પોસ્ટ બોકસ નં. ૩ :

અમારી મીલનું આર્ટ સીલ્ક કાપડ બજારોમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે.

- સાટીન,
- ગોલ્ડ સીલ્વર,
- જેકાર્ડ, એસીટેડ ફ્લાવર,
- પ્યાસ,
- બ્રોકેડઝ,
- પરમેટો,
- નાઈલોન,
- બુશ શર્ટીંગ વગેરે છે.

માસ્ટર ફેબ્રીકસ સારું છે, માટે જ તે વાપરવાનો હંમેશા આગ્રહ રાખો.

મેનેજીંગ ડીરેકટરઃ

**રમણીકલાલ ભોગીલાલ શાહ**

ફોન નં.: ૨૪૩ તાર: માસ્ટરમીલ


પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભા વતી.
મુદ્રક : અનંતરાય હરિલાલ શેઠ, આનંદ પ્રીન્ટીંગ પ્રેસ – ભાવનગર.

For Private And Personal Use Only